અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : 06 જુલાઈ 2026 સોમવાર
વિક્રમ સંવત 2082, જેઠ વદ - 6

વર્ષ : 18
અંક : 07

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

અમેરિકાની આઝાદીના 250 વર્ષની ઉજવણી કરી: ટ્રમ્પે કહ્યું- અમેરિકાને સામ્યવાદ નથી જોઈતો, અમે.....

4

બાંગ્લાદેશ, પાક. અને મ્યાંમાર થકી ચીને ભારત પર ભીંસ વધારી

6

શાહરુખે લોસ એન્જેલસમાં 'નાઈટ રાઈડર્સ ક્રિકેટ ગ્રાઉન્ડ'નું ઉદ્ઘાટન કર્યું

7

નવા સપ્તાહમાં સેન્સેક્સ 78555 ઉપર બંધ થતાં 79333 જોવાશે

### ભાજપ શાસનમાં 12 વર્ષમાં પેપર લીકની 90મી ઘટના

# કોંગ્રેસના કેન્દ્ર પર પ્રહાર, રાહુલ ગાંધીની આગેવાનીમાં થશે આંદોલન

## પેપર લીક મામલે 25 જૂનથી 9 ઓગસ્ટ સુધી 28 રાજ્યોમાં પ્રદર્શનો યોજાઈ રહ્યા છે, 9 ઓગસ્ટે દિલ્હીમાં છાત્રો કી ગુંજ કાર્યક્રમ

**નવી દિલ્હી, તા.05**

NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકના મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર સામે મોરચો ખોલીને દેશવ્યાપી અભિયાન તેજ કર્યું છે. આ અંતર્ગત 25 જૂનથી 9 ઓગસ્ટ સુધી દેશના 28 રાજ્યો અને 28 શહેરોમાં વિરોધ પ્રદર્શન યોજાઈ રહ્યા છે. આ જ કડીમાં 9 ઓગસ્ટે દિલ્હીમાં લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી (Rahul Gandhi)ની હાજરીમાં 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમ યોજાશે, જેની રણનીતિ ઘડવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની બેઠક મળી હતી.



આ બેઠકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ સાથે મળીને દિલ્હીમાં યોજાનારા મુખ્ય કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરી હતી. મુખ્ય કાર્યક્રમ પહેલા 2 જુલાઈથી 6 જુલાઈ સુધી વિધાનસભા સ્તરે પણ વિવિધ વિરોધ પ્રદર્શનો યોજાશે, જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને યુવાનોને આ ન્યાયની લડાઈમાં જોડી શકાય. કોંગ્રેસ આ મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવીને વિદ્યાર્થીઓનો અવાજ બુલંદ કરવા માંગે છે.

બેઠક દરમિયાન AICC દિલ્હી પ્રભારી કાઝી નિઝામુદ્દીને કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગંભીર આક્ષેપ કરતા દાવો કર્યો હતો કે, 'છેલ્લા 12 વર્ષોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકની આ 90મી ઘટના છે.' સતત થઈ રહેલા પેપર લીકના કારણે દેશના લાખો વિદ્યાર્થીઓનો પરીક્ષા પદ્ધતિ પરથી ભરોસો ઊઠી ગયો છે અને યુવાનોનું ભવિષ્ય ભારે સંકટમાં મુકાયું છે.

કોંગ્રેસના નેતાઓએ શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલી ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી ન થવા બદલ નારાજગી વ્યક્ત કરી છે. દિલ્હી સહ-પ્રભારી દાનિશ અબરારે સીધું નિશાન સાધતા કહ્યું કે, પરીક્ષા પ્રણાલીમાં આટલી મોટી ગડબડો થઈ હોવા છતાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને (Dharmendra Pradhan) હજુ સુધી રાજીનામું આપ્યું નથી.

કોંગ્રેસે માંગ કરી છે કે પેપર લીક મામલાની નિષ્પક્ષ તપાસ થાય અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ની કામગીરીમાં સંપૂર્ણ પારદર્શિતા લાવવામાં આવે. કોંગ્રેસના મતે, 'છાત્રો કી ગુંજ' અભિયાન માત્ર કોઈ રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ દેશના યુવાનોના ભવિષ્ય અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટેનો મોટો પ્રયાસ છે, જેનો મુખ્ય પડાવ 9 ઓગસ્ટે દિલ્હીમાં જોવા મળશે.

# મમતા બોલ્યા- મને રોકવી હોય તો મારવી પડશે: ગદ્દારીની પણ એક હદ હોય છે, બળવાખોર નેતાઓને પડકાર- હિંમત હોય તો ભાજપમાં જોડાઈ જાઓ

**કોલકાતા, તા.05**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર પછી તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં ચાલી રહેલી બળવાખોરી વચ્ચે મમતા બેનર્જીએ કહ્યું કે પાર્ટીનું ચૂંટણી ચિહ્ન ક્યાંય નહીં જાય. જો મને રોકવી હોય તો મને મારવી પડશે. મમતાએ બળવાખોર નેતાઓને પડકાર ફેંકતા કહ્યું, જો હિંમત હોય તો ખુલ્લેઆમ BJPમાં જોડાઈ જાઓ. શું તમને લાગે છે કે હું ખતમ થઈ ગઈ છું? હું જનતા વચ્ચે પાર્ટીનું ચૂંટણી ચિહ્ન લઈને જઈશ, મારો અવાજ કોઈ દબાવી શકશે નહીં.'

તેમણે આરોપ લગાવ્યો કે બળવાખોર નેતાઓ હવે ખુલ્લેઆમ BJP માટે કામ કરી રહ્યા છે. મમતાએ કહ્યું, ગદ્દારીની પણ એક હદ હોય છે. મમતાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે પાર્ટીના 20 સાંસદો અને 58 ધારાસભ્યો અલગ જૂથ બનાવી ચૂક્યા છે.

શનિવારે TMCના પશ્ચિમ બંગાળ અધ્યક્ષ ચંદ્રિમા ભટ્ટાચાર્યએ પણ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. પછીથી તેઓ બળવાખોર જૂથના નેતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા ઋતબ્રત બેનર્જી સાથે જોવા મળ્યા.

3 જૂને TMCના 80માંથી 58 ધારાસભ્યો મમતા બેનર્જીના નેતૃત્વથી અલગ થઈ ગયા હતા. તેમણે અલગ જૂથ બનાવ્યું, પાર્ટી સિમ્બોલ અને નામ પર દાવો કર્યો.



આ ઉપરાંત 15 જૂને TMCના 20 સાંસદોએ પણ પાર્ટી છોડીને ત્રિપુરાની નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી (NCPI)માં વિલિનીકરણ કરી લીધું હતું. જે નેતાઓએ તેમના પક્ષના પ્રતીક પર ચૂંટણી જીતી, તેઓ જ હવે કહી રહ્યા છે કે 2023 પછી પક્ષનું અસ્તિત્વ રહ્યું નથી. પક્ષે જ તેમને રાજકીય ઓળખ આપી, પરંતુ હવે તેઓ તે જ પક્ષ સાથે વિશ્વાસઘાત કરી રહ્યા છે અને ખુલ્લેઆમ ભાજપ માટે કામ કરી રહ્યા છે. જો હિંમત હોય તો ખુલ્લેઆમ ભાજપમાં જોડાઈ જાઓ.

કેટલાક લોકોએ કેન્દ્રીય દળોની મદદથી તૃણમૂલ ભવન પર કબજો કરી લીધો. ભવનનું ભાડું ઓક્ટોબર 2027 સુધી જમા છે અને પક્ષ દર મહિને એક લાખ રૂપિયા ભાડું ચૂકવે છે. આ કોઈ વ્યક્તિની સંપત્તિ નથી, પરંતુ 'મા, માટી, માનુષ'ની સંપત્તિ છે. ઈમારત પર કબજો કરી શકાય છે, પરંતુ લોકોના દિલ પર નહીં.

ભાજપે મત, મતદાર યાદી અને મતગણતરી પ્રક્રિયાને અસર પહોંચાડીને સત્તા મેળવી છે. કેન્દ્રીય દળોની મદદથી મતગણતરી કેન્દ્રો પર કબજો કરવામાં આવ્યો અને સમગ્ર પ્રક્રિયાને હાઈજેક કરવામાં આવી. આમ છતાં અમે નવી સરકારને સ્વીકારી છે.

3 જૂને ટીએમસીમાં પહેલીવાર બળવાની ખબર સામે આવી હતી. ટીએમસીના 80માંથી 58 બળવાખોર ધારાસભ્યોએ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનર્જીને પોતાના નેતા તરીકે પસંદ કર્યા હતા. વિધાનસભા સ્પીકર રથીન્દ્ર બોઝને સમર્થન પત્ર આપ્યો હતો.

તેમાં માંગ કરવામાં આવી હતી કે ઋતબ્રતને વિરોધ પક્ષના નેતા જાહેર કરવામાં આવે. સ્પીકરે મંજૂરી આપી દીધી હતી. 22 જૂને યોજાયેલી પ્રતિનિધિ બેઠકમાં નવા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને 30 સભ્યોની રાષ્ટ્રીય કાર્યકારિણીની રચના કરવામાં આવી હતી.

ટીએમસી પાસે કુલ 28 લોકસભા સાંસદો હતા, જેમાંથી 20 અલગ થઈ ગયા છે. હવે લોકસભામાં મમતા પાસે માત્ર 8 સાંસદો બાકી રહ્યા છે. રાજ્યસભાની વાત કરીએ તો 13 માંથી 4 સાંસદોએ રાજીનામું આપી દીધું છે એટલે કે માત્ર 9 રાજ્યસભા સાંસદો બાકી રહ્યા છે.

વિધાનસભાની વાત કરીએ તો ટીએમસીએ આ વખતના ચૂંટણીમાં 80 બેઠકો જીતી હતી. તેમાંથી 58 ધારાસભ્યો અલગ જૂથ બનાવી ચૂક્યા છે. મમતા પાસે માત્ર 22 ધારાસભ્યો બાકી રહ્યા છે.

# અમરનાથ યાત્રા ત્રીજો દિવસ, 9 જુલાઈ સુધી રજીસ્ટ્રેશન સ્લોટ ફૂલ: પ્રશાસને કહ્યું- રજીસ્ટ્રેશન નહીં તો યાત્રા મુલતવી રાખો


**બાલતાલ, તા.05**

જમ્મુ-કાશ્મીર પ્રશાસને રજીસ્ટ્રેશન કરાવ્યા વિના અમરનાથ પહોંચી રહેલા યાત્રાળુઓને જણાવ્યું છે કે તેઓ પોતાની યાત્રા થોડા દિવસ માટે મુલતવી રાખે. પ્રશાસન અનુસાર, 9 જુલાઈ સુધીના તમામ રજીસ્ટ્રેશન સ્લોટ સંપૂર્ણપણે ફુલ થઈ ગયા છે.

આવી સ્થિતિમાં, જો કોઈ યાત્રી રજીસ્ટ્રેશન વિના બાલતાલ અથવા પહેલગામ રૂટ પરથી આગળ વધવાનો પ્રયાસ કરશે તો તેને ચેકપોઈન્ટ્સ પર રોકી દેવામાં આવશે. તેને 9 જુલાઈ પછી જ આગળ જવા દેવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું કે રવિવારથી ફક્ત રજીસ્ટર્ડ યાત્રાળુઓને જ કાશ્મીર તરફ જવાની મંજુરી આપવામાં આવશે. રજીસ્ટ્રેશન વિનાના યાત્રાળુઓને ચેકપોસ્ટ પર રોકી દેવામાં આવશે.

જમ્મુ ડિવિઝનલ કમિશનર રમેશ કુમારે જણાવ્યું કે 3 દિવસમાં 13 હજારથી વધુ રજીસ્ટર્ડ યાત્રાળુઓ બાલતાલ-પહેલગામ રૂટ પરથી બાબા બર્ફાનીના દર્શન



માટે બેઝ કેમ્પથી રવાના કરવામાં આવ્યા છે. 3 જુલાઈથી શરૂ થયેલી યાત્રા 28 ઓગસ્ટે પુરી થશે. 57 દિવસ દરમિયાન 14 કિમી લાંબા બાલતાલ રૂટ અને 48 કિમી લાંબા પહેલગામ રૂટ પરથી યાત્રાળુઓ ગુફા માટે જશે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ 2 જુલાઈએ 4,822 યાત્રીઓનો પહેલી ટુકડી રવાના કરી હતી. બીજા જથ્થામાં 3,865 યાત્રીઓ સામેલ હતા, જ્યારે શનિવારે બેઝ કેમ્પથી રવાના કરાયેલા ત્રીજી ટુકડીમાં 4,812 યાત્રીઓ રવાના થયા.

કુમારે કહ્યું કે પ્રશાસને પહેલાથી રજિસ્ટર્ડ યાત્રીઓ માટે RFID વિતરણ કેન્દ્રો બનાવ્યા છે. તે સ્થળ પર (તાત્કાલિક) રજિસ્ટ્રેશનની સુવિધા પણ આપી રહ્યું છે. પહેલાથી રજિસ્ટર્ડ યાત્રીઓની રવાનગી પહેલા કરાવવામાં આવે છે. જો દૈનિક કોટા બચે છે, તો તે તાત્કાલિક રજિસ્ટ્રેશન માટે આપવામાં આવે છે.

જોકે, ગુફા મંદિરના રસ્તામાં નાજુક ભૌગોલિક સ્થિતિ, ગ્લેશિયરવાળા વિસ્તાર અને હવામાનને કારણે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર દરરોજ જનારા યાત્રીઓની સંખ્યા નક્કી કરવામાં આવે છે. ભારે ભીડને સંભાળવા માટે, પ્રશાસને રજિસ્ટ્રેશનની રાહ જોઈ રહેલા લોકોને લગભગ 12,000 ટોકન વહેંચ્યા છે. ટોકન સિસ્ટમથી યાત્રાળુઓ તેમની નિર્ધારિત રજિસ્ટ્રેશન તારીખે પાછા આવી શકે છે. અમરનાથમાં બનતા પવિત્ર શિવલિંગનું કદ 4 ફૂટનું રહી ગયું છે. 23 મેના રોજ BSFના જવાનોએ જે તસવીર જાહેર કરી હતી, તેમાં શિવલિંગનું કદ લગભગ 7 ફૂટ હતું. 29 જૂનના રોજ પ્રથમ પૂજાના દિવસે પણ હિમલિંગની ઊંચાઈ 5 ફૂટથી વધુ હતી. 3 જુલાઈના રોજ સામે આવેલી તસવીરમાં હિમલિંગ લગભગ 4 ફૂટનું દેખાઈ રહ્યું છે.

# પાકિસ્તાની ફોર્સનું PoKમાં અંધાધૂંધ ફાયરિંગ: લોકો જીવ બચાવવા ભાગ્યા, અનેક ગંભીર રીતે ઘાયલ, પાક સરકાર વિરુદ્ધ 40,000 પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા

**ઈસ્લામાબાદ, તા.05**

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં રવિવારે જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) ની શાંતિપૂર્ણ પ્રદર્શન રેલી પર પાકિસ્તાની દળોએ ગોળીબાર કર્યો. ANI ના અહેવાલ મુજબ, JAAC એ દાવો કર્યો કે અબ્બાસપુરના સરદાર ગુલામ હુસૈન ખાન સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં લગભગ 40,000 લોકો એકઠા થયા હતા. સંગઠનનો આરોપ છે કે ડુડિયાલના AMB વિસ્તારમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો પર પાકિસ્તાની સુરક્ષા દળોએ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો, જેમાં ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા. જોકે, ઘાયલોની સત્તાવાર સંખ્યા કે પાકિસ્તાન પ્રશાસન તરફથી આ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

JAAC નું કહેવું છે કે આ પ્રદર્શન ઈસ્લામાબાદ સરકાર વિરુદ્ધ છે. સાથે જ, આ આંદોલન JAAC ના નેતાઓ અને કાર્યકરોની ધરપકડ, વહીવટી નિષ્ફળતાઓ અને મૂળભૂત અધિકારોની માંગને લઈને ચાલી રહ્યું છે. સંગઠને ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોની તાત્કાલિક મુક્તિની માગ કરી છે. રિપોર્ટ અનુસાર, ડેરા ઈસ્માઈલ ખાનમાં ચાલી રહેલા ધરણા સ્થળ પર પણ ઘણા અલગ-અલગ વિસ્તારોમાંથી લોકોના કાફલા સતત પહોંચતા રહ્યા. પ્રદર્શનમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની પણ મોટી ભાગીદારી નોંધાઈ. JAAC એ જણાવ્યું કે રાવલાકોટ અને ચકની મહિલાઓ પણ રસ્તાઓ પર ઉતરીને આંદોલનનું નેતૃત્વ કરી રહી છે. સંગઠનનો દાવો છે કે પ્રદર્શનકારીઓ પ્રશાસનના દબાણ છતાં પાછા હટ્યા નથી. JAAC ની અપીલ પર ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં રહેતા કાશ્મીરી સમુદાયે પણ પ્રદર્શન કર્યું. પ્રદર્શનકારીઓએ JAAC ના કોર કમિટી સભ્ય શૌકત નવાઝ મીરની ધરપકડનો વિરોધ કર્યો અને તેમની



મુક્તિની માગ કરી.

JAAC નું કહેવું છે કે શૌકત નવાઝ મીરની ધરપકડ પછી સમગ્ર PoJK માં તણાવ વધી ગયો છે. સંગઠને સોશિયલ મીડિયા પર 'રીલિઝ શૌકત મીર' અભિયાન ચલાવ્યું, જેના હેઠળ લોકોને આંદોલનમાં જોડાવા અપીલ કરી. પ્રદર્શન દરમિયાન 'લોંગ લીવ કાશ્મીર' અને 'લોંગ લીવ ધ પીપલ' જેવા નારા લગાવવામાં આવ્યા. JAAC એ સોશિયલ મીડિયા પર PoK ના 10 જિલ્લાઓની અંદાજિત વસ્તીના આંકડા શેર કર્યા. સંગઠન મુજબ, જો દરેક જિલ્લામાંથી 50 હજાર લોકો પ્રદર્શનમાં સામેલ થાય તો કુલ સંખ્યા પાંચ લાખ સુધી પહોંચી શકે છે. સંગઠને લોકોને સફેદ ધ્વજ સાથે શાંતિપૂર્ણ પ્રદર્શન કરવા અને અનુશાસન જાળવી રાખવા અપીલ કરી. તેનું કહેવું છે કે ઉદ્દેશ્ય દુનિયાને એ સંદેશ આપવાનો છે કે પ્રદર્શન ફક્ત મૂળભૂત અધિકારોની માગ માટે છે. 8 જૂને PoKમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી હિંસક અથડામણમાં 30 લોકોના મોત થયા હતા, જ્યારે 200થી વધુ લોકો ઘાયલ થયા હતા. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, આ હિંસા જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) અને પ્રાદેશિક સરકાર વચ્ચે ચાલી રહેલા વિવાદ દરમિયાન થઈ હતી.

રિપોર્ટ અનુસાર મૃતકોમાં 4 પોલીસકર્મી સામેલ છે. જ્યારે 23 સુરક્ષાકર્મી અને લગભગ 50 પ્રદર્શનકારી ઘાયલ થયા છે. પોલીસે અત્યાર સુધીમાં 30 લોકોની ધરપકડ કરી છે. PoKમાં JAAC અને સરકાર વચ્ચે વિધાનસભાની 12 આરક્ષિત બેઠકોને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ બેઠકો તે શરણાર્થીઓ માટે આરક્ષિત છે જેઓ જમ્મુ-કાશ્મીરથી પાકિસ્તાનના અન્ય ભાગોમાં જઈને વસ્યા હતા. JAAC આ બેઠકો સમાપ્ત કરવાની માગને લઈને આંદોલન કરી રહ્યું છે.

PoK માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો પર ભારતે પાકિસ્તાન પર ફેક ન્યૂઝ અને ફેક વીડિયો ફેલાવવાનો આરોપ લગાવ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે આ મામલે પાકિસ્તાન તરફથી સતત ખોટા સમાચાર અને વીડિયો ફેલાવવાની પેટર્ન જોવા મળી રહી છે. તેમણે કહ્યું કે આ પોતાની નિષ્ફળતાઓને છુપાવવા અને માનવાધિકાર ઉલ્લંઘન પરથી ધ્યાન હટાવવાનો નિરાશાજનક પ્રયાસ છે. રણધીર જયસ્વાલે કહ્યું કે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં પોલીસની ક્રૂરતાના અહેવાલો સામે આવી રહ્યા છે, જેમાં ઘણા લોકોના મોત થયા છે અને ઘણા ઘાયલ થયા છે.



# શહેરમાં ધોધમાર વરસાદની સંભાવના: AMCએ અમલમાં મૂકેલી ફોરકાસ્ટિંગ સિસ્ટમના આધારે અનુમાન લગાવ્યો

**અમદાવાદ, તા.05**

ચોમાસાની સિઝનમાં શહેરમાં વરસાદી પરિસ્થિતિઓનો સમયસર અંદાજ મેળવી શકાય તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અદ્યતન રેઈન ફોલ વેધર ફોરકાસ્ટિંગ સિસ્ટમ અમલમાં મુકી છે. વેબ આધારિત ઈન્ટિગ્રેટેડ મોડેલિંગ અને ડિસિઝન સપોર્ટ સિસ્ટમના માધ્યમથી હવે શહેરમાં વોર્ડ લેવલ સુધી વરસાદની આગાહી શક્ય બની છે. ત્યારે મહારાષ્ટ્રના પુણેની C-DAC કંપનીના અનુમાન મુજબ આજે રાતે 7 વાગ્યા બાદ અમદાવાદમાં ધોધમાર વરસાદ પડશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કંપની સાથે સંકલન કરી અને ક્યાં વિસ્તારમાં કેટલો વરસાદ પડશે તેને લઈને અનુમાન કરવામાં આવ્યું છે. રાત્રે 9:00 વાગે સૌથી વધારે શહેરના પશ્ચિમમાં થલતેજ, જોધપુર, બોડકદેવ, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં વરસાદ હશે.

AMCએ અમલમાં મૂકેલી સિસ્ટમથી C-DAC, પુણેના હાઈ પરફોર્મન્સ કમ્પ્યુટિંગ (HPC) દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ડેટા આધારિત મોડેલિંગ દ્વારા શહેરના હવામાન, વરસાદની તીવ્રતા અને હવાની ગુણવત્તા અંગે અગાઉથી ચોક્કસ આગાહી પ્રાપ્ત થાય છે, જે સંકળાયેલા વિભાગોને સમયસર કાર્યવાહી કરવા માટે મદદરૂપ બને છે.

આ ફોરકાસ્ટિંગ સિસ્ટમ હેઠળ શહેર માટે ડેઈલી એક્યુમ્યુલેટેડ રેઈનફોલ (WRF મોડલ - 1.5 કિમી રિઝોલ્યુશન) આધારે આગાહી તૈયાર કરવામાં આવે છે.



શહેર તેમજ જિલ્લા સ્તરે વરસાદના વિતરણનું વિશ્લેષણ કરીને અલગ અલગ વિસ્તારોમાં કેટલો વરસાદ થઈ શકે છે તેની વિગતવાર માહિતી ઉપલબ્ધ થાય છે. ખાસ કરીને વોર્ડ લેવલ રેઈનફોલ ફોરકાસ્ટ દ્વારા શહેરના દરેક વિસ્તાર માટે અલગ અલગ રંગોના આધારે વરસાદની તીવ્રતા દર્શાવવામાં આવે છે, જેના કારણે કયા વિસ્તારમાં ભારે વરસાદની શક્યતા છે તે તરત જાણી શકાય છે. આ સિસ્ટમમાં પ્રયોગાત્મક મોડલિંગના આધારે અલગ અલગ સમયગાળા માટે વરસાદના પેટર્ન પણ દર્શાવવામાં આવે છે.

આ ટેક્નોલોજી આધારિત ફોરકાસ્ટિંગ સિસ્ટમના કારણે મોન્સૂન દરમિયાન શહેરમાં પાણી ભરાવાની શક્યતાઓને અગાઉથી ઓળખીને જરૂરી તૈયારીઓ કરી શકાશે. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં પૂર્વ આયોજનથી નાગરિકોને થતી મુશ્કેલીઓમાં ઘટાડો લાવવા આ સિસ્ટમ મહત્વપૂર્ણ સાબિત થશે. આ અદ્યતન ફોરકાસ્ટિંગ મોડલના આધારે મોનસૂન મેનેજમેન્ટ વધુ અસરકારક બનશે અને ઈમરજન્સી પરિસ્થિતિઓને નિયંત્રિત કરવા માટે શહેર વધુ તૈયાર રહેશે.

ઈન્ચાર્જ સિટી ઈજનેર ઋષિ પંડ્યાએ જણાવ્યું હતું કે, જે સિસ્ટમ એડોપ્ટ કરવામાં આવી છે, જેમાં વોર્ડ વાઈઝ અનુમાન લગાવી શકાય છે કે કયા વિસ્તારમાં કેટલો સંભવિત વરસાદ છે. અમારા અનુભવ મુજબ ગઈકાલ રાતના જે વરસાદ નોંધાયો હતો એ 80 ટકા સુધી એક્યુરેસી લેવલ આવેલું હતું. એટલે એ પ્રમાણે અમે અહીંયાથી જે તે વોર્ડમાં જે તે ઝોનમાં સૂચના આપીએ છીએ કે અહીંયાથી આ ટાઈમમાં વરસાદ પડવાની સંભાવના છે, જેથી કરીને પ્રોપર મેનપાવર, મશીનરી ડીપ્લોયમેન્ટ કરી શકાય. અને નાગરિકોને અગવડતાનો મિનિમમ અનુભવ કરવો પડે એ પ્રકારની આ વખતની તૈયારી અને વ્યવસ્થા કરવામાં આવેલી છે.

ઋષિ પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે મુખ્યત્વે જોવા જઈએ તો ચારેક વાગ્યાથી 1 MMથી વરસાદ શરૂ થશે. મહત્તમ 7થી 9 વાગ્યામાં અનુમાનિત છે કે, થલતેજ અને જોધપુર, બોડકદેવ વિસ્તાર એ વિસ્તારમાં મહત્તમ વરસાદ પડી શકે તેમ છે. અને જેની સંભાવના 80 mmની આજુબાજુમાં છે. 60થી 80 mm જેટલો વરસાદ અત્યારે બતાવી રહ્યો છે કે સાજના 7 થી 9માં આ બે વિસ્તાર અને અમુક ભાગ જે છે એ ઉત્તર ઝોનનો છે, અમુક જોધપુરનો વિસ્તારમાં વરસાદ પડશે.

શહેરમાં ગુરુવારે મોડી સાંજે વરસાદ પડવાની સાથે ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થયો છે. છેલ્લાં સાત વર્ષમાં સૌથી મોડું ચોમાસું બેઠું છે. સામાન્ય રીતે દર વર્ષે 15 જૂન આસપાસ ચોમાસું બેસી જાય છે. 2020 પછીનાં 6 વર્ષમાં 3 વાર ચોમાસું 20 જૂન પહેલાં જ્યારે 3 વાર જૂનના છેલ્લા અઠવાડિયામાં પહોંચ્યું છે.

બપોર સુધી ભેજનો સંગ્રહ: સવારથી બપોર સુધી સૂર્યની પ્રચંડ ગરમીના કારણે આ ભેજ ગરમ થઈને વરાળ બને છે અને આકાશ તરફ ઊંચે ચઢે છે, જેના લીધે આપણને બપોરે બફારો થાય છે.

સાંજની ઠંડક અને સોલિડિફિકેશન: બપોરે ઉપર ગયેલી વરાળ સાંજ પડતાં જ વાતાવરણ સહેજ ઠંડું થતાં પાણીના ટીપાંમાં રૂપાંતરિત થવા લાગે છે, જેને ઘનીકરણ કહેવાય છે.

વાદળનું અચાનક ભારે થવું : સાંજ સુધીમાં આખો દિવસ ભેગી થયેલી વરાળ એટલી બધી ઘટ્ટ થઈ જાય છે કે કાળાડિબાંગ વાદળ પાણીનો ભાર સહન કરી શકતા નથી. સાંજે જ કેમ વરસાદ : સાંજ એ એવો સમય છે જ્યાં દિવસની ગરમી અને રાતની શરૂઆતની ઠંડક ભેગી થાય છે. આ તાપમાનના ફેરફારના કારણે વાદળ બરાબર સાંજે જ લોડ ખમી ન શકતા ગાજવીજ સાથે ઝાપટાં સ્વરૂપે તૂટી પડે છે.

# DRDO-ISRO માટે વિદ્યાર્થીઓ તૈયાર કરતી પોલિટેકનિકમાં સ્ટાફની અછત

**■ 32માંથી માત્ર એક જ પોલિટેકનિકમાં નિયમિત આચાર્ય, પોલિટેકનિક અધ્યાપક મંડળની ટેકનિકલ શિક્ષણ કમિશનરને રજૂઆત**

**અમદાવાદ, તા.05**

રાજ્યની સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાં વર્ષોથી પડતર રહેલા પ્રશ્નોનો અંત લાવવા માટેની માંગ ઉઠી છે. પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા ટેકનિકલ શિક્ષણ કચેરીને પત્ર લખી ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી કરવા માટે રજૂઆત કરી છે. તેમજ અટવાયેલી બઢતી પ્રક્રિયા પૂર્ણ કરવા અને તમામ સરકારી પોલિટેકનિકમાં નિયમિત આચાર્યની નિમણૂક કરવા પણ માંગ કરવામાં આવી છે. અનેક વખત રજૂઆત કરવા છતાં સરકાર દ્વારા હજુ સુધી અમુક પ્રશ્નોનોનું નિરાકરણ લાવવામાં આવ્યું નથી. જેથી વહેલી તકે માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

રાજ્યની સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાં વર્ષોથી પડતર રહેલા પ્રશ્નોના ઉકેલ લાવવા માટે પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા ફરી એક વખત રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા શિક્ષણ મંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. રાજ્યની સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ ડિપ્લોમા પૂર્ણ કરીને ઉચ્ચ અભ્યાસ અને રોજગાર ક્ષેત્રે આગળ વધી રહ્યા છે. અનેક વિદ્યાર્થીઓ દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ તેમજ DRDO, ISRO સહિતની વિવિધ સંસ્થાઓમાં મહત્વની સેવાઓ આપી રહ્યા છે.



છતાં ટેકનિકલ શિક્ષણનો પાયો મજબૂત બનાવતા અધ્યાપકોના અનેક પ્રશ્નો વર્ષોથી ઉકેલાયા નથી. જેથી ગુણવત્તાયુક્ત ટેકનિકલ શિક્ષણ માટે જરૂરી માનવબળ, બઢતી અને ભરતી જેવી બાબતોમાં વિલંબ થવાને કારણે શિક્ષણ વ્યવસ્થા પર સીધી અસર થતી હોવાની પોલિટેકનિક અધ્યાપક મંડળ દ્વારા શિક્ષણ મંત્રીને રજૂઆત કરવામાં આવી છે. અમદાવાદ સહિત રાજ્યની 32 સરકારી પોલિટેકનિક સંસ્થાઓમાંથી માત્ર એક જ સંસ્થામાં નિયમિત આચાર્ય કાર્યરત છે, જ્યારે બાકીની સંસ્થાઓમાં ઈન્ચાર્જ વ્યવસ્થા હેઠળ જ કામગીરી ચાલી રહી છે.

આચાર્ય, વિભાગ વડા તથા વ્યાખ્યાતાની ખાલી જગ્યાઓના કારણે શૈક્ષણિક અને વહીવટી કામગીરી પર ભાર વધી રહ્યો છે. વર્ગ 1 અને વર્ગ 2ની તમામ ખાલી જગ્યાઓ નિયમિત ભરતી દ્વારા ભરવા અને વર્ગ 2ની લાંબા સમયથી ખાલી રહેલી જગ્યાઓ પર તાત્કાલિક નિમણૂક કરવાની તેમજ GPSC દ્વારા ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ નવી સ્ટ્રીમ અને વધતા વિદ્યાર્થીઓના પ્રવેશને ધ્યાનમાં રાખીને વધારાની મંજૂર જગ્યાઓ ઉભી કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે. વર્ષોથી અટવાયેલી બઢતી પ્રક્રિયા પૂર્ણ કરવા, ઉચ્ચ પદો પર સમયસર પ્રમોશન આપવા, વિવિધ કેડરના શિક્ષકોને મળવાપાત્ર લાભોનો અમલ કરવાની પણ માંગ કરવામાં આવી છે. ટેકનિકલ શિક્ષણમાં બદલાતી ટેક્નોલોજીને અનુરૂપ નવી લેબોરેટરી, આધુનિક સાધનો અને પૂરતી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પણ સરકારને રજૂઆત કરવામાં આવી છે. આ બધા પ્રશ્નોને લઈને છેલ્લા ઘણા વર્ષોથી સરકાર સમક્ષ વારંવાર રજૂ કરવામાં આવી છે. તેમ છતાં મોટાભાગના મુદ્દાઓ આજે પણ પડતર છે જેનું સરકાર દ્વારા કોઈ નિરાકરણ લાવવવામાં આવ્યું નથી. રાજ્યમાં કુશળ ટેકનિકલ માનવબળ તૈયાર કરવા માટે સરકારી પોલિટેકનિક સંસ્થાઓની ભૂમિકા અત્યંત મહત્વની છે અને તે માટે શિક્ષકોના પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ લાવવા માટે માગ કરવામાં આવી છે.

# JCP પર હુમલો કરનાર કલીમને હોસ્પિટલથી રજા આપતા ધરપકડ કરાઈ

**આરોપીએ છરી મારી ને શરદ સિંઘલે પગમાં ગોળી ધરબી હતી, હથિયાર મધ્યપ્રદેશથી લાવ્યાનો ખુલાસો**

**અમદાવાદ, તા.05**

શહેરના ચંડોળા વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચે 4 હથિયાર સાથે ગુનેગાર કલીમ શેખની અટકાયત કરી હતી.આરોપીની પૂછપરછ ચાલી રહી હતી ત્યારે આરોપીએ છરી વડે જેસીપી શરદ સિંઘલ પર હુમલો કર્યો હતો. જેના વળતા પ્રહરના શરદ સિંઘલે કલીમના પગમાં ફાયરિંગ કરતા ગોળી વાગી હતી. અધિકારી અને આરોપી બંને ઈજાગ્રસ્ત હોવાથી સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

કલમને હોસ્પિટલથી 2 દિવસ બાદ રજા આપતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપી હથિયાર મધ્યપ્રદેશથી લાવ્યો હતો.અહીંયા શું કરવાનો હતો તે મામલે તપાસ કરવામાં આવી રહી છે.



વાસણા વિસ્તારમાં આવેલા ચંદ્રનગરમાં રહેતો 29 વર્ષીય યુવક બેંક રિકવરીની નોકરી કરે છે. છ માસ પહેલા તેને પૈસાની જરૂર હોવાથી તેના મિત્ર સંજય દેસાઈ પાસેથી રૂપિયા માંગ્યા હતા. સંજયે રોજના પાંચ ટકા વ્યાજે 30 હજારનું ધિરાણ કર્યુ હતું. જે બાદ વ્યાજની ચુકવણી માટે નાણાં ન હોવાનું જણાવતા સંજયે તે રકમની ડબલ ગણતરી કરીને વધુ નાણાં આપ્યા હતાં. ત્યારબાદ સંજયે આ યુવકને પાંચ ટકા વ્યાજ નહિ આપે તો ડબલ વ્યાજ થશે તેવી શરત મૂકી હતી. જેથી ફરી વાર નાણાં લીધા બાદ યુવક વ્યાજ ન ભરી શક્તા સંજયે 3.19 લાખ મુડી બતાવતા મલયે અન્ય લોકો પાસેથી ઉછીના નાણાં લઈને 10.27 લાખ સંજયને વ્યાજ પેટે ચુકવ્યા હતા. છતાંય સંજયે વ્યાજની ઉઘરાણી કરીને ઝઘડા કરીને મારી નાખવાની ધમકી આપી હતી. સંજયે આ ચક્કરમાંથી બહાર નીકળવા 30 લાખની માંગણી કરી હતી. સંજયે યુવકને આટલી રકમ ન આપે તો હાથ પગ તોડી નાખવાની ધમકી આપીને મારી નાખવાની ધમકી આપી હતી. જેથી યુવકે સંજય દેસાઈ સામે ફરિયાદ આપતા વાસણા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# અમરેલીના રાજુલામાં 9 અને ધારીમાં 7 ઈંચ વરસાદ: ખોડિયાર ડેમના 9 દરવાજા ખોલાતા 40 ગામોને એલર્ટ

**અમરેલી, તા.05**

અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ વરસતા ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિ વિકટ બની છે. આજે રાજુલામાં સૌથી વધુ 9 ઈંચ અને ધારીમાં 7 ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે ખાંભા, લિલિયા, બગસરા, સાવરકુંડલામાં પણ ચાર ઈંચ કરતા વધુ વરસાદ વરસી ચૂક્યો છે. જિલ્લામાં ધોધમાર વરસાદના કારણે ખેતરો તળાવમાં ફેરવાઈ ચૂક્યા છે. નદીઓમાં ઘોડાપૂરના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં અનેક રસ્તાઓ બંધ થયા છે.

અમરેલી ઉપરાંત સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ જિલ્લામાં પણ ભારે વરસાદ વરસી રહ્યો છે. ગીર ગઢડાના રાવલ ડેમમાં પાણીની આવક વધતા 6 દરવાજા બબ્બે ફૂટ ખોલવાની ફરજ પડી છે. સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યના 97 તાલુકામાં વરસાદે હાજરી પુરાવી છે.

સાંજે 5 વાગ્યા બાદ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને બનાસકાંઠામાં વરસાદ શરૂ થતા ખેડૂતો સહિત લોકોએ રાહતનો



શ્વાસ લીધો છે અને સારા વરસાદની આશા સેવી રહ્યા છે.

આ ઉપરાંત ચૌત્રા ગામનો બ્રિજ પાણીમાં ગરકાવ થતાં ગામ સંપર્કવિહોણું બન્યું છે અને ભેરાઈ ગામમાં પૂરના પાણી ઘૂસતાં NDRF અને ફાયર વિભાગની ટીમ સ્ટેન્ડબાઈ રખાઈ છે. ગીર સોમનાથના ઉનાના ગાંગડા ગામેથી પણ 250 લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું છે. ઉનાના સૈયદ રાજપરામાં દરિયામાં તણાયેલી બોટોમાંથી 4 માછીમારોનું દિલધડક રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે અત્યંત ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને જોતાં આજે 6 જિલ્લામાં 'રેડ એલર્ટ', 7 જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' અને 6 જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી છે.

ગુજરાત અને આસપાસના રાજ્યોમાં વરસાદ માટે સર્જાયેલી અનુકૂળ સ્થિતિના કારણે આગામી 5 દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ દ્વારા આજે અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આજે વરસાદની શક્યતા છે. આવતીકાલે પણ આ વિસ્તારમાં ભારે વરસાદનું અનુમાન છે.

આ ઉપરાંત આગામી ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ અને સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદ સાથે વીજળી પડવાની પણ શક્યતા રહે છે. પવનની ગતિ 40થી 50 કિમીની રહેશે. આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે. બંદરો પર 3 નંબરના ભયસૂચક સિગ્નલ લગાવવામાં આવ્યા છે.

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની ધાતરવડી-2 સિંચાઈ યોજનામાં ઉપરવાસના ભારે વરસાદને કારણે ઓવરફ્લો થયો છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં વહીવટી તંત્રે ડેમના 20 દરવાજા 0.90 મીટર સુધી ખોલી દીધા છે. ઉપરવાસમાં આવેલો ધાતરવડી-1 ડેમ પણ ઓવરફ્લો થયો છે, જેને પગલે નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. પૂરના સંકટને ધ્યાને રાખી નીચાણવાળા રાજુલા શહેર, ખાખબાઈ, હિંડોરણા, વડ, ભચાદર, ઉચૈયા, રામપરા-2, લોઠપુર અને કોવાયા સહિતના ગામોને હાઈ એલર્ટ કરી સ્થાનિકોને નદી-નાળા કે વહેતા પાણીમાં ન જવા અપીલ કરાઈ છે.


ખાંભા તાલુકાના મોટાબારણ ગામે રાયડી સિંચાઈ યોજનામાં વરસાદી પાણીની આવક વધતા ડેમના 8 દરવાજા 10 ફૂટ ખોલાયા છે. નીચાણ વાળા વિસ્તારના મોટા બારમણ, નાના બારમણ, ચોતરા, નાગેશ્રી, મીઠાપર ગામોને સાવચેતીના પગલાં લેવા તેમજ નદી નાળા અને વહેતા પાણીમાં ન જવા માટે તંત્રએ અપીલ કરી છે.

રાજુલા તાલુકાના વડ ગામ નજીક ધાતરવડી નદીના પાણીનું જોર વધતું જોવા મળી રહ્યું છે. પૂરના પાણીને કારણે વડ ગામ નજીક પાળો તૂટે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવતા તંત્રની ટીમ વડ ગામમાં પહોંચી હતી. પાણી વધતા પાળો તૂટશે તો નિચાણવાળા વિસ્તારોમાં નુકસાનની દહેશત વ્યક્ત કરવામાં આવી છે.

# પોલીસના વીડિયો ઉતારતા યુવાનો પર માયાભાઈ આહિરનો કટાક્ષ: 'તમે અમારો પગાર ખાઓ છો કહેનાર રેશનિંગના ઘઉં ખાય છે'

**સુરત, તા.05**

સુરત શહેરમાં 3 દિવસ પહેલા(2 જુલાઈ) યોજાયેલા પોલીસ વિભાગના એક નિવૃત્તિ કાર્યક્રમે હવે સામાજિક અને રાજકીય વિવાદનું રૂપ ધારણ કરી લીધું છે. હાલમાં જ PI (પોલીસ ઈન્સ્પેક્ટર) તરીકે બઢતી મેળવીને સેવા નિવૃત્ત થનાર અધિકારી જયરાજસિંહ ગઢવીના વિદાય સમારોહ નિમિત્તે એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરત પોલીસ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મંચ પર લોકસાહિત્યકાર માયાભાઈ આહીર, લોકગાયક કીર્તિદાન ગઢવી અને લોકગાયિકા મૈથિલી ઠાકુર જેવા નામાંકિત કલાકારો હાજર હતા. જો કે, આ ડાયરા દરમિયાન માયાભાઈ આહીરે સામાન્ય નાગરિકો અને ટેક્સપેયર્સને લઈને એક ટિપ્પણી કરી હતી કે, 'જ્યાં હોય ત્યાં વીડિયા ઉતરે છે. 'તમે અમારો પગાર ખાઓ છો...' જાણે એના બાપુજીનો ટેક્સ ભરતા હોય એ બધા!' તમે અમારો પગાર ખાઓ છો કહેનાર રેશનિંગના ઘઉં ખાતા હોય. આ નિવેદનની સામે સુરત આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘડે ઉગ્ર વિરોધ નોંધાવતા કહ્યું કે, ભાજપના બે નંબરના રૂપિયાઓ આવે છે, એટલે તમારા મોઢા સિવાઈ ગયા છે. સુરતના ડાયરા દરમિયાન માયાભાઈ આહીરે સોશિયલ મીડિયા પર પોલીસના વીડિયો ઉતારતા સામાન્ય યુવાનો પર કટાક્ષ કરતા મંચ પરથી કહ્યું હતું કે, 'અને એમાંય હવે તો વાત જ કરવાની નથી, જ્યાં હોય ત્યાં વીડિયા ઉતરે છે. 'તમે અમારો પગાર ખાઓ છો...' જાણે એના બાપુજીનો ટેક્સ ભરતા હોય એ બધા! આવી જ રીત છે. આજે ઈ ત્યાં દેવા જાય છે ને 'તમે અહીંયા અમારા ટેક્સ ઉપર પગાર લ્યો છો...' ઈ રેશનિંગના ઘઉં ખાતા હોય ઈ બધા... અને એણે જિંદગીમાંય ટેક્સ નો ભર્યો હોય સાહેબ.' આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર



વાયરલ થતાં જ સામાન્ય જનતામાં આક્રોશ ફેલાયો હતો.

આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘડે જણાવ્યું હતું કે, માયાભાઈ, તમે જે કહો છો કે આ દેશના નાગરિકનો કે છોકરાના બાપુજીના ટેક્સના પૈસામાંથી, તો તમને કદાચ ખબર નહીં હોય કે આ દેશનો એક ભિખારી કે એક ગરીબમાં ગરીબ વ્યક્તિ જે ભીખ માંગીને ખાય છે, એમના બાળકને દૂધ પીવડાવે છે કે પાર્લે-જીનું બિસ્કિટ ખવડાવે છે, લે છે, એમાં પણ એ ટેક્સ ભરે છે. આવો તમને કોણે હક આપ્યો કે તમે આ દેશની યુવા પેઢીના બાપુજીને આવા ટેક્સના નામે તમે અપમાન કરી શકો છો? અણઘડે વધુમાં કહ્યું કે, તમને મારો સવાલ છે, કારણ કે તમારા જેવા ડાયરાના કલાકારો અને મોટાભાગના મીડિયા જ્યારે વેચાઈ ગયું છે, ત્યારે એ વ્યક્તિ, એ નાનો યુવાન પોલીસની સામે વીડિયો બનાવે છે. કારણ કે પોતાની ફરજ સમજે છે કે જે જગ્યાએ ખોટું થઈ રહ્યું છે ત્યાં મારે બોલવું જોઈએ. એટલે તમને આવો બિલકુલ અધિકાર નથી કે તમે ટેક્સપેયરનું આવી રીતે અપમાન કરી શકો. આ દેશનો એક-એક નાગરિક ઈનડાયરેક્ટ ટેક્સ આપે છે. પૂર્વ કોર્પોરેટર ઉમેરતાં કહ્યું કે, તમારામાં તેવડ હોય તો તમે કેમ નથી બોલતા? આજના દિવસે જ્યારે એ વ્યક્તિ પોલીસની વિરુદ્ધમાં અવાજ ઉપાડે છે, ત્યારે સવાલ એ થાય છે કે શા માટે અવાજ ઉપાડ્યો?. આ દેશની અંદર, આ રાજ્યની અંદર ખાસ કરીને દારૂબંધી છે છતાં ઠેર-ઠેર દારૂના અડ્ડાઓ ચાલે છે, તો તમે કેમ સવાલ નથી કરતા?. તમારી પાસે ભાજપ સરકારના લોકોના બે નંબરના રૂપિયાઓ આવે છે એટલે તમારા મોઢા સિવાઈ ગયા છે. તમારે ભાજપની વાહ-વાહી કરવી પડે છે. યાદ કરો એ સમય કે જ્યારે ડાયરાના પ્રોગ્રામ બંધ થઈ ગયા ત્યારે ભાજપનો ખેસ કેમ પહેરવો પડ્યો હતો? વધુમાં જણાવ્યું હતું કે, એટલે તમને આવો હકીકતમાં કોઈ અધિકાર નથી કે તમે કોઈની વાહ-વાહી ખોટી રીતે કરો. દરેક પોલીસ ખરાબ છે એવું કહેવાનું નથી, સારી છે એનું સારું છે. પણ તમે જ્યારે આવી રીતે ટેક્સપેયરનું અપમાન કરો છો એ તદ્દન ખોટી વાત છે. આ દેશની અંદર ને આ રાજ્યની અંદર ઘણા મુદ્દાઓ છે. તમારામાં નીડરતા હોય તો તમે કેમ નથી બોલતા? કેમ આજે ગુજરાત સરકારની સામે આજના ખેડૂતો લાચાર બનીને બેઠા છે, કેમ અવાજ નથી ઉપાડતા?. છેલ્લે મહેશ અણઘડે કહ્યું કે, એટલે ખરેખર આ તમારી વાત બિલકુલ યોગ્ય નથી. આ દેશનો એક-એક નાગરિક, યુવાન જાગૃત થતો ગયો છે અને એ તમારા પેટમાં તેલ રેડાય છે, ત્યારે આવા લોકોને નીચા દેખાડવા માટે, એમનું મનોબળ તોડવા માટેના જે તમે પ્રયાસો કરો છો એ નિંદનીય છે.

# GERC વીજ લોકપાલનો મહત્વપૂર્ણ ચૂકાદો: 'સ્માર્ટ મીટર બદલવા ગ્રાહકની પૂર્વ સંમતિ જરૂરી નથી

**વડોદરા, તા.05**

ગુજરાત વિદ્યુત નિયામક આયોગના વીજ લોકપાલે સ્માર્ટ મીટરને લઈને મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ચૂકાદામાં લોકપાલે સ્પષ્ટ કર્યું છે કે, વીજ વિતરણ કંપનીઓ લાગુ કાયદા અને નિયમો અનુસાર ગ્રાહકોના પરંપરાગત મીટરની જગ્યાએ સ્માર્ટ મીટર સ્થાપિત કરી શકે છે અને તેના માટે ગ્રાહકની પૂર્વ સંમતિ લેવી ફરજિયાત નથી. માત્ર સ્માર્ટ મીટરનો વિરોધ કરીને જૂનું મીટર ફરીથી લગાવવાની માગ પણ કાયદેસર ગણાશે નહીં.

ગુજરાત વિદ્યુત નિયામક આયોગ (GERC)ના વીજ લોકપાલે મહેન્દ્રકુમાર ડી. પટેલ વિરુદ્ધ MGVCL લાલબાગ ડિવિઝન, વડોદરાના કેસમાં મહત્વપૂર્ણ નિર્ણય આપતાં જણાવ્યું છે કે, વીજ વિતરણ કંપનીઓને લાગુ કાયદા અને નિયમો મુજબ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાનો અધિકાર છે. આવા મીટર બદલવા માટે ગ્રાહકની પૂર્વ સંમતિ આવશ્યક



નથી. અરજદારે દાવો કર્યો હતો કે, તેની મંજૂરી વિના સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યું હતું, જેના કારણે તેની બેંકની ઓટો-ડેબિટ સુવિધા પ્રભાવિત થઈ હતી અને ત્યારબાદ વીજ પુરવઠો પણ બંધ કરવામાં આવ્યો હતો. જોકે MGVCLએ પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે સ્માર્ટ મીટરનું સ્થાપન Electricity Act, 2003, CEA Metering Regulations, Electricity (Rights of Consumers) Rules તેમજ GERC Supply Code મુજબ કરવામાં આવ્યું છે. ઉપરાંત, ઓટો-ડેબિટ સુવિધાને મીટરના પ્રકાર સાથે કોઈ સંબંધ નથી. વીજ લોકપાલે પોતાના આદેશમાં નોંધ્યું છે કે સ્માર્ટ મીટર સ્થાપન કાયદેસર પ્રક્રિયા મુજબ કરવામાં આવ્યું છે અને ગ્રાહક સ્માર્ટ મીટરમાં કોઈ ટેક્નિકલ ખામી અથવા બિલિંગમાં ગડબડ હોવાના પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે, જેથી લોકપાલે ગ્રાહકની અપીલ ફગાવી દીધી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રમ્પે કહ્યું-એક હુમલામાં ઈરાની નેતૃત્વ ખતમ કરી શકતા હતા

## ઈરાનનો જવાબ- તમારી પાસે ન સંસ્કૃતિ, ન સન્માન, ખામેનીનાં તાબૂતને જોતાં જ લોકો ધ્રુસકે ને ધ્રુસકે રડ્યાં

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે ખામેનીના અંતિમ સંસ્કારમાં ઈરાનનું આખું ટોચનું નેતૃત્વ હાજર હતું અને અમેરિકા ઈચ્છે તો એક જ હુમલામાં બધાને ખતમ કરી શકતું હતું. જોકે તેમણે કહ્યું કે અમે આવું કર્યું નથી, કારણ કે પછી વાતચીત માટે કોઈ બચતું નહીં. ટ્રમ્પે જનાજામાં રડી રહેલા લોકો પર પણ કટાક્ષ કરતા કહ્યું, ‘કદાચ આ આંસુ પણ નકલી હોય.‘ ટ્રમ્પના નિવેદન પર ઈરાને પલટવાર કર્યો. આર્મેનિયા સ્થિત ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર લખ્યું, “લોકોને મારી શકાય છે, પરંતુ વિચારોને નહીં. તમે ખામેનીને નહીં, તેમની વિચારસરણીને વધુ ફેલાવી દીધી. તમારી પાસે ન સભ્યતા છે, ન ઈતિહાસ અને ન સન્માન.”



તેહરાનના ઈમામ ખુમૈની ગ્રાન્ડ મોસલ્લામાં ખામેનીના અંતિમ દર્શન માટે લાખો લોકોની ભીડ ઉમટી. જનાજા દરમિયાન ’ડેથ ટુ અમેરિકા’ અને ’ડેથ ટુ ઈઝરાયલ’ના નારા લાગ્યા. કવિ મોહમ્મદ રસૂલીએ મંચ પરથી ટ્રમ્પના મૃત્યુની પણ કામના કરી, જેના પર ભીડે જોરદાર નારા લગાવ્યા.

અંતિમ સંસ્કારમાં 100થી વધુ દેશોના પ્રતિનિધિમંડળ પહોંચ્યા: અયાતુલ્લા અલી ખામેનીના રાજકીય અંતિમ સંસ્કારમાં 100થી વધુ દેશોના પ્રતિનિધિમંડળ પણ સામેલ થયા.

તેહરાનમાં અભૂતપૂર્વ સુરક્ષા અને લોકો માટે વિશેષ વ્યવસ્થા: અંતિમ સંસ્કારને ધ્યાનમાં રાખીને સેના અને પોલીસની ભારે તૈનાતી કરવામાં આવી. મેટ્રો અને સરકારી બસો મફત રહી, હોટલોમાં 50% સુધીની છૂટ આપવામાં આવી, 5,000થી વધુ શાળાઓમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી અને અન્ય શહેરોમાંથી વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી.

ખામેનીની અંતિમ યાત્રા 5 શહેરોમાંથી પસાર થશે: અંતિમ યાત્રા તેહરાનથી શરૂ થઈને કોમ, ઈરાકના કરબલા અને નજફ થઈને 9 જુલાઈએ મશાહદ પહોંચશે, જ્યાં તેમને દફનાવવામાં આવશે.

ઈરાને અમેરિકા સાથે વાતચીત રોકી, પરમાણુ ઠેકાણાઓના નિરીક્ષણનો પણ ઈનકાર: અંતિમ સંસ્કાર દરમિયાન અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલી પરોક્ષ વાટાઘાટો હાલ પૂરતી રોકી દેવામાં આવી છે. સાથે જ ઈરાને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) ને ફોર્ડો, નતાન્ઝ અને ઈસ્ફહાન પરમાણુ ઠેકાણાઓના નિરીક્ષણની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો.

ટ્રમ્પનો દાવો- ઈરાનને અંતિમ સંસ્કાર માટે એક અઠવાડિયાની મુદત આપી: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકાએ માનવીય આધાર પર ઈરાનને અંતિમ સંસ્કાર પૂરા કરવા માટે એક સપ્તાહનો સમય આપ્યો છે. તેમણે દાવો કર્યો કે આ પછી ઈરાનને અમેરિકી શરતો માનવી પડશે.

શિયા સંપ્રદાયના કુલ 12 પવિત્ર ઈમામોમાંથી, ઈમામ રઝા એકમાત્ર એવા ઈમામ છે જેમને ઈરાનની ધરતી પર દફનાવવામાં આવ્યા છે. બાકીના બધા ઈમામ સાઉદી અરેબિયા (મદીના)માં છે અથવા ઈરાક (નજફ, કરબલા, સામર્રા)માં છે.

ઈમામ રઝાને શિયા ઈસ્લામના આઠમા ઈમામ માનવામાં આવે છે. તેમની વધતી લોકપ્રિયતાથી ડરીને તત્કાલીન શાસક અબ્બાસી ખલીફાએ ઝેર આપીને તેમની હત્યા કરાવી દીધી હતી.

જ્યાં ઈમામ રઝાને દફનાવવામાં આવ્યા હતા, તે જગ્યાનું નામ પાછળથી ’મશહદ’ (શહીદ થવાની જગ્યા) પડ્યું, જે આજે ઈરાનનું બીજું સૌથી મોટું શહેર છે. મશહદ શિયા મુસલમાનો માટે મક્કા, મદીના અને કરબલા પછીના સૌથી પવિત્ર સ્થળોમાંથી એક છે. અહીં દર વર્ષે દુનિયાના ઘણા દેશોમાંથી લાખો શિયા શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચે છે.

તેહરાનમાં ભીષણ ગરમી છતાં હજારો લોકો અયાતુલ્લા અલી ખામેનીને અંતિમ વિદાય આપવા રસ્તાઓ પર ઉમટી પડ્યા. જુલાઈના આકરા તડકા અને 30 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન વચ્ચે કાળા કપડાં પહેરેલા શ્રદ્ધાળુઓ અંતિમ યાત્રામાં સામેલ થયા.

# ખામેનીની વિદાયમાં કાળા કપડાં પહેરીને લાખો લોકો પહોંચ્યા: ‘લોહી વહેશે’, ‘અમેરિકા મુર્દાબાદ’, ‘બદલો’ જેવા નારા લાગ્યા

**તહેરાન, તા.05**

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખામેનીને અંતિમ વિદાય આપવા માટે શનિવારે લાખો લોકો તેહરાનના ગ્રાન્ડ મોસલ્લામાં એકઠા થયા છે. શિયા પરંપરા મુજબ કાળા કપડાં પહેરેલા લોકો છાતી કૂટીને શોક મનાવતા જોવા મળ્યા. આ દરમિયાન લોકોએ ‘લોહી વહેશે’, ‘અમેરિકા મુર્દાબાદ’ અને ‘બદલો, બદલો’ જેવા નારા પણ લગાવ્યા.



તેહરાનમાં 3 જુલાઈથી ખામેનીના અંતિમ સંસ્કાર સંબંધિત વિધિઓ શરૂ થઈ ગઈ છે જે 9 જુલાઈ સુધી ચાલશે. ગઈકાલે શુક્રવારે કાર્યક્રમમાં 100થી વધુ દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા. જોકે, રશિયા, ચીન, ભારત અને તુર્કીયે જેવા દેશોના ટોચના નેતાઓએ આનાથી અંતર રાખ્યું. ઈરાન તરફથી આમંત્રણ મોકલવામાં આવ્યું હોવા છતાં, તેમણે તેમના નીચલા સ્તરના પ્રતિનિધિઓને મોકલ્યા. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકાએ ખામેનીના અંતિમ સંસ્કાર માટે ઈરાનને એક અઠવાડિયાની રજા આપી છે. ટ્રમ્પે કહ્યું કે તેમણે માનવતાના નાતે આવું કર્યું છે. કાર્યક્રમ સમાપ્ત થયા પછી તરત જ ઈરાનને અમેરિકી શરતો માનવી પડશે. ખામેનીના અંતિમ સંસ્કારની શરૂઆત: ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર ખામેનીનો તાબૂત તેહરાનના ઈમામ ખુમૈની ગ્રાન્ડ મુસલ્લા પહોંચાડવામાં આવ્યો. અહીં તેમના અંતિમ સંસ્કારના કાર્યક્રમમાં ઘણા દેશોના પ્રતિનિધિમંડળ સામેલ થયા. અલી ખામેનીની સાથે તેમની 14 મહિનાની પૌત્રી, દીકરી, પત્ની અને જમાઈને પણ અંતિમ શ્રદ્ધાંજલિ આપવામાં આવી. અંતિમ સંસ્કાર માટે તેહરાનમાં કડક સુરક્ષા: ખામેનીના અંતિમ સંસ્કારને લઈને તેહરાનના રસ્તા પર સેના અને પોલીસની ભારે તૈનાતી કરવામાં આવી છે. તમામ મુખ્ય સડકો, ચોક અને સરકારી ઈમારતોની બહાર સેના અને પોલીસ દળ તૈનાત છે. મુખ્ય રસ્તાઓ પર મિલિટરી ગાડીઓ પહેરો આપી રહી છે. સામાન્ય લોકો માટે ખાસ વ્યવસ્થા: ખામેનીના અંતિમ સંસ્કારમાં સામેલ સામાન્ય લોકો માટે તેહરાનમાં મેટ્રો અને સરકારી બસો મફત રહી. સાથે જ હોટલ ભાડામાં 50% ની છૂટ અને શાળાઓ-મસ્જિદોમાં રોકાવાની વ્યવસ્થા કરવામાં આવી. અન્ય શહેરોમાંથી લોકોને લાવવા માટે સ્પેશિયલ ટ્રેનો પણ ચલાવવામાં આવી. ખામેનીની અંતિમ યાત્રા 5 શહેરોમાંથી પસાર થશે: અલી ખામેનીની અંતિમ યાત્રા પહેલા ઈરાનના તેહરાન, કોમથી ઈરાકના કરબલા, નજફ થઈને પસાર થશે. છેલ્લે 9 જુલાઈએ મશહદમાં સુપુર્દ-એ-ખાક કરવામાં આવશે. અંતિમ સંસ્કાર પછી અમેરિકા-ઈરાન વાટાઘાટો ફરી શરૂ થશે: કતરે જણાવ્યું કે ખામેનીના અંતિમ સંસ્કાર પછી અમેરિકા-ઈરાન વાટાઘાટોનો આગલો રાઉન્ડ ફરી શરૂ થશે.

# અમેરિકાની આઝાદીના 250 વર્ષની ઉજવણી કરી: ટ્રમ્પે કહ્યું- અમેરિકાને સામ્યવાદ નથી જોઈતો, અમે તેની સામે દુનિયાભરમાં યુદ્ધ લડ્યા......

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકાએ શનિવારે આઝાદીના 250 વર્ષ પૂરા થવાની ઉજવણી કરી. આ પ્રસંગે દેશભરમાં ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.



મુખ્ય કાર્યક્રમ વોશિંગ્ટન ડીસીના નેશનલ મોલમાં યોજાયો હતો, જ્યાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું. વરસાદ અને વાવાઝોડાને કારણે કાર્યક્રમમાં મોડું થયું હતું, પરંતુ હવામાન સાફ થયા બાદ સમારોહ શરૂ થયો હતો.

પોતાના સંબોધનમાં ટ્રમ્પે સામ્યવાદ પર આકરો પ્રહાર કર્યો. તેમણે કહ્યું, ‘અમે અમારા દેશમાં સામ્યવાદીઓને નથી ઈચ્છતા. સામ્યવાદ હંમેશા હારતો આવ્યો છે અને આગળ પણ હારશે. આ અમેરિકી વ્યવસ્થાથી બિલકુલ વિપરીત છે.‘ ટ્રમ્પે કહ્યું કે અમેરિકી સૈનિકોએ દુનિયાભરમાં સામ્યવાદ વિરુદ્ધ લડાઈ લડી, જેથી આ વિચારધારા ક્યારેય અમેરિકાની અંદર સ્થાન ન બનાવી શકે.

ભાષણ પછી નેશનલ મોલમાં લગભગ 40 મિનિટ સુધી રેકોર્ડ આતશબાજી થઈ. આ દરમિયાન 8.5 લાખથી વધુ ફટાકડા ફોડવામાં આવ્યા. વ્હાઈટ હાઉસે તેને અમેરિકાના ઈતિહાસનો સૌથી મોટો સ્વતંત્રતા દિવસ ફાયરવર્ક શો ગણાવ્યો.

ટ્રમ્પે કહ્યું, ‘અમેરિકામાં કમ્યુનિસ્ટો માટે કોઈ સ્થાન નથી. કમ્યુનિઝમનો હંમેશા પરાજય થયો છે અને આગળ પણ પરાજય થતો રહેશે.‘ તેમણે તેને અમેરિકન લોકશાહી અને સ્વતંત્રતાની વિરુદ્ધ ગણાવ્યું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે છેલ્લા 250 વર્ષોથી અમેરિકા વિશ્વ માટે આશા, સ્વતંત્રતા અને નેતૃત્વનું પ્રતીક રહ્યું છે. તેમના મતે, અમેરિકા આજે પહેલાં કરતાં વધુ મજબૂત, સુરક્ષિત, સમૃદ્ધ અને સ્વતંત્ર છે.

તેમણે ઉલ્લેખ કર્યો કે 56 સ્થાપક નેતાઓએ સર્વસ્વ દાવ પર લગાવીને અમેરિકાની સ્વતંત્રતાનો પાયો નાખ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે આજનું અમેરિકા તેમના સાહસ અને બલિદાનનું પરિણામ છે.

ટ્રમ્પે કહ્યું, ‘આપણે એક રાષ્ટ્ર અને એક પરિવાર છીએ, અને આપણે એક જ ધ્વજ હેઠળ એકજૂટ છીએ.‘ તેમણે અમેરિકન નાગરિકોને એકતા જાળવી રાખવા અને રાષ્ટ્રના મૂલ્યોનું જતન કરવા આહ્વાન કર્યું.

ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકાની સ્વતંત્રતા અને સિદ્ધિઓ એવા સૈનિકોના બલિદાનને આભારી છે જેમણે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. તેમણે ’ગોલ્ડ સ્ટાર’ પરિવારોને વિશેષ સન્માન કર્યુ.

વોશિંગ્ટન ડીસીમાં ફટાકડાનો શો લગભગ 40 મિનિટ સુધી ચાલ્યો, જેમાં 8.5 લાખ ફટાકડાના શેલ ફોડવામાં આવ્યા. આતશબાજી માટે રાજધાનીમાં 50 અલગ-અલગ લોન્ચિંગ પોઈન્ટ બનાવવામાં આવ્યા હતા.

આમાં પોટોમેક નદીમાં તૈનાત 8 બાર્જ (મોટા પ્લેટફોર્મ) પણ સામેલ હતા. આખા શો દરમિયાન દર સેકન્ડે 350 થી વધુ ફટાકડા આકાશમાં છોડવામાં આવ્યા, જેનાથી રાજધાનીનું આકાશ લાલ, સફેદ અને વાદળી રંગમાં રંગાઈ ગયું.

આ ભવ્ય ફટાકડા શોની જવાબદારી પેન્સિલવેનિયાની પાયરોટેકનિકો કંપનીએ સંભાળી. કંપનીના જણાવ્યા અનુસાર, 75 સભ્યોની ટીમે આ આયોજનની તૈયારીમાં છ મહિના સુધી કામ કર્યું.

અમેરિકાની આઝાદીના 250 વર્ષ પૂરા થવા પર વોશિંગ્ટન ડીસીના નેશનલ મોલમાં દેશના ઈતિહાસનો સૌથી મોટો ફટાકડાનો શો શરૂ થયો. મધ્યરાત્રિ પછી આકાશ લાલ, સફેદ અને વાદળી રંગની આતશબાજીથી ઝળહળી ઉઠ્યું.

હજારો લોકોએ માથું ઊંચું કરીને આ નજારાનો આનંદ લીધો અને તેને પોતાના મોબાઈલ ફોનમાં કેદ કર્યો. નેશનલ મોલ પર તૈનાત અમેરિકી નૌકાદળના સુરક્ષા દળોના જવાનો પણ આ ઐતિહાસિક આતશબાજીનો વીડિયો બનાવતા જોવા મળ્યા.

આતશબાજી દરમિયાન હવામાન સંપૂર્ણપણે સામાન્ય નહોતું. વચ્ચે-વચ્ચે આકાશમાં વીજળી પણ ચમકતી રહી, જેના પરથી સ્પષ્ટ હતું કે વાવાઝોડું હજુ સંપૂર્ણપણે ટળ્યું નથી. આમ છતાં, સમારોહ કોઈપણ વિક્ષેપ વિના ચાલુ રહ્યો અને લોકોનો ઉત્સાહ ઓછો થયો નહીં.

ટ્રમ્પે કહ્યું કે ‘આપણે એક દેશ છીએ, એક પરિવાર છીએ અને એક જ ધ્વજ નીચે ઊભા છીએ.‘ તેમણે કહ્યું કે અમેરિકાની તાકાત તેની એકતા અને વહેંચાયેલા મૂલ્યોમાં છે.

ટ્રમ્પે કહ્યું કે છેલ્લા 250 વર્ષમાં અમેરિકાએ ઘણા પડકારોનો સામનો કર્યો, પરંતુ દેશ હંમેશા એકજુટ થઈને આગળ વધ્યો. તેમણે લોકોને દેશની સ્વતંત્રતા, લોકશાહી અને રાષ્ટ્રીય એકતાને મજબૂત જાળવી રાખવા કહ્યું.

# સરકાર ચોમાસા સત્રમાં જૂના બીલો રજૂ કરશે

**નવી દિલ્હી, તા.05**

જો કોઈ વડાપ્રધાન, મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી કે રાજ્યના મંત્રી કોઈક ગંભીર ગુનામાં લગાતાર ૩૦ દિવસ સુધી જેલમાં રહેશે તો એમણે પદ છોડવું પડશે. આ પ્રકારના બીજા બીલો સરકાર ચોમાસા સત્રમાં ફરીથી રજૂ કરશે. ૧૩૦માં બંધારણ ફેરફાર બીલ પર બનેલી સંસદની જોઈન્ટ પાર્લામેન્ટરી કમીટી (જેપીસી) આ બીલોની જોગવાઈ દુર કરવાના પક્ષમાં નથી. સમીતી ૧૭ જુલાઈએ પોતાના રીપોર્ટને મંજૂર કરે એવી શક્યતા છે. ગૃહમંત્રી અમિત શાહે આ સાથે જોડાયેલા ત્રણ બીલો છેલ્લા ચોમાસા સત્રમાં સંસદના બંને ગૃહોમાં રજૂ કર્યા હતા. ત્યાર પછી આ બીલોને જેપીસી સમક્ષ મોકલવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો હતો. જોકે ફક્ત ધરપકડ થવાથી હોદ્દા ગુમાવવા નહીં પડે. આ કાયદો ત્યારે જ લાગુ થશે જ્યારે હોદ્દેદાર ૩૦ દિવસ સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં રહેશે.



પંજાબ વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ એક્ટીવ થઈ ગઈ છે. કોગ્રેસ હાઈકમાન્ડએ પંજાબના સિનિયર નેતાઓ સાથે છેલ્લા દિવસો દરમિયાન કેટલીક બેઠકો કરી હતી. વિધાનસભા ચૂંટણી માટે પક્ષે કમીટીઓ બનાવી છે. આ કમીટીઓમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીથી માંડીને સિનિયર નેતા સુખજિંદર સિંહ રંધાવાને અગત્યના હોદ્દાઓ આપવામાં આવ્યા છે. કોંગ્રેસ આ ચૂંટણી પંજાબ પ્રદેશ પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારીંગના નેતૃત્વમાં લડશે. પ્રચાર સમીતીની કમાન ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીને આપવામાં આવી છે. ચૂંટણી સમન્વય સમીતીની અધ્યક્ષતા વિજયઈન્દર સિંઘલા કરશે. કોર કમીટીના અધ્યક્ષ તરીકે સુખજિંદર સિંહ રંધાવાને નિમવામાં આવ્યા છે. વિધાનસભાની ચૂંટણી પહેલા પંજાબના સંગઠનમાં કોઈપણ ફેરફાર નહીં થાય. છેલ્લા કેટલાક અઠવાડિયાથી કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગેથી માંડીને લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી પંજાબના નેતાઓ અને કાર્યકરોને મળી રહ્યા છે.

શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના બહુ બોલકા સાંસદ સંજય રાઉતે ભાજપની ઝાટકણી કાઢી છે. એમનો આરોપ છે કે ભાજપ પક્ષપલ્ટો કરાવવા અને વિરોધપક્ષોને નબળા કરવા માટે ગાંડુ થઈ ગયું છે. વિરોધપક્ષોમાં ભાગલા પાડવા તેમજ રાજકીય સંગઠનોને તોડવા માટે ભાજપ ઝનુની છે. એમણે કહ્યું હતું કે, ’ભાજપ પક્ષોને તોડવા બાબતે એટલું ઝનુની છે કે છેલ્લે સુધી એક બીજાના પક્ષો તોડતું રહેશે. જો ભાજપ સત્તા ગુમાવશે તો ખંડીત થઈ જશે. મે આ પહેલા પણ કહ્યું છે કે ભાજપ જે દિવસે સત્તા પર નહીં હોય અને કેન્દ્રીય એજન્સીઓ અમારા કાબુમાં હશે એ દિવસે ભાજપના ૧૦ ટૂકડા ૧૦ મીનીટમાં થઈ જશે. સચીન આહિરને પક્ષે બધુ જ આપ્યું હતું. આમ છતા એમણે પક્ષ સાથે દગો કર્યો.’

કોઈપણ સરકારી કર્મચારી માટે નિવૃત્તિનો દિવસ અગત્યનો હોય છે. એ દિવસે એમની વિદાય માટે સન્માન સમારોહ રાખવામાં આવે છે, પરંતુ હરિયાણાના એક સિનિયર આઈએએસ અધિકારી માટે નિવૃત્તિનો દિવસ આઘાતજનક રહ્યો. સીબીઆઈએ હરિયાણા રાજ્ય પ્રદુષણ બોર્ડ (એચએસપીસીબી) ના તત્કાલીન સચિવ અને આઈએએસ અધિકારી પ્રદિપકુમારની ધરપકડ એમની નિવૃત્તિના દિવસે જ કરી છે. આરોપ છે કે, એમના કાર્યકાળ દરમિયાન સરકારી પૂંજીના ૧૬૯ કરોડ રૂપિયાની ગરબડ કરીને એમણે બોગસ રોકાણો કર્યા હતા. હરિયાણામાં આ ધરપકડની ચર્ચા થઈ રહી છે. હરિયાણા સરકારના કેટલાક વિભાગોના કરોડો રૂપિયા બોગસ ફીક્સ ડીપોઝીટ તરીકે વિવિધ ખાતાઓમાં બતાવવામાં આવ્યા હતા. સીબીઆઈનો દાવો છે કે એકલા એચએસપીસીબીને ૧૬૯ કરોડનું નુકસાન થયું હતું.

તામિલનાડુના મુખ્યમંત્રી વિજય ઘણા વિવાદમાં ફસાયા છે. જોકે એમણે કરેલી એક પહેલના વખાણ થઈ રહ્યા છે. કોલેજ ડ્રોપ આઉટ સી જોસેફ વિજયએ સ્કૂલોનો અભ્યાસક્રમ સુધારવા માટે નિર્ણય કર્યો છે. તામિલનાડુની સરકારે એક અગત્યના નિર્ણયમાં ઈસરોના વૈજ્ઞાનિક ડો. માઈલસ્વામી અન્નાદુરાઈને સ્કુલના અભ્યાસક્રમ ડિઝાઈન સમીતીના પ્રમુખ બનાવ્યા છે. ઈસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક અન્નાદુરાઈ ’મૂનમેન’ તરીકે ઓળખાય છે. અન્નાદુરાઈ હવે સાયન્સ ટેક્નોલોજી અને એઆઈ પર ફોકસ કરીને તામિલનાડુની શાળાઓનો અભ્યાસક્રમ ડિઝાઈન કરશે. અન્નાદુરાઈ રાજ્યના ૧.૩ કરોડથી વધુ વિદ્યાર્થીઓ માટેનો અભ્યાસક્રમ આધુનિક બનાવશે. તામિલનાડુની સરકારે એમને ત્રણ વર્ષ માટે ડિઝાઈન કમીટીના ચેરમેન બનાવ્યા છે. આ નિમણૂક ૨૦૨૫ની રાજ્યશિક્ષા નીતી અંતર્ગત ફરીથી બનાવવામાં આવેલી ૧૭ પેનલનો હિસ્સો છે.

રામ મંદિર ચઢાવા ચોરી પ્રકરણની વચ્ચે શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહામંત્રી ચંપત રાયના નવા સમાચાર બહાર આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ચંપત રાય એકાંતવાસમાં ચાલ્યા ગયા છે. એમણે એમની કેટલીક નજીકની વ્યક્તિઓને વાતચીતમાં કહ્યું છે કે હવે અયોધ્યામાં એમની સેવા પુરી થઈ ગઈ છે અને તેઓ કલંક લઈને જશે નહીં. એમના કહેવા પ્રમાણે એમની સાથે વિશ્વાસઘાત થયો છે. એસઆઈટી તપાસ દરમિયાન ચંપત રાય મંદિર પરિષરમાં આવેલા ભવનના ઉપલા માળે રહે છે. જ્યારથી તપાસ શરૂ થઈ છે ત્યારથી તેઓ ત્યાં જ રહે છે. ચઢાવા ચોરી બાબતે એમની પર ઘણા આક્ષેપો થયા છે. હજી સુધી એમણે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. જોકે એમની નજીકની વ્યક્તિઓને ચોરી બાબતે કેટલીક અગત્યની વાત કરી છે.

દિલ્હી પોલીસે એનઆઈએ, ઈસરો, ડીઆરડીઓ અને એર ઈન્ડિયાની ફલાઈટો સહીત દેશભરમાં બોમ્બ ફોડવાની બોગસ ધમકીઓના ઈમેલ કરનારને પકડી પાડયો છે. આરોપી ગાઝીયાબાદનો રહેવાસી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપી ૩૪ વર્ષનો નિશાંત ત્યાગી ૨૦૦૮થી માનસીક બીમાર છે અને એની સારવાર ચાલી રહી છે. આ જ વ્યક્તિએ એનઆઈએ, ઈસરો, ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડ, ડીઆરડીઓ, મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન સહિત વિવિધ બેંકો અને સ્કૂલોમાં પણ ધમકીના ઈમેલ કર્યા હતા. દિલ્હીથી ન્યુયોર્ક જનાર એર ઈન્ડિયાની એક ફલાઈટમાં બોમ્બ હોવાનો ઈમેલ પણ એણે કર્યો હતો. પોલીસે તપાસ શરૂ કરી અને ટેક્નીકલ ટીમની મદદથી વિવિધ મેલ એકાઉન્ટ તપાસ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને ઈમેલમાંથી એક મોબાઈલ નંબર મળ્યો હતો. આ મોબાઈલ નંબરને આધારે નિશાંત ત્યાગીની ધરપકડ કરવામાં આવી હતી.

# પ્રશાંત મહાસાગરમાં ચીનની ઘૂસણખોરી રોકવા ઓસ્ટ્રેલિયા-વાનુઆતુ વચ્ચે કરાર

**નવી દિલ્હી, તા.05**

જેને ઓસ્ટ્રેલિયા કે ઓશેનિયા ખંડ કહેવાય છે ત્યાં અત્યાર સુધી ચીનનું લશ્કરી મથક નથી. એ સિવાયના ખંડોમાં એક નહીં તો બીજી રીતે ચીને લશ્કરી મથકો બનાવ્યા છે. સત્તાવાર રીતે આફ્રિકાની ખાડીમાં જીબૂટી સિવાય ક્યાંય ચીન લશ્કરી મથક બતાવતું નથી, પરંતુ હકીકતે ગ્લોબલી ૮૦ જેટલાં મથકો સક્રિય છે. ડેવલપમેન્ટ પ્રોજેક્ટના નામે કે પછી બંદરોના વિકાસ માટે જે તે દેશનો લોન આપીને કે વેપાર જેવા અનેક કારણોથી ચીન આખી દુનિયામાં મિલિટરી હાજરી નોંધાવે છે.

અમેરિકાની દુનિયાના ૮૦ દેશોમાં લશ્કરી હાજરી છે. અમેરિકા પછી બ્રિટન, ફ્રાન્સ, રશિયા જેવા દેશો પણ ઘણા દેશોમાં લશ્કરી મથક ધરાવે છે, પરંતુ અમેરિકાની ડિફેન્સ થિંક ટેન્ક, સેન્ટર ફોર ધ ન્યૂ અમેરિકન સિક્યુરિટીના કહેવા પ્રમાણે વૈશ્વિક રીતે અમેરિકાને ટક્કર આપે એટલો લશ્કરી પથારો એકમાત્ર ચીન ધરાવે છે. બ્રિટન, રશિયા અને ફ્રાન્સ જેવા દેશો ભલે લશ્કરી મથકોની બાબતમાં સત્તાવાર રીતે ચીનથી આગળ હોય, પરંતુ સૈન્ય શક્તિની વાત આવે તો અમેરિકાને હંફાવી શકે એવી શક્તિ ચીન પાસે જ છે. મોટા ભાગના દેશો ચીનની રેન્જમાં આવી જાય એવી રીતે છેલ્લા બે દશકામાં ચીને લશ્કરી બિછાત ગોઠવી છે.

પણ ચીનની રેન્જમાં હજુ સુધી ઓશેનિયા ખંડ આવ્યો નથી. દક્ષિણ ચીની સમુદ્રમાંથી ઓશેનિયાનો અમુક ભાગ ચીન કવર કરી શકે છે ને હિંદ મહાસાગરમાંથી પણ આ વિસ્તાર રેન્જમાં આવી જાય છે તે છતાં પ્રશાંત મહાસાગરમાં ચીન ઘણા પ્રયાસો કરે છે છતાં લશ્કરી મથક સ્થાપવાનું શક્ય બન્યું નથી. પ્રશાંત મહાસાગરમાં આવેલા ટાપુ દેશો સાથે પણ ચીન વાટાઘાટો કરે છે. વેપારના નામે કે બંદરોમાં ચીનના લશ્કરી જહાજો રોકાઈ શકે તેવા કરારો માટે પ્રશાંત મહાસાગરમાં આવેલા ને ઓસ્ટ્રેલિયા ખંડમાં ગણાતા ટાપુ દેશોને મનાવવા ચીનના અનેક પ્રયાસો છતાં અમેરિકા-ઓસ્ટ્રેલિયાના કારણે સફળતા મળી નથી.

ઉત્તર પ્રશાંત મહાસાગરમાં તો અમેરિકાનો દબદબો હોવાથી ચીનને સફળતા મળે નહીં. દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં ઘણા નાના અને વિકાસશીલ કે ગરીબ દેશો છે જેને ટાર્ગેટ કરવાથી કદાચ સફળ થઈ શકાય. દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ એમ બે મોટા દેશોને બાદ કરતાં નાના-નાના ૧૨ ટાપુ દેશો છે. ફિજી, પાપુઆ ન્યૂ ગિનીવા, સોલોમન, સામોઆ, ટોંગા, તુવેરુ અને વાનુઆતુ જેવા દેશો આ સમુદ્રી વિસ્તારમાં આવે છે. એ ઓસ્ટ્રેલિયા ખંડનો હિસ્સો છે. જો આ ટાપુ દેશમાંથી એક-બેને મનાવી શકાય તો અમેરિકા ઉપરાંત ઓસ્ટ્રેલિયા પર પણ વ્યૂહાત્મક દબાણ કરી શકાય.

આ ગણતરી સાથે ચીને આર્થિક રીતે નબળા સોલોમન પર સૌથી પહેલાં કોશિશ કરી હતી. સોલોમનના ટાપુઓને ડેવલપ કરવાના બહાને ચીનની સરકારે કરારો પણ કર્યા હતા. ચીને સોલોમનને વિકાસ પ્રોજેક્ટ માટે તગડી લોન આપવાનું શરૂ કર્યું હતું. ૨૦૧૫થી સોલોમનને આર્થિક સહાયથી ટાર્ગેટ કરવાનો પ્લાન અમલી બન્યો હતો ને ૨૦૧૯માં તો ચીને સોલોમનનો તુલાગી ટાપુ ખરીદી દીધો હોવાનો દાવો પણ થયો હતો. સોલોમન સરકારે ટાપુ ભાડે આપ્યાના અહેવાલો આવ્યા ત્યારથી આ ટાપુ દેશમાં ઘણા લોકો તેનો વિરોધ કરી રહ્યા હતા. ૨૦૨૦માં તો પાટનગર હોનિયારામાં હિંસક પ્રદર્શનો થયાં હતાં. ઓસ્ટ્રેલિયા-અમેરિકાએ પણ સોલોમન પર રાજકીય દબાણ શરૂ કર્યું હતું.



સોલોમન ટાપુઓમાં ચીનની હાજરી હોય તો તેની સૌથી વધુ અસર ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડને થાય. ચીનની કંપની ચાઈના સેમ એન્ટરપ્રાઈઝ ગ્રુપને ટાંકીને ત્યારે કહેવાયેલું કે આ ટાપુ ૭૫ વર્ષના ભાડેથી લેવાયો છે અને તેનો વિકાસ એક બંદર તરીકે કરાશે. જોકે, સોલોમનની સરકારે સત્તાવાર રીતે એવી કોઈ જાહેરાત કરવાનું ટાળ્યું હતું. ચીનની કંપની એ ટાપુ ખરીદીને એનો ઉપયોગ લશ્કરી ગતિવિધિ માટે ચીનની સરકારને આપે એવી દલીલ કરીને ઓસ્ટ્રેલિયાએ ચિંતા વ્યક્ત કરી હતી. એ પછી થોડો વખત બધું શાંત થયું હતું ને ત્યાર બાદના ઘટનાક્રમમાં સોલોમનની સરકારે જ એવી સ્પષ્ટતા કરી હતી કે કંપની સાથેનો કરાર અયોગ્ય હતો અને સોલોમને ખાસ આર્થિક ફાયદો થતો ન હતો એટલે વાટાઘાટો ક્લોઝ કરી દેવામાં આવી છે.

તુલાગીની ઘટના પછી ઓસ્ટ્રેલિયાની સરકાર સફાળી જાગી હતી. સોલોમન જેવું બીજા કોઈ દેશ સાથે ન થાય તે માટે ઓસ્ટ્રેલિયાએ ઓશેનિયાના તમામ દેશો સાથે રાજદ્વારી સંબંધો મજબૂત બનાવવાનું શરૂ કર્યું. એટલું જ નહીં, ચીન લાભ ન લઈ જાય તે માટે અમેરિકા-ઓસ્ટ્રેલિયાએ આવા દેશોને જરૂરી આર્થિક સહાયની નીતિ પણ અમલી બનાવી. ઓસ્ટ્રેલિયાએ પ્રશાંત મહાસાગરમાં, ખાસ તો દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં ચીનનો પ્રભાવ ઘટાડવા માટે આ નાના-નાના દેશોને આર્થિક મદદ ઉપરાંત ’નો ફોરેન મિલિટરી બેઝ’ના કરારો કરવાનો વ્યૂહ પણ અમલમાં મૂક્યો. ઓસ્ટ્રેલિયા ’નો ફોરેન મિલિટરી બેઝ’ની હિમાયત કરીને ઓશેનિયાના દેશોને એવું સમજાવે છે કે ઓશેનિયા સિવાયના દેશો સાથે લશ્કરી કરાર કરવાથી લાંબા ગાળે તેમની સ્વતંત્રતા જોખમમાં મૂકાઈ શકે છે. ઓસ્ટ્રેલિયા આવા દેશોને જરૂર પડે ત્યારે લશ્કરી સહાયની ખાતરી આપે છે અને ઓસ્ટ્રેલિયામાં પણ કોઈ વિદેશી આર્મીનું લશ્કરી મથક નહીં બને તેની ખાતરી આપે છે. ૨૦૨૨થી ઓસ્ટ્રેલિયન સરકારે ઓશેનિયાના દેશો સાથે આ મુદ્દે વાટાઘાટો આદરી હતી. એમાંથી ઘણા દેશો હજુ ડ્રાફ્ટ તૈયાર કરે છે તો અમુક દેશોમાં સંસદીય પરવાનગી માટે કરારો અટક્યા છે. ફિજી જેવા એક-બે દેશોને ચીને આર્થિક રોકાણ અને બંદરોના વિકાસની યોજનાઓમાં રોકી રાખ્યું છે એટલે ઓસ્ટ્રેલિયાનો કરાર આગળ વધતો નથી.

આવી પરિસ્થિતિમાં આ પ્રયાસોના ભાગરૂપે ઓસ્ટ્રેલિયાએ પહેલો સત્તાવાર કરાર વાનુઆતુ સાથે કર્યો છે. નાકામલ અગ્રીમેન્ટ પર ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થની અલ્બનીઝ અને વાનુઆતુના વડાપ્રધાન જોથામ નેપથે હસ્તાક્ષર કર્યા એ સાથે જ ઓસ્ટ્રેલિયાના આ મિશનની શરૂઆત થઈ ગઈ છે. આ સમજૂતી મહત્ત્વની એટલા માટે પણ છે, કારણ કે ગયા વર્ષે વાનુઆતુએ તેના ડ્રાફ્ટને ફગાવી દીધો હતો. આ ટાપુ દેશની દલીલ હતી કે આવા કરારથી રોકાણકારો પ્રભાવિત થઈ શકે અને દેશના વિકાસમાં જે રોકાણ આવે તે અટકી શકે છે. જોકે, ઓસ્ટ્રેલિયાની સરકારે એક વર્ષમાં ફરીથી વાનુઆતુને આ કરાર માટે મનાવી લીધું છે. વાનુઆતુ અને ચીન વચ્ચે પણ ઘણા સમયથી વેપારી કરાર ચાલતા હતા. ચીન ગમે તેમ કરીને વાનુઆતુ સાથે વેપારી કરાર કરીને કરોડોનું રોકાણ કરવાની ફિરાકમાં હતું અને ઓસ્ટ્રેલિયા સાથેનો કરાર અટકાવવા માંગતું હતું, પરંતુ આ સ્પર્ધામાં આખરે ઓસ્ટ્રેલિયાએ બાજી મારી લીધી છે.

ઓશેનિયામાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ સહિત ૧૪ દેશો છે. ઓસ્ટ્રેલિયા અત્યારે સામોઆ, પાપુઆ ન્યૂ ગિનીવા, કિરિબાતી, પાલાઉ અને તુવાલુ સાથે આ પ્રકારના કરાર માટે વાટાઘાટો અંતિમ તબક્કામાં ચલાવે છે. ઓશેનિયામાં વિદેશી લશ્કરી મથકો ન સ્થપાય તે દક્ષિણ પ્રશાંત મહાસાગરની શાંતિ-સલામતી માટે તો અગત્યનું છે જ, પરંતુ ચીનનો વધતો લશ્કરી પ્રભાવ અટકે તે પણ વિશ્વશાંતિ માટે બેહદ જરૂરી છે.

## તંત્રી લેખ

# અયોધ્યા રામ મંદિર મામલે હવે સીબીઆઇની એન્ટ્રી

અયોધ્યાના શ્રી રામ મંદિરમાં થતી દાનચોરી મામલે દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. તપાસ કરી રહેલી એસઆઈટીને આ બાબતે ઘણી નવી જાણકારી મળી છે. એસઆઈટીની પૂછપરછ દરમિયાન નિર્માણ સહાયક ગોપાલ રાય અજ્ઞાત સ્થળે ચાલ્યા ગયા છે. તેઓ કર્ણાટક કે દિલ્હી ગયા હોવાનું મનાય છે. મંદિરની સુરક્ષા સંભાળતા સિનિયર પોલીસ અધિકારીઓને પણ બદલવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ હાઈકોર્ટની લખનૌ બેંચમાં આ બાબતે એક જાહેર હીતની અરજી પણ કરવામાં આવી છે. ચઢાવાની રકમ બાબતે કેગ દ્વારા તપાસ અને કૌભાંડની સંપૂર્ણ તપાસ સીબીઆઇને સોંપવાની માંગણી આ અરજીમાં કરવામાં આવી છે. આ અરજીની સુનાવણી સોમવારે થવાની શક્યતા છે. જોકે આંતરિક સુત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના કહેવાથી હવે તપાસ સીબીઆઇને સોંપવામાં આવશે.

કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાંથી ઓપરેટ કરતા ૨૩ જેટલા આતંકવાદીઓની યાદી જાહેર કરી છે. પાકિસ્તાનમાં સક્રિય જૈશ-એ-મહોમદ અને લશ્કર-એ-તૈયબાના ૨૩ આતંકવાદીઓને હવે સત્તાવાર આતંકવાદી જાહેર કરવામાં આવ્યા છે. સરકારનું કહેવું છે કે આ તમામ આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં ઘૂસણખોરી, આતંકવાદીઓની ભરતી, હથિયારોની દાણચોરી, ડ્રોન દ્વારા હથિયારો મોકલવા. તેમજ આતંકી હુમલાઓનું કાવતરૂ કરવાની કામગીરી કરે છે. આ તમામ આતંકવાદીઓ બીજા આતંકવાદીઓને તાલીમ પણ આપે છે. લશ્કર-એ-તૈયબાના સ્થાપક હાફીઝ સૈયદના નજીકના ત્રણ સાથીદારો અબ્દુલ રૌઉફ, હાફીઝ ખાલીદ વલીદ અને રાણા ઈફતીખારના નામ પણ આ યાદીમાં છે. રાણા ઈફતીખાર યુવાનોને આતંક ફેલાવવા માટે ઉશ્કેરે છે અને વિવિધ આતંકવાદી સંગઠનો વચ્ચે સમન્વયનું કામ કરે છે. હાફીઝ ખાલીદને ઘણા આંતકવાદી હુમલાઓનો માસ્ટર માઈન્ડ ગણાવવામાં આવ્યો છે.

પંજાબ વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષે તૈયારી શરૂ કરી છે. કોંગ્રેસે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને લોકસભાના સભ્ય ચરણજીત સિંહ ચન્નીને ચૂંટણી પ્રચાર સમિતિના પ્રમુખ બનાવ્યા છે. ચરણજીત સિંહ ચન્નીએ મોરીંદામાં એક મીટીંગ કરી હતી. આ મીટીંગમાં તમામ ભૂતપૂર્વ મંત્રીઓ, ધારાસભ્યો સિવાય સિદ્ધુ મુસેવાલાના પિતા બલકૌર સિંહ પણ હાજર રહ્યા હતા. ચન્નીની આ મીટીંગ શક્તિ પ્રદર્શન માટે ગોઠવાઈ હોવાનું મનાય છે. નવાઈની વાત એ છે કે ચન્નીને ચૂંટણી પ્રચાર સમિતિના પ્રમુખ બનાવ્યા છતાં એમણે કોંગ્રેસ હાઈકમાન્ડનો આભાર માન્યો નહોતો. મીટીંગ પછી એમના સમર્થકોએ જાહેરમાં ચન્નીને પ્રદેશ પ્રમુખ બનાવવાની માંગણી કરી હતી. કોંગ્રેસે ચૂંટણી પહેલા પંજાબ કોંગ્રેસના કેટલાક નેતાઓ પર લગામ કસવા એમની સામે પગલા લેવાનું નક્કી કર્યું છે. સિદ્ધુ મુસેવાલાના પિતા હવે સક્રિય રાજકારણમાં આવી ગયા છે.

કલકત્તા હાઈકોર્ટની એક બેંચે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને એમના ભત્રીજા અભિષેક બેનર્જીને એમની સામે ચાલી રહેલા કોર્ટના અપમાનના કેસમાં સોગંદનામુ દાખલ કરવાનો હુકમ કર્યો છે. આ પહેલા ૧૯મી જુને જસ્ટીસ અરીજીત બેનર્જી અને જસ્ટીસ અપુર્બા સિંહા રોયની બેંચે મમતા બેનર્જી અને અભિષેક બેનર્જીને કોર્ટનું અપમાન કરવા માટે નોટીસ મોકલી હતી. આ કેસ તૃણમુલ કોંગ્રેસે ૨૧મી જુલાઈ ૨૦૨૫ના રોજ કલકત્તામાં યોજેલી શહીદ દિવસ રેલી સાથે જોડાયેલો છે. આરોપ છે કે રેલી દરમિયાન કલકત્તા હાઈકોર્ટના ૨૦૧૮ના હુકમની અવગણના કરવામાં આવી હતી. કોઈપણ રાજકીય પક્ષને શહેરના મુખ્ય વિસ્તાર કે રસ્તાઓ જામ કરવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. કેસની હવે પછીની સુનાવણી ઓગસ્ટ મહિનામાં થશે. લાલુ પ્રસાદ યાદવ અને એમના પત્ની રાબડી દેવી હમણા તો નિવૃત્ત જીવન જીવે છે. બંને વયોવૃદ્ધ થઈ ગયા છે. બિહાર સરકારે રાબડી દેવી પાસે સરકારી મકાન પણ ખાલી કરાવ્યું છે. હવે સરકારે લાલુ અને રાબડીને ઝેડ પ્લસ સુરક્ષા આપવાનો નિર્ણય કરીને બધાને ચોકાવી દીધા છે. જોકે હજી ગૃહમંત્રાલય તરફથી કોઈ પત્ર મોકલવામાં આવ્યો નથી.

**મોંગલા અને ચટગાંવ બંદરો ચીનને આપવા પાછળ માત્ર વેપાર કારણ નથી. ચીન અહીંયા જે આધુનિક ક્રેન અને લોજિસ્ટિક ડેવલપમેન્ટ કરી રહ્યુ છે તે બંગાળની ખાડીમાંથી પસાર થતા દરેક જહાજ અને સામાનની તથા સૈન્ય સપ્લાયની પણ પળેપળની માહિતી મેળવવા માગે છે : આ જગ્યા ભારતના કોલકાતાથી માત્ર ૮૦ કિ.મી દૂર આવેલી છે. ભારતીય સરહદની આટલી નજીક ખંધા ચીનની એન્ટ્રી ઘણા સમીકરણો બદલી શકે છે**

# બાંગ્લાદેશ, પાક. અને મ્યાંમાર થકી ચીને ભારત પર ભીંસ વધારી

## અઘધ લોન આપીને અને વિવિધ પ્રોજેક્ટમાં રોકાણ કરીને ચીને બાંગ્લાદેશને ગુલામ બનાવી દીધું હવે તેના દ્વારા ભારતની જાસુસી, ઘેરાબંદી કરવા ઈચ્છે છે



મોંગલા અને ચટગાંવ બંદરો ચીનને આપવા પાછળ માત્ર વેપાર કારણ નથી. ચીન અહીંયા જે આધુનિક ક્રેન અને લોજિસ્ટિક ડેવલપમેન્ટ કરી રહ્યુ છે તે બંગાળની ખાડીમાંથી પસાર થતા દરેક જહાજ અને સામાનની તથા સૈન્ય સપ્લાયની પણ પળેપળની માહિતી મેળવવા માગે છે : આ જગ્યા ભારતના કોલકાતાથી માત્ર ૮૦ કિ.મી દૂર આવેલી છે. ભારતીય સરહદની આટલી નજીક ખંધા ચીનની એન્ટ્રી ઘણા સમીકરણો બદલી શકે છે. જાણકારો માને છે કે, ચીન અહીંયા કોઈ માલગાડી ચલાવવાનું નથી કે વેપારી જહાજો પણ આવવાની નથી. ચીન અહીંયા જાસુસી સિસ્ટમ ડેવલપ કરવા માગે છે. તે પોતાની એડવાન્સ મરિન સર્વેલન્સ સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક જાસુસી સિસ્ટમ અહીંયા લાગવી દેશે : મોંગલા બંદર ભારતના હાથમાંથી જતું રહેતા જ ભારતનો મલ્ટિ મોડલ ટ્રાન્ઝિટ પ્લાન ઠપ થઈ ગયો છે. અહીંયાથી જ આપણા ઉત્તર-પૂર્વના રાજ્યોનો તમામ માલસામાન સસ્તા ભાવે વિદેશોમાં જતો હતો. આ ઉપરાંત આ દરિયાઈ રસ્તે જ થાઈલેન્ડ, વિયેતનામ, ઈન્ડોનેશિયા જેવા બજારોમાં પણ ભારત પોતાની પહોંચ વધારવા માટે સજ્જ હતું પણ હવે આ સપનું તૂટી ગયું છે

ચીન દાયકાઓથી ભારતને મિત્રતાની વાતો કરીને ફસાવી રહ્યો છે અને ભારત તેની જાળમાં ફસાતું પણ આવ્યું છે. અરુણાચલની જમીન હોય કે પછી લદાખના મેદાનો કે પછી ઘાટીઓ ચીને કાયમ ભારતને છેતર્યું છે. તેણે અત્યાર સુધી પાકિસ્તાનને પોતાનો હાથો બનાવેલો હતો. તેણે કંગાળ પાકિસ્તાનને અબજો રૂપિયાની લોન આપીને અને ત્યાં રોકાણ કરીને તેને ગુલામ બનાવી દીધું છે. હવે તેણે આવી જ રણનીતિ સાથે બાંગ્લાદેશને શકંજામાં લીધું છે. હકિકતે તે પાકિસ્તાન બાદ હવે બાંગ્લાદેશને ગુલામ બનાવીને ભારતી ઘેરાબંદી કરવા પ્રયાસ કરી રહ્યું છે. બંગાળની સાથે વેપાર, રોકાણ અને લોનના નામે તે એવી રણનીતિ બનાવી રહ્યું છે કે, ભારતને બંગાળની ખાડીમાં અને તેના પૂર્વત્તોર રાજ્યોને સરળતાથી નુકસાન પહોંચાડી શકાય.

હાલમાં સૌથી મોટી ચિંતા મોંગલા બંદરની છે. અહેવાલો પ્રમાણે બાંગ્લાદેશે આ બંદરની ૧૧૦ એકર જમીન ઈકોનોમિક ઝોનના નામે ચીની સરકારી કંપનીને આપી દીધી છે. આશ્ચર્યની વાત એ છે કે, ૨૦૧૫ના સોદા પ્રમાણે આ જગ્યા ભારતને આપવાનું નક્કી થયું હતું પણ બાંગ્લાદેશની નવી સરકારે વિશ્વાસઘાત કરીને ચીનને આ જગ્યા ભેટ ધરી દીધી છે.

આપણા સુરક્ષા અધિકારીઓ હવે જણાવે છે કે, મોંગલા અને ચટગાંવ બંદરો ચીનને આપવા પાછળ માત્ર વેપાર કારણ નથી. ચીન અહીંયા જે આધુનિક ક્રેન અને લોજિસ્ટિક ડેવલપમેન્ટ કરી રહ્યુ છે તે બંગાળની ખાડીમાંથી પસાર થતા દરેક જહાજ અને સામાનની તથા સૈન્ય સપ્લાયની પણ પળેપળની માહિતી મેળવવા માગે છે. તે વેપારના નામે ભારતની જાસુસી કરવા માગે છે. જાસુસીનો ભય માત્ર દરિયામાં જ નથી. તે બાંગ્લાદેશમાં રહીને ભારતીય સેનાના સિગ્નલોની પણ જાસુસી કરી શકે છે. તે એવા ઈલેક્ટ્રોનિક ડિવાઈસ લગાવી શકે છે જે પશ્ચિમ બંગાળના સુકનામાં આવેલા આપણા સૈન્યના રેડિયો અને રડાર સિગ્નલો સરળતાથી પકડી લે.

ઉલ્લેખનીય છે કે, ભારતે ઘણા સમયતી જે એક્ટ ઈસ્ટ પોલિસી બનાવી છે અને પૂર્વની સુરક્ષાના જે ચક્રવ્યૂહ તૈયાર કર્યો છે તેને બાંગ્લાદેશ અને ચીનની આ મિલિભગતથી મોટો ઝાટકો લાગી શકે તેમ છે. બાંગ્લાદેશે જે રીતે એકાએક પોતાની પોલિસીઓ બદલીને મોંગલા પોર્ટ ભારતના બદલે ચીનને આપી દીધો તે જણાવે છે કે, ચીનના પૈસા આગળ બાંગ્લાદેશ વેચાઈ ગયું છે. તેણે મોંગલા, ચટગાંવ ખાતે ચીનને રડાર અને સોનાર સિગ્નલના પરમેનન્ટ ઠેકાણા આપી દીધા છે. સ્થિતિ એવી થઈ છે કે, હવે કોલકાતાથી હલ્દિયા સુધી ચીન સરળતાથી ભારત ઉપર જાસુસી કરી શકશે. આ સિવાય કોલકાતા કે વિશાખાપટ્ટનમથી કોઈ જહાજ કે સૈન્ય જહાજ નીકળશે તો ચીન સરળતાથી તેને ટ્રેસ કરી શકશે અને તેની તમામ ગતિવિધિઓ ઉપર નજર રાખી શકશે.

મહત્ત્વની વાત એ છે કે, બાંગ્લાદેશે એકાએક ચીનને જે ભેટ આપી દીધી છે તે ભારત માટે અત્યંત જોખમી છે. ચાઈના સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન નામની ચીની સરકારી કંપની દ્વારા મોંગલા પોર્ટનું ડેવલપમેન્ટ અને કન્ટ્રોલનું કામ લેવામાં આવ્યું છે. આ લોકેશન ચીન પાસે જવાથી તેના ભયસ્થાનો મોટાપાયે વધી ગયા છે. આ જગ્યા ભારતના કોલકાતાથી માત્ર ૮૦ કિ.મી દૂર આવેલી છે. ભારતીય સરહદની આટલી નજીક ખંધા ચીનની એન્ટ્રી ઘણા સમીકરણો બદલી શકે છે. જાણકારો માને છે કે, ચીન અહીંયા કોઈ માલગાડી ચલાવવાનું નથી કે વેપારી જહાજો પણ આવવાની નથી. ચીન અહીંયા જાસુસી સિસ્ટમ ડેવલપ કરવા માગે છે. તે પોતાની એડવાન્સ મરિન સર્વેલન્સ સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક જાસુસી સિસ્ટમ અહીંયા લાગવી દેશે. ચીની સેના કોલકાતા અને હલ્દિયા પોર્ટની તમામ જાણકારી મેળવી શકશે. એક સમયે ભારત માટે મિત્ર ગણાતું મોંગલા પોર્ટ હવે ચીની જાસુસીનો અડ્ડો બની જશે.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જાણકારો માને છે કે, તારિક રહેમાન સરકારે સમજી વિચારીને આ ગેમ પ્લાન બનાવ્યો છે. બાંગ્લાદેશ હવે કોઈપણ ભોગે ભારતના ટ્રાન્સપોર્ટ અને ટ્રાન્ઝિટ નેટવર્ક ઉપર પોતાની નિર્ભરતા ઓછી કરવા માગે છે. બાંગ્લાદેશ માને છે કે, ચીન દ્વારા કરોડો યુઆનનું રોકાણ કરીને મોંગલા પોર્ટને અત્યાધુનિક બનાવી દેવાશે. તેના પગલે તે કોલકાતા પોર્ટને ઠેંગો બતાવવા માગે છે. તે પોતાનો તમામ વૈશ્વિક વેપાર હવે ચીનના ઈશારે ચાલતા સામુદ્રિક રસ્તે જ કરવા સજ્જ થઈ ગયું છે. તેના કારણે જ તેણે મોંગલા પાસે ૧૧૦ એકર જમીન પણ ચીની કંપનીને રિઝર્વ કરીને આપી દીધી છે. ચીનના લોકો અને ખાસ કરીને સૈનિકો અને મજૂરોને બાંગ્લાદેશમાં લાવવા અને ત્યાં રોકાવા માટે બાંગ્લાદેશે પોતાની સ્થાનિક સ્કૂલોમાં ચીની ભાષા શીખવવાની શરૂઆત કરાવી દીધી છે. હકિકતે આ આંતરરાષ્ટ્રીય કૂટનીતિ નહીં પણ ચીનની રીતસરની ગુલામી જ છે. ચિંતાજનક વાત એ છે કે, મોંગલા બંદર ભારતના હાથમાંથી જતું રહેતા જ ભારતનો મલ્ટિ મોડલ ટ્રાન્ઝિટ પ્લાન ઠપ થઈ ગયો છે. ભારત વરસોથી પોતાની એક્ટ ઈસ્ટ પોલિસી હેઠળ મોંગલાને પોતાના જાદુઈ રસ્તા જેવું મનાતું હતું. અહીંયાથી જ આપણા ઉત્તર-પૂર્વના રાજ્યોનો તમામ માલસામાન સસ્તા ભાવે વિદેશોમાં જતો હતો. આ ઉપરાંત આ દરિયાઈ રસ્તે જ થાઈલેન્ડ, વિયેતનામ, ઈન્ડોનેશિયા જેવા બજારોમાં પણ ભારત પોતાની પહોંચ વધારવા માટે સજ્જ હતું પણ હવે આ સપનું તૂટી ગયું છે. ભારતે જે અબજો રૂપિયાનું રોકાણ અહીંયા કર્યું હતું તેની સામે અનેકગણું રોકાણ ચીને કરીને બાંગ્લાદેશ પાસેથી મનમાની કરાવવાનું શરૂ કરી દીધું છે. તેના કારણે જ ભારતની ઈસ્ટ બિઝનેસ પોલિસીને પણ વ્યાપક નુકસાન જાય તેવું દેખાઈ રહ્યું છે.

ચીન માત્ર એક જ બંદર લઈને શાંત નથી બેસી રહ્યું. તેણે ભારતને ચારે તરફથી ઘેરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેણે ભારતના પૂર્વોત્તરના રાજ્યોનો સકંજો કસવાની શરૂઆત કરી હોય તેમ દેખાઈ રહ્યું છે. જેવું બાંગ્લાદેશ તેને ઘુંટણીયે પડ્યું કે તેણે તરત જ તીસ્તા નદી ઉપર એક વિવાદિત અને વિશાળ ડેમ બનાવવાની કામગીરીની ઝડપ વધારી દીધી છે. તીસ્તા નદીનું પાણી ભારત માટે કેટલું મહત્ત્વનું છે તે ચીન જાણે છે તેથી જ તેણે આ જગ્યા દબાવવા માટે આ મેલી મથરાવટી ઘસી છે. આ ઉરપાંત તેણે ચીન-મ્યાંમાર-બાંગ્લાદેશ ઈકોનોમિક કોરિડોરની કામગીરીમાં પણ તેજી લાવી દીધી છે. તે દરિયા, નદી અને રસ્તા દ્વારા ભારતની પૂર્વી સરહદોને ઘેરવા માગે છે. ત્યાં તે પોતાના રસ્તા, રડાર, બ્રિજ, મિલિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવીને ભારત માટે મોટા પડકારોનું સર્જન કરી રહ્યું છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, બાંગ્લાદેશ હવે ભારતનું મિત્ર નથી. તે ચીની પૈસા આગળ ઘુંટણીયે પડી ગયું છે. તેના માટે તેણે ચીનને ભારતની સરહદોની નજીકના વિસ્તારો ભેટ ધરી દીધા છે. ભારતની નેબરહુડ ફર્સ્ટની નીતિને પગલે બાંગ્લાદેશે ઘણું નુકસાન કર્યું છે. હજી પણ તે મોટું નુકસાન કરવાની ફિરાકમાં છે. ભારતમાં જે રીતે છેલ્લાં એક દાયકાથી વિદેશનીતિ અને કૂટનીતિની સ્થિતિ ખરાબ થયેલી છે તેના પગલે ભારતની વૈશ્વિક અસરો ઘટી ગઈ છે. ભારતની જે છબી હતી, ભારતની વાતનું જે વજન પડતું હતું તેમાં ઘણો ઘટાડો જોવા મળી રહ્યો છે. ભારતની વિદેશનીતિની નિષ્ફળતાના પાપે હવે સ્થાનિક ધોરણે પણ ઘણા પડકારો ઊભા થવા લાગ્યા છે. હાલમાં બાંગ્લાદેશે જે ચીન સાથે સોદા કર્યા છે તેના પગલે ભારતને હવે માત્ર સરહદ સુરક્ષિત કરવાથી કોઈ લાભ થવાનો નથી. ભારતે હકિકતે તો રાજકીય ચર્ચા, આથક સહયોગ અને જનસંપર્ક સ્તરે બાંગ્લાદેશને પોતાની તરફ ખેંચી લેવું જોઈએ. પાડોશી દેશો જે રીતે ધીમે ધીમે ભારતના વિરોધીઓ સાથે જોડાઈ રહ્યા છે તે અત્યંત જોખમી સ્થિતિ છે. તેમાંય બાંગ્લાદેશે જે રીતે જેએફ-૧૭ સોદો કર્યો છે તે સાઉથ એશિયામાં સૌથી મોટું શક્તિ સંતુલન વિખેરી શકે છે. ભારત માટે એક સમયે આ વિમાન પણ મોટો ખતરો નથી પણ પાડોશમાં રહેલા મિત્રના નામે શત્રુઓના ગુલામો વધારે જોખમી છે. તેણે તાકીદે રણનીતિ બદલીને ભારતને સાથ આપવો પડશે તેવું દબાણ લાવવું પડશે નહીંતર ભારતને ખૂબ જ નુકસાન જશે.

સ્પષ્ટપણે જાણકારો માને છે કે, ચીનની રણનીતિ માત્ર રોકાણ કરવાની કે પ્રોજેક્ટ શરૂ કરવાની હોતી નથી. તે બાંગ્લાદેશને મોટાપાયે હથિયારો પણ વેચે છે. બીજી તરફ આવા રોકાણ કરીને, પ્રોજેક્ટ વિકસાવીને તે બાંગ્લાદેશ ઉપર લાંબા સમય સુધી પોતાનો પ્રભાવ વધારવા માગે છે. બાંગ્લાદેશ ઘણા વખતથી ચીની હથિયારો ખરીદી રહ્યું છે. હાલમાં પણ બાંગ્લાદેશની નૌસેનામાં ચીની સબમરીન, ફ્રિગેટ્સ અને કોર્વેટ્સ છે. તે ઉપરાંત બાંગ્લાદેશની સેના પાસે જે હથિયારો છે તેમાંથી મોટાભાગના હવે ચીની હથિયારો થઈ ગયા છે. એક અહેવાલ જણાવે છે કે, જો હવે બાંગ્લાદેશ ચીન-પાકિસ્તાનના જેએફ-૧૭ ઉપર આધાર રાખવા લાગે તો બાંગ્લાદેશની એરફોર્સ ઉપર પણ તેનો કબજો થઈ જશે. આ રીતે બાંગ્લાદેશના સૈન્યની તમામ પાંખ ઉપર ચીનનો કબજો વધારે મજબૂત થશે. ધીમે ધીમે આ તમામ સાધનો લીધ બાદ તેના સ્પેરપાર્ટ્સ, સોફ્ટવેર અપડેશન, ટ્રેનિંગ અને મેન્ટેનન્સ માટે બાંગ્લાદેશે ફરજિયાત ચીન ઉપર જ આધાર રાખવો પડશે. તેના થકી ચીન ભારતની નજીક આવેલી સરહદો ઉપર પોતાની સૈન્ય પકડ મજબૂત બનાવી લેશે. જે ભવિષ્યમાં ભારત માટે મોટો પડકાર બની શકે છે.

# મુક્તિ કર્મથી નહીં,હેતુથી જ થાય છે ભાવ જ ઈશ્વર સુધી લઈ જાય

## ઈશ્વર કર્મના વજનને નહીં, કર્મની પાછળના હેતુને તોલે છે.એક જ ક્રિયા કોઈને બંધન માં નાખે છે અને એ જ ક્રિયા કોઈને મુક્તિ આપે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માણસ જીવનભર કર્મ કરે છે. કોઈ ઉપદેશ આપે છે,કોઈ સેવા કરે છે,કોઈ કળા દ્વારા લોકોને આનંદ આપે છે.બહારથી જોતાં બધું જ સારું લાગે છે. પણ શાસ્ત્રો કહે છે કે ઈશ્વર કર્મના વજનને નહીં, કર્મની પાછળના હેતુને તોલે છે. એક જ ક્રિયા કોઈને બંધનમાં નાખે છે અને એ જ ક્રિયા કોઈને મુક્તિ આપે છે. કારણ એક જ છે:ભાવ.આજે આપણે એક ગામની જૂની કથા અને સંતોના અનુભવ દ્વારા એ જ સત્યને સમજવાનો પ્રયાસ કરીશું. કે જીવનનું લક્ષ્ય શું હોવું જોઈએ, અને તે લક્ષ્ય સુધી પહોંચવા માટે કયા ત્રણ સાધન સૌથી મોટા છે.

એક ગામમાં બે વ્યક્તિ રહેતી હતી.એક ધાર્મિક પુરુષ જે રોજ લોકોને ન્યાય અને ધર્મનો ઉપદેશ આપતો. બીજી એક નૃત્યાંગના જે પોતાના નૃત્યથી ગામના લોકોનું મનોરંજન કરતી અને એમાંથી જ પોતાનું ગુજરાન ચલાવતી.

એક દિવસ ગામમાં મોટો પૂર આવ્યો અને બંને મૃત્યુ પામ્યા. મૃત્યુ પછી બંને યમરાજના દરબારમાં પહોંચ્યા. ઉપદેશકને પૂરી ખાતરી હતી કે તેને સ્વર્ગ મળશે. નૃત્યાંગનાને કોઈ અપેક્ષા નહોતી,તે માત્ર ન્યાયની રાહ જોતી હતી.ચુકાદો આવ્યો: ઉપદેશકને નરક અને નૃત્યાંગનાને સ્વર્ગ.

ઉપદેશક ક્રોધથી બોલ્યો, 'મહારાજ, આ કેવો ન્યાય? મેં જીવનભર ધર્મનો પ્રચાર કર્યો અને આ સ્ત્રીએ તો માત્ર નૃત્ય કર્યું!'

યમરાજે શાંતિથી કહ્યું, 'આ નૃત્યાંગનાએ પેટ માટે નૃત્ય કર્યું ખરું, પણ તેના હૃદયમાં હંમેશા એ ભાવ હતો કે હું મારી કળા ઈશ્વરને અર્પણ કરું છું. અને તું? ઉપદેશ આપતી વખતે પણ તારા મનમાં એ નૃત્યાંગનાને જોવાની ઈચ્છા રહેતી હતી. યાદ રાખ, ક્રિયા કરતાં ક્રિયાની પાછળનો હેતુ મોટો છે.'

આ કથા આપણને એક જ વાત શીખવે છે. બહારથી પુણ્ય દેખાતું કાર્ય પણ જો અહંકાર, ઈર્ષ્યા કે વાસનાથી થાય તો તે પાપ બની જાય છે.અને બહાર થી સામાન્ય લાગતું કાર્ય પણ જો શુદ્ધ ભાવથી ઈશ્વરને સમર્પિત હોય તો તે સાધના બની જાય છે.જીવનનું લક્ષ્ય અને ત્રણ સાધન મનુષ્ય જીવન નાવિક વગરની નૌકા જેવું છે જો તેનું કોઈ ધ્યેય ન હોય. આપણા ધ્યેય એક જ હોવો જોઈએ: પરમાત્માની પ્રાપ્તિ.

આ ધ્યેય સુધી પહોંચવા માટે શાસ્ત્રોએ ત્રણ મુખ્ય સાધન બતાવ્યા છે:ધ્યાન પ્રભુના મંગલ મય સ્વરૂપનું ચિંતન. મનને એક જગ્યાએ સ્થિર કરવાથી મનની શક્તિ વધે છે.અર્ચન રોજ ઠાકોરજીની સેવા,પૂજા, નિયમિતતા.નામજપ પરમાત્માના નામનું સત સ્મરણ.આ ત્રણ માંથી એક પણ સાધન જો દ્રઢતાથી કરવામાં આવે તો તે મનની શુદ્ધિ કરે છે. દાનથી, વ્રતથી દ્રવ્ય શુદ્ધ થાય, પણ મન શુદ્ધ થતું નથી. મન શુદ્ધ થાય છે ધ્યાનથી. ગીતામાં ભગવાને કહ્યું પણ છેકે મને ન વેદથી,ન તપથી ન દાનથી,ન યજ્ઞથી પ્રાપ્તિ થાય છે.મનની શુદ્ધિથી જ પ્રાપ્તિથાય છે.જો ત્રણેય ન થઈ શકે તોકોઈ એકને પકડી રાખો. સાધન વિના સિદ્ધિ નથી.

કળિયુગમાં નામસ્મરણનું મહત્વ

આજે કળિકાળ છે.આ યુગમાં સ્વરૂપ સેવા માટે જેટલી પવિત્રતા જોઈએ એ રાખવી બહુ કઠણ છે. તેથી સંતોએ કહ્યું કે આ યુગમાં નામસેવા જ પ્રધાન છે.નામ અને નામી અભિન્ન છે. રામનામની શક્તિ રામથી પણ મોટી છે.એક વાર રામચંદ્રજીને જિજ્ઞાસા થઈ.વાનરોએ મારું નામ પથ્થર પર લખીને સમુદ્ર પર સેતુ બાંધ્યો હતો.તો હું પોતે પથ્થર ફેંકું તો તરે?તેમણે પથ્થર ફેંક્યા અને બધા ડૂબી ગયા.

હનુમાનજી હસીને કહે, 'પ્રભુ, તમે જેને ત્યજો તે કેવી રીતે તરી શકે? તમે તરછોડો એટલે ડૂબે. પણ તમારું નામ જેને અપનાવે તેને કોઈ ડુબાડી શકતું નથી.'

તુલસીદાસજી પણ કહે છે કે નામ તો એવો મણિ છે જે વિષય રૂપી નાગને વશ કરે છે.નામથી વિધાતાનો લેખ પણ ફરી શકે છે. નામ જપથી દશેય દિશા મંગલ મય બને છે.

સીતાજી એટલા તલ્લીન હતા કે વૃક્ષના પાંદડે પાંદડે 'રામ' નામનો ધ્વનિ સંભળાતો હતો. આવી નિષ્ઠા કઠણ છે, પણ અશક્ય નથી.જનાબાઈનું ઉદાહરણ સંત જનાબાઈ છાણા થાપતાં હતાં. કામ કરતી વખતે પણ તેમના મુખે સત 'વિઠ્ઠલ વિઠ્ઠલ' નામ ચાલતું. એક વાર કોઈ તેમના છાણા ચોરી ગયું. નામદેવે કહ્યું, 'બધા છાણા સરખા,તારા કેવી રીતે ઓળખાય?'

જનાબાઈએ કહ્યું, 'મારા છાણા ઓળખાશે.કાન પાસે ધરશો તો તેમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલનો અવાજ આવશે.'

નામદેવે પરીક્ષા કરી અને ખરેખર છાણામાંથી જપનો ધ્વનિઆવ્યો ત્યારે નામદેવ બોલ્યા, 'નામદેવ હું નહીં,તું છે.'જડ છાણામાંથી પણ નામનો ધ્વનિ નીકળે.કારણ કે જ્યાં નામ નિષ્ઠા હોય ત્યાં જડ પણ ચૈતન્ય બની જાય. આપણા માટે સંદેશ આજે આપણે પણ ઘણું કરીએ છીએ. નોકરી,વ્યવસાય,સેવા,પૂજા પણ પ્રશ્નએ છેકે કરતી વખતે આપણો ભાવ શું છે?

વાસનાનો નાશ ત્યાં સુધી નથી થતો જ્યાં સુધી ઈન્દ્રિયોને ભક્તિરસમાં ન તરબોળીએ. ભક્તિ જીવ અને ઈશ્વર વચ્ચે સંબંધ જોડે છે.યમુના મહારાણી ભક્તિનું જ સ્વરૂપ છે.તેથી ત્રણ વાત આપણે જીવનમાં ઉતારીએ રોજ નિયમ ધ્યાન,અર્ચન કે નામ જપમાંથી ઓછામાં ઓછું એક નિયમ પકડો.હેતુ શુદ્ધ રાખો જે કરો તે ઈશ્વરને અર્પણ કરો. ફળની ઈચ્છા ન રાખો.નામનો આશરો કળિયુગમાં નામ સૌથી સુલભ સાધન છે. મૃત્યુ સુધારવું હોય તો જીવનભર નામની ટેવ પાડો.કથાના ઉપદેશકે બહારથી ધર્મ કર્યો પણ અંદરથી ભાવ શુદ્ધ ન રાખ્યો. નૃત્યાંગનાએ બહારથી સામાન્ય કામ કર્યું પણ અંદરથી બધું ઈશ્વરને સોંપી દીધું.તેથી પરિણામ ઊલટુંઆવ્યું

જીવનમાં મોટા કાર્યો કરતાં નાનો પણ શુદ્ધ ભાવવાળો જપ વધારે મોટો છે.રામનામથી પથ્થર તરે છે,તો આપણું મન કેમ ન તરે?ચાલો,આજથી જ નક્કી કરીએ રોજ થોડો સમય ધ્યાન માટે, થોડો સમય સેવા માટે,અને સૌથી વધુ સમય નામ સ્મરણ માટે આપીશું. કારણ કે જ્યાં સુધી પરમાત્માનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી નામ જ આપણો આધાર છે.

પરમાત્માના મંગલમય નામનો જપ કરો. નામ જ તમને તારશે.

# દુર્યોધનને મામા શકુનિનો સાથ મળ્યો ન્હોત, તો કદાચ આપણી સામે દુર્યોધનનું જુદું ચરિત્ર હોત!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજનાં સમયમાં વારંવાર યુદ્ધમાં સમાધાન થયું, અને વળી પાછું કોઈ દેશે એવું માનવાનો ઈનકાર કર્યો અને છમકલું કર્યું! બસ આવાં સમાચારો નાં માહોલમાં પણ આપણે લહેર કરી રહ્યા છીએ! કારણકે સરહદે સૈનિકો રાતદિવસ પહેરો ભરી રહ્યાં છે, અને પોતાના રાષ્ટ્ર માટે જાન ન્યોછાવર કરવા તૈયાર છે! પણ આપણામાં દેશપ્રેમ છે એવું દેખાડવા! અહીં જ એ નેતાની ભૂલ થઈ, એમણે આવું નિવેદન કરવાની જરૂર નહોતી! અથવા તો અમેરિકા ઈ જ લાગનું હતું! બધી વાતમાં એને પોતાની હોંશિયારી સાબિત કરવી છે! આમ પોતાની પહોંચ બહારના ક્ષેત્રની વાત કરવામાં સમય બરબાદ કરીએ છીએ! ખરેખર યુદ્ધ તો કેટલું ભીષણ અને લોહીયાળ જંગ છે, એ તો ખુવાર થનારા સૈનિકો જ જાણે, જે પોતાનાં રાષ્ટ્રનાં સરફિરા વડાં નેતાઓની જાગીર હોય એમ એની સાથે રમે છે. આટ આટલાં યુદ્ધો થયાં! એમાં રાષ્ટ્રના વડા માર્યા ગયા એવી ઘટના બહુ ભાગ્યે જ ઘટે છે, કારણ કે એને પ્રેકટિકલ કરવાનું નથી હોતું! પહેલાંના કાળમાં યુદ્ધમાં પણ રણનિતી નું આચરણ થતું! કે સાંજ થાય એટલે વિરામ ! અને જે તે સેનાનાં સૈનિકો શહીદ થયા હોય એ પોતાની છાવણીમાં હોય, તો એને સન્માન સહિત એનાં રાજાને સોંપી દેવામાં આવતા! ખોરાકનો પૂરવઠો ખત્મ થયો હોય તો રાષ્ટ્ર પ્રેમી તરફથી સૈનિકો માટે મોકલવામાં આવતું! કોઈ રાજા પાછળથી વાર કરતાં નહીં! પરંતુ મહાભારતમાં કુરુક્ષેત્રના મેદાનમાં થયેલા યુદ્ધમાં ઘણાં ષડયંત્ર રચાયાં હતાં, અને એમાં કેટલાંય પ્રખર યોદ્ધા મરાયાં હતાં. આજે સોમવાર અને એટલે ચરિત્રની ઓળખ! આપણે કુરુ વંશનાં મહત્વનાં પાત્ર દુર્યોધન વિશે ચિંતન કરીશું.

દુર્યોધન હિન્દુ મહાકાવ્ય મહાભારતનો મુખ્ય પ્રતિનાયક છે. તે હસ્તિનાપુરનાં અંધ રાજા ધૃતરાષ્ટ્ર અને રાણી ગાંધારીનો સૌથી મોટો પુત્ર હતો. તે મહાન યોદ્ધા હોવાથી 'સુયોધન' તરીકે પણ ઓળખાતો હતો. તેના નામનો અર્થ 'જેની સાથે યુદ્ધ કરવું એ બહુ મુશ્કેલ છે, તેવો થાય છે.

દુર્યોધનનો જન્મ પાંડવોના સૌથી મોટા ભાઈ ભીમની સાથે જ થયો હતો. માન્યતા અનુસાર, દુર્યોધનના શરીરનો ઉપરનો ભાગ વજ્ર જેવો મજબૂત હતો, અને નીચેનો ભાગ માતા પાર્વતી દ્વારા બનાવવામાં આવ્યો હતો. દુર્યોધન સાચે જ એક અદ્ભુત ગદાધારી અને બહાદુર યોદ્ધા હતો. તે પોતાના મિત્રો પ્રત્યે અત્યંત વફાદાર હતો. જોકે, તેની સૌથી મોટી નબળાઈ પાંડવો પ્રત્યેની ઈર્ષ્યા, અહંકાર અને સત્તા પ્રત્યેનો આંધળો પ્રેમ હતો. એટલે જ એણે પાંડવોને જીવતા બાળી મારવા લાક્ષાગૃહ કાવતરું કર્યું, પરંતુ પાંડવો સમયસર ત્યાંથી બચી નીકળ્યા હતા. શકુનિની મદદથી દ્યુતની રમતમાં યુધિષ્ઠિરને હરાવીને દ્રૌપદીનું અપમાન કર્યું, જે મહાભારત યુદ્ધનું મુખ્ય કારણ બન્યું. 18 દિવસ સુધી ચાલેલા કુરુક્ષેત્રના યુદ્ધમાં દુર્યોધન કૌરવ સેનાનો મુખ્ય નેતા અને સેનાપતિ હતો. તેણે દ્રોણાચાર્ય અને ભીષ્મ પિતામહ જેવા યોદ્ધાઓના નેતૃત્વમાં સેનાનું સંચાલન કર્યું. મુખ્યત્વે તો દુર્યોધન નું ચરિત્ર વિલન નું છે, એટલે કે પાંડવોને ખત્મ કરવા માટે ખૂબ બધી યોજનાઓ કરી! પણ શકુનિ એને રાજગાદી પર બેસેલ જોવા માંગતા હતા! એટલે આ ષડયંત્ર પાછળ શકુનિ કારણભૂત છે.

મહાભારતમાં દુર્યોધનને ભલે એક ક્રૂર અને અધર્મી રાજા તરીકે દર્શાવવામાં આવ્યો હોય, પરંતુ એક પતિ અને પિતા તરીકે તેનું પાત્ર ઘણું પ્રેમાળ, વફાદાર અને જવાબદાર હતું. પોતાના પરિવાર પ્રત્યે તેનામાં કોઈ કપટ કે ક્રૂરતા નહોતી. દુર્યોધનની પત્નીનું નામ ભાનુમતી હતું ,તે કાંબજોના રાજા ચંદ્રવર્માની પુત્રી હતી, એનાં સ્વયંવરમાં દુર્યોધને તેનું અપહરણ કર્યું, પરંતુ એણે ભાનુમતી ને વચન આપ્યું કે એ એક પત્નીત્વ નું પાલન કરશે. એ જમાનામાં રાજાઓ ઘણી પત્નીઓ રાખતા હતા, પરંતુ દુર્યોધન પોતાની પત્ની ભાનુમતી પ્રત્યે સંપૂર્ણ વફાદાર રહ્યો હતો.મિત્ર કર્ણ પર અતુટ વિશ્વાસ હતો. ભાનુમતી અને કર્ણ વચ્ચે ગાઢ મિત્રતા હતી, એકવાર ભાનુમતી અને કર્ણ ચોપાટ રમી રહ્યા હતા. દુર્યોધનને અચાનક આવતો જોઈ ભાનુમતી ઊભી થવા ગઈ, ત્યારે કર્ણે તેને હારથી બચવા રોકવા માટે તેનો પાલવ પકડ્યો, જેનાથી ભાનુમતીનો કમરબંધ તૂટી ગયો અને મોતી વેરાઈ ગયા. કોઈપણ સામાન્ય પતિ ગુસ્સે થઈ જાય, પરંતુ દુર્યોધને હસીને કર્ણને કહ્યું, 'મોતી વીણી લઉં કે પરોવી દઉં?' આ પ્રસંગ દર્શાવે છે કે દુર્યોધનને પોતાની પત્ની અને મિત્ર પર કેટલો અતૂટ ભરોસો હતો.

દુર્યોધન અને ભાનુમતીને બે જોડિયા સંતાનો હતાં, પુત્ર લક્ષ્મણ કુમાર અને પુત્રી લક્ષ્મણા. દુર્યોધન પોતાના પુત્ર લક્ષ્મણને ખૂબ પ્રેમ કરતો હતો અને તેને યુદ્ધની શ્રેષ્ઠ તાલીમ આપી હતી. મહાભારતના યુદ્ધમાં ચક્રવ્યૂહ દરમિયાન જ્યારે અભિમન્યુએ લક્ષ્મણ કુમારનો વધ કર્યો, ત્યારે દુર્યોધન પુત્રના શોકમાં ધ્રૂજવા લાગ્યો હતો, અને તે અત્યંત ભાંગી પડ્યો હતો.જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર સાંબ અને લક્ષ્મણા એકબીજાના પ્રેમમાં પડ્યા, ત્યારે દુશ્મનાવટના કારણે દુર્યોધન આ લગ્નની વિરુદ્ધ હતો. સાંબે લક્ષ્મણાનું અપહરણ કર્યું, ત્યારે દુર્યોધન કૌરવ સેના સાથે દીકરીને બચાવવા પહોંચી ગયો હતો. જોકે, પાછળથી બલરામજીના સમજાવવા પર તેણે પોતાની દીકરીની ખુશી માટે આ સંબંધ સ્વીકારી લીધો અને ધામધૂમથી લગ્ન કરાવ્યાં હતાં.

દુર્યોધનના જીવનની સૌથી ખાસ ઘટના તરીકે તેનાં મૃત્યુને ગણી શકાય. મહાભારતનાં યુદ્ધ દરમિયાન જ્યારે દુર્યોધનના બધાં ભાઈઓ માર્યા ગયા, ત્યારે માતા ગાંધારીએ પોતાનાં તપોબળનો ઉપયોગ કરીને દુર્યોધનનું શરીર વજ્ર જેવું બનાવ્યું, પરંતુ દુર્યોધન જ્યારે નગ્ન અવસ્થામાં માતા પાસે જતો હતો, ત્યારે તેને ભગવાન શ્રીકૃષ્ણ મળ્યાં. શ્રીકૃષ્ણએ તેને કહ્યું, આટલો મોટો થયો કાલે ઉઠીને રાજા થઈશ! માતા સામે આ રીતે નગ્ન જવાય ? શરીરનો નીચલો ભાગ કમ સે કમ પાંદડા કે કપડાથી ઢાંકી લે! દુર્યોધન શ્રીકૃષ્ણની વાતોમાં આવી ગયો અને તેણે પોતાની કમર અને જાંઘનો ભાગ કેળના પાંદડાથી ઢાંકી દીધો. જ્યારે ગાંધારીએ પટ્ટી ખોલી, ત્યારે દુર્યોધનનું આખું શરીર વજ્ર જેવું બની ગયું, પરંતુ જે ભાગ ઢાંકેલો હતો તે, સામાન્ય જ રહ્યો. ગદા યુદ્ધનાં નિયમ મુજબ કમરની નીચે પ્રહાર કરી શકાતો નથી. પરંતુ યુદ્ધમાં જ્યારે ભીમ દુર્યોધનને હરાવી શકતો ન્હોતો, ત્યારે શ્રીકૃષ્ણએ ભીમને ઈશારાથી દુર્યોધનની જાંઘ પર પ્રહાર કરવાનું યાદ અપાવ્યું. ભીમે તેની જાંઘ ભાંગી નાખી અને આ રીતે દુર્યોધનનો અંત આવ્યો, જે યુદ્ધનાં નિયમ વિરુદ્ધ હતું.

# બેકરી અને લેબોરેટરીને નિશાન બનાવતી ટોળકીનો પર્દાફાશ

## સુરત ક્રાઈમ બ્રાંચે કતારગામથી રીઢા તસ્કરને દબોચ્યો, સુરત, આણંદ, ભાવનગર અને ભરૂચના ઘરફોડ ચોરી અને મર્ડરના ગુનાઓ ઉકેલાયા

**સુરત, તા.05**

સુરત શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અને ઘરફોડ ચોરીની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા તેમજ અનિવાર્ય ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ તંત્ર દ્વારા ચલાવવામાં આવી રહેલી સઘન ઝુંબેશ અંતર્ગત સુરત શહેર ક્રાઈમ બ્રાંચની ઘરફોડ સ્કોડને એક મોટી સફળતા હાથ લાગી છે. ક્રાઈમ બ્રાંચની ટીમે મોટા વરાછા વિસ્તારમાં આવેલી વિશ્વા બેકરીમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી કાઢીને એક રીઢા ગુનેગારને ચોક્કસ બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીની પૂછપરછમાં સુરત, ભાવનગર, આણંદ અને ભરૂચ સહિતના વિસ્તારોમાં આચરેલા અનેક ગુનાઓનો પર્દાફાશ થયો છે. મળતી માહિતી મુજબ, સુરત ક્રાઈમ બ્રાંચની ઘરફોડ સ્કોડની ટીમ પ્રોફેશનલ વર્કઆઉટ અને પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ટીમના માણસોને એક ચોક્કસ અને ખાનગી રાહે બાતમી હકીકત મળી હતી કે મોટા વરાછાની બેકરીમાં ચોરી કરનાર શખ્સ કતારગામ વિસ્તારમાં સંતાયેલો છે. આ




બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કતારગામના પ્રભુ નગર, વેડ રોડ ખાતે આવેલા સાઈ વિરજા એપાર્ટમેન્ટમાં દરોડો પાડ્યો હતો. ત્યાંથી મૂળ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામના વતની અને હાલ કતારગામ ખાતે જ રહેતા 19 વર્ષીય બેરોજગાર યુવક તુષાર દિનેશભાઈ આહણીયાને ઝડપી લેવામાં આવ્યો હતો.

ઝડપાયેલા આરોપી તુષાર આહણીયાની પોલીસે જ્યારે કાયદાના દાયરામાં રહીને યુક્તિ-પ્રયુક્તિ પૂર્વક સઘન પૂછપરછ હાથ ધરી, ત્યારે તેણે પોતાના ગુનાહિત કારનામાઓની કબૂલાત કરી હતી. આરોપીએ સ્વીકાર્યું હતું કે, તેણે છેલ્લા દોઢેક માસ દરમિયાન તેના અન્ય સાગરીતો પ્રવિણ નાગર અને ભગીરથ મકવાણા સાથે મળીને કાપોદ્રા વિસ્તારમાં આવેલી એક મેડિકલ ક્લીનિક તેમજ એક પેથોલોજી લેબોરેટરીને નિશાન બનાવી ત્યાં પણ ચોરીઓ આચરી હતી.

આ ઉપરાંત, તેણે કબૂલાત કરી હતી કે થોડા સમય પહેલાં તે પોતાના સાગરીતો પ્રવિણ નાગર અને હિરેન ગોહીલ સાથે આણંદ શહેરમાં પણ ઘરફોડ ચોરી કરવા માટે ગયો હતો. જો કે, ત્યાં ચોરી કરતી વખતે સ્થાનિક રહીશો જાગી જતાં અને જોઈ જતાં તુષાર ઘટનાસ્થળે જ પકડાઈ ગયો હતો, જ્યારે તેના બંને સાગરીતો ત્યાંથી નાસી છૂટ્યા હતા. ત્યારબાદ કાપોદ્રા પોલીસે જ્યારે તેના સાગરીત પ્રવિણ નાગરની ધરપકડ કરી હતી, ત્યારે આ ટોળકીએ મોટા વરાછાની વિશ્વા બેકરીમાં કરેલી ચોરીની હકીકત પોલીસથી છુપાવી રાખી હતી.

જો કે ક્રાઈમ બ્રાંચની આકરી પૂછપરછ સામે તે વધુ સમય ટકી શક્યો નહોતો અને તેણે વિશ્વા બેકરીમાં ચોરી કરી હોવાની વાત કબૂલી લીધી હતી. હાલ તેનો સાગરીત પ્રવિણ નાગર આણંદ જેલમાં બંધ હોવાનું પણ સામે આવ્યું છે. આ ગુના સંદર્ભે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં BNS ની કલમ હેઠળ ઘરફોડ ચોરીનો ગુનો ડિટેક્ટ કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલો આરોપી તુષાર આહણીયા ખૂબ જ નાની ઉંમરે ગુનાખોરીના રસ્તે ચડી ગયો છે અને તેનો ગુનાહિત ઈતિહાસ ચોંકાવનારો છે. જેમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2026 માં BNS હેઠળ ઘરફોડ ચોરીના બે અલગ-અલગ ગુનાઓ, ચોકબજાર પોલીસ સ્ટેશનમાં વર્ષ 2024માં નોંધાયેલો મર્ડરનો ગંભીર ગુનો, ભાવનગરના ઉમરાળા પોલીસ સ્ટેશનમાં મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો ગુનો, કતારગામ પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025 માં જી.પી. એક્ટ કલમ 135 મુજબ હથિયારબંધીના જાહેરનામા ભંગનો ગુનો, આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2026 માં BNS હેઠળ ચોરીનો ગુનો આ ઉપરાંત ભરૂચ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પણ તે જુવેનાઈલ (બાળ ગુનેગાર) તરીકે ઘરફોડ ચોરીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. હાલમાં સુરત ક્રાઈમ બ્રાંચે આ રીઢા ગુનેગારની અટકાયત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી અને તેના અન્ય નાસતા ફરતા સાગરીતોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું રેડ એલર્ટ

## સુરત શહેર-જિલ્લા વહીવટી તંત્ર યુદ્ધના ધોરણે સજ્જ, 24 કલાક ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ કાર્યરત અને હેલ્પલાઈન નંબર જાહેર

**સુરત, તા.05**

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી (રેડ/ઓરેન્જ એલર્ટ) જારી કરવામાં આવ્યા બાદ સુરત શહેર અને સમગ્ર જિલ્લાનું વહીવટી તંત્ર હાઈ એલર્ટ મોડ પર આવી ગયું છે. ચોમાસાની કટોકટીને પહોંચી વળવા માટે કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ આપત્તિ વ્યવસ્થાપનની ટીમોને યુદ્ધના ધોરણે તૈનાત કરાઈ છે. ઉપરવાસમાં પડી રહેલા અનરાધાર વરસાદને પગલે તાપી નદી, ખાડીઓ તેમજ સ્થાનિક કોઝવેની જળસપાટી પર કંટ્રોલ રૂમમાંથી સીધી અને જીવંત નજર રાખવામાં આવી રહી છે.

નાગરિકોની સુરક્ષા અને આપત્તિ સમયે ત્વરિત મદદ પહોંચાડવા માટે સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ટેકનોલોજીથી સજ્જ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને 24 કલાક કાર્યરત કરી દેવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમની કામગીરીની દેખરેખ માટે વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે ત્રણ શિફ્ટમાં નાયબ મામલતદારોની નિમણૂક




કરવામાં આવી છે. અનુભવી અધિકારીઓની આગેવાની હેઠળ કર્મચારીઓ સોશિયલ મીડિયા, સેટેલાઈટ ફોન અને વાયરલેસ સિસ્ટમ દ્વારા તમામ તાલુકા મથકો સાથે સતત સંપર્કમાં રહીને પળેપળની માહિતી મેળવી રહ્યા છે.

વરસાદી આફત સામે લડવા માટે સુરત મહાનગરપાલિકા, સુરત પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રે સંયુક્ત મોરચો માંડ્યો છે. શહેરના જુદા જુદા સંવેદનશીલ ઝોન અને ગ્રામ્ય સ્તરે સબ-કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે. ટ્રાફિક ડાયવર્ઝન માટે પોલીસ પેટ્રોલિંગ કરી રહી છે, જ્યારે પાલિકાની હાઈડ્રોલિક અને ફાયર બ્રિગેડની ટીમો પંપિંગ મશીનો અને બોટ સાથે સ્ટેન્ડબાય છે. જરૂર પડ્યે ઓલપાડ કે ચોર્યાસી તરફ મૂવ કરવા માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ને એલર્ટ રખાઈ છે. મુશ્કેલીમાં મુકાયેલા નાગરિકો ત્વરિત સહાય મેળવી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા બે વિશેષ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

સુરત શહેરના ખાડી કિનારાના વિસ્તારો તેમજ ગ્રામ્ય પંથકના નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારોને રેડ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ઉપરવાસમાંથી પાણી છોડવાની કે સ્થાનિક જળબંબોળની સ્થિતિમાં તુરંત સ્થળાંતર કરી શકાય તે માટે આશ્રયસ્થાનો (શેલ્ટર હોમ્સ), સરકારી શાળાઓ અને કોમ્યુનિટી હોલ અગાઉથી જ તૈયાર રાખવામાં આવ્યા છે.

ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના નાયબ મામલતદાર સાજીદ મેરેજીના જણાવ્યા અનુસાર, મેઘરાજાના પ્રારંભિક પ્રકોપના કારણે જિલ્લામાં વ્યાપક અસરો જોવા મળી છે. જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં નાના-મોટા કાચા તેમજ જર્જરિત પાકા મકાનો અને દિવાલો તૂટી પડવાની અંદાજે 100 જેટલી ઘટનાઓ નોંધાઈ ચૂકી છે.

# ઓટોરિક્ષાના ગુપ્ત ખાનામાથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો: 1.30 લાખના મુદ્દામાલ સાથે રીઢો બુટલેગર દબોચાયો

**સુરત, તા.05**

સુરત શહેરમાં પ્રોહિબીશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નાબૂદ કરવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત ઉત્રાણ પોલીસ સ્ટેશનની ટીમને એક મોટી સફળતા મળી છે.

પોલીસે બાતમીના આધારે રેડ પાડીને એક ઓટોરીક્ષામાંથી ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂના મોટા જથ્થા સાથે એક રીઢા બુટલેગરને ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂ, રિક્ષા અને મોબાઈલ ફોન સહિત કુલ 1,30,775નો મુદ્દામાલ કબ્જે કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ પ્રોહિબીશનના કેસો શોધી કાઢવા માટે સઘન પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન પોલીસના ખાનગી અને અંગત વિશ્વાસુ બાતમીદારો પાસેથી એક અત્યંત ચોક્કસ હકીકત મળી હતી કે કામરેજના કઠોરગામ ખાતે આવેલી માનસરોવર રેસીડેન્સીના બિલ્ડીંગ નંબર 8/એ ના પાર્કિંગમાં જાહેર જગ્યા પર એક શંકાસ્પદ ઓટોરીક્ષા ઊભી છે, જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-15-XX-8822 છે.




આ રીક્ષામાં એક ઈસમ મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરવા માટે લઈને આવ્યો છે. બાતમી મળતા જ પોલીસે જરાય સમય ગુમાવ્યા વિના ત્વરિત એક્શન લીધા હતા અને મોજે ઉત્રાણ કઠોરગામ ખાતે આવેલી ઉક્ત સોસાયટીના પાર્કિંગમાં પ્રોહિબીશન અંગે ઓચિંતી રેડ પાડી હતી.

પોલીસે બાતમીવાળી જગ્યાએ ઘેરો ઘાલીને તપાસ કરતા રિક્ષા સાથે એક ઈસમ મળી આવ્યો હતો. પોલીસની ટીમે રિક્ષાની તલાશી લેતા તેમાંથી ગેરકાયદેસર રીતે છુપાવીને રાખવામાં આવેલી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની 180 મીલીની કાચની તેમજ પ્લાસ્ટિકની નાની-મોટી કુલ 469 નંગ બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત 95,775 થાય છે. પોલીસે ઘટનાસ્થળેથી દારૂના આ જથ્થા સાથે આરોપીની અટકાયત કરી લીધી હતી અને પ્રોહિબીશન એક્ટ હેઠળ ક્વોલિટી કેસ શોધી કાઢવામાં સફળતા મેળવી હતી.

પોલીસ પૂછપરછમાં પકડાયેલા આરોપીની ઓળખ 44 વર્ષીય યુસુફ અહેમદ શેખ તરીકે થઈ છે, જે વ્યવસાએ રિક્ષા ડ્રાઈવર છે. તે હાલ ઘર નં. 310, બિલ્ડીંગ નં. એ/8, માનસરોવર રેસીડેન્સી, કઠોર, કામરેજ, સુરત ખાતે રહે છે અને તેનું મૂળ વતન એકતાનગર, થાના બરેલી, જીલ્લો-રાયબરેલી, ઉત્તર પ્રદેશ છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો આરોપી યુસુફ અહેમદ શેખ સામાન્ય ગુનેગાર નથી, પરંતુ અગાઉ પણ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો આરોપી છે. તેની સામે વર્ષ 2023માં વલસાડ રૂરલ પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટની કલમ 65(ઈ), 81, 98(2) મુજબ દારૂની હેરાફેરીનો ગુનો નોંધાઈ ચૂક્યો છે.

આ ઉપરાંત વર્ષ 2024માં તેની સામે ઓલપાડ પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023 ની કલમ 305 અને 331(4) મુજબ પણ ગુનો નોંધાયેલો છે. આમ, અગાઉ અલગ-અલગ જિલ્લા અને વિસ્તારોમાં ગુના આચર્યા બાદ પણ તે સુરત વિસ્તારમાં ફરીથી દારૂનું નેટવર્ક ચલાવતો હોવાનું બહાર આવ્યું છે.

ઉત્રાણ પોલીસે રેડ દરમિયાન આરોપી પાસેથી કુલ 1,30,775 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં 95,775 ની કિંમતનો વિદેશી દારૂ, ગુનામાં વપરાયેલી 30,000 ની કિંમતની બજાજ કંપનીની ઓટોરિક્ષા અને 5,000 ની કિંમતનો 1 નંગ મોબાઈલ ફોન સામેલ છે. આ મામલે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં આરોપી યુસુફ અહેમદ શેખ વિરુદ્ધ ગુનો નોંધીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને સુરતમાં તે કોને સપ્લાય કરવાનો હતો.

# અમરોલી પોલીસે બોગસ ડોક્ટર ઝડપ્યો: તારવાડી ખાતે B.A.M.Sની નકલી ડિગ્રીનું બોર્ડ મારી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો

**સુરત, તા.05**

સુરત શહેરના અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેસર રીતે તબીબી પ્રેક્ટિસ કરી નિર્દોષ નાગરિકોના જીવ સાથે રમત રમતા તત્વો વિરુદ્ધ પોલીસે એક મોટી અને સફળ કાર્યવાહી હાથ ધરી છે. અમરોલી પોલીસના સર્વેલન્સ સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે તારવાડી વિસ્તારમાં ધમધમતા એક નકલી ક્લિનિક પર દરોડો પાડીને કોઈ પણ પ્રકારની માન્ય શૈક્ષણિક લાયકાત કે રજિસ્ટ્રેશન વગર એલોપેથિક સારવાર આપતા એક બોગસ ડૉક્ટરને રંગેહાથ ઝડપી લીધો છે. પોલીસની આ કાર્યવાહીથી વિસ્તારમાં ગેરકાયદેસર મેડિકલ પ્રેક્ટિસ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસ સ્ટાફના કર્મચારીઓને એક પાકી ખાનગી બાતમી મળી હતી કે, છાપરાભાઠા રોડ પર આવેલી તારવાડી વિસ્તારની છન્નુ કોલોનીમાં એક ઈસમ ડિગ્રી વગર એલોપેથિક ક્લિનિક ચલાવી રહ્યો છે. બાતમીના આધારે અમરોલી પોલીસની સર્વેલન્સ ટીમે સુરત જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના સરકારી ડૉક્ટર અને ફાર્માસિસ્ટને સાથે રાખીને સંયુક્ત રીતે દુકાન નંબર 178, છન્નુ કોલોની, તારવાડી, છાપરાભાઠા ખાતે આવેલા 'રૂષભ ક્લીનીક' પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. દરોડા



દરમિયાન ક્લિનિકમાં એક ઈસમ હાજર મળી આવ્યો હતો, જે દર્દીઓને તપાસીને દવાઓ આપી રહ્યો હતો. પોલીસે તેની પાસે મેડિકલ પ્રેક્ટિસ કરવા માટે જરૂરી લાયકાતના પ્રમાણપત્રો તેમજ ગુજરાત મેડિકલ કાઉન્સિલનું રજિસ્ટ્રેશન માંગતા તે કોઈ પણ કાયદેસરના દસ્તાવેજો રજૂ કરી શક્યો ન હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપીની ઓળખ ધર્મેન્દ્રકુમાર રાકેશપ્રતાપસિંઘ ઉંમર વર્ષ 49, રહેઠાણ: ઘર નંબર 49, નીચલી કોલોની, છાપરાભાઠા, સુરત શહેર; મૂળ વતન: ચકવડ, થાના-બાઘરાય, જિલ્લો-પ્રતાપગઢ, ઉત્તર પ્રદેશ તરીકે થઈ છે. આરોપીની મોડસ ઓપરેન્ડી અંગે તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપી ધર્મેન્દ્રકુમારે અગાઉ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે આવેલા 'સચાન નર્સિંગ હોમ' માં આશરે 10 વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી હતી. આ લાંબા સમયગાળા દરમિયાન ડૉક્ટરો દ્વારા અપાતી સારવાર અને દવાઓ જોઈને તેને એલોપેથિક સારવારનો પ્રાથમિક અનુભવ મેળવી લીધો હતો. આ અનુભવનો દુરુપયોગ કરીને તેણે સુરતના છાપરાભાઠા વિસ્તારમાં ભાડેથી દુકાન રાખી 'રૂષભ ક્લીનીક' શરૂ કરી દીધું હતું. આટલું જ નહીં, લોકોમાં વિશ્વાસ બેસાડવા માટે તેણે ક્લિનિકની બહાર 'ડો. ડી.કે. સિંઘ B.A.M.S.' નું નકલી બોર્ડ પણ લગાવી દીધું હતું, જેથી સ્થાનિક ગરીબ અને શ્રમિક વર્ગના લોકો તેને સાચો ડૉક્ટર સમજીને સારવાર માટે આવતા હતા. મેડિકલ ટીમની હાજરીમાં પોલીસે ક્લિનિકની જડતી લેતા ત્યાંથી ગેરકાયદેસર રીતે સંગ્રહ કરાયેલો એલોપેથિક દવાઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂપિયા 30,733ની કિંમતની વિવિધ એલોપેથિક ટેબ્લેટ્સ, કફ સિરપ, એન્ટીબાયોટીક્સ ઈન્જેક્શન અને ગંભીર મેડિકલ સાધનો જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં મુખ્યત્વે ટેબ્લેટ મોક્સીબ્યુલિક-સીવી 625, ઈન્જેક્શન સેફ્ટ્રોય-એસબી ફોર્ટ, ડેક્સ્ટ્રોઝ 5% ની બોટલો, સોડિયમ ક્લોરાઈડના ઈન્જેક્શન (500 એમએલ અને 100 એમએલ), આઈ.વી. ફ્લૂઈડ આર.એલ.ની બોટલ, વીટી-ઝેડ પાવડર, ટેબ્લેટ એમસાઈલાઈડ-પ્લસ, ટેબ્લેટ ઝીંકોફિસ્ટ, ઈન્ફ્યુઝન સેટ (25 નંગ), સ્કાલ્પ વેઈન સેટ (101 નંગ), રેનિટિડિન ઓરલ સોલ્યુશન, સિરપ એસેફેન ડીએસ, ક્લોટ્રિમાઝોલ ડસ્ટિંગ પાવડર, ફેન્સિડિલ-ડીએક્સ સિરપ અને કોફક્યુ-ડી સિરપનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સૌથી ગંભીર બાબત એ છે કે તેના ક્લિનિકમાંથી પ્રતિબંધિત એવી એબીર કીટ (MTP Kit - ગર્ભપાત માટે વપરાતી દવા) ના 3 નંગ પણ મળી આવ્યા હતા. સારવારના સાધનો તરીકે પોલીસે એક એક્યુસ્યોર નોન-કોન્ટેક્ટ થર્મોમીટર અને એક ડિજિટલ બ્લડ પ્રેશર મોનિટર મશીન પણ કબ્જે લીધું છે.

# સુરત મનપાની સંકલન બેઠકમાં ભારે ગરમાવો: ગેરકાયદે બાંધકામ મુદ્દે કુમાર કાનાણીનો વોકઆઉટ, અધિકારીઓ સામે ધારાસભ્યો લાલઘૂમ

**સુરત, તા.05**

સુરત મહાનગરપાલિકાની ધારાસભ્યો સાથે યોજાતી માસિક સંકલન બેઠક આજે ભારે તોફાની સાબિત થઈ હતી. સામાન્ય રીતે શાંત વાતાવરણમાં પૂર્ણ થતી આ બેઠકમાં આજે સત્તાધારી પક્ષના જ જનપ્રતિનિધિઓએ અધિકારીઓની કાર્યશૈલી અને નિષ્ક્રિયતા સામે બંડ પોકાર્યો હતો. ખાસ કરીને ગેરકાયદે બાંધકામ, ચોમાસા બાદ ધોવાઈ ગયેલા રસ્તાઓ અને તાજેતરમાં થયેલા વિવાદાસ્પદ ડિમોલિશનના મુદ્દે બેઠકમાં ભારે ગરમાગરમી જોવા મળી હતી. વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીએ અધિકારીઓ પર ભ્રષ્ટાચાર અને બેદરકારીના આકરા પ્રહારો કરી બેઠકમાંથી વોકઆઉટ કરી જતા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

બપોરે યોજાયેલી આ મહત્વની બેઠકમાં સુરતના એક સાંસદ અને આઠ જેટલા ધારાસભ્યો હાજર રહ્યા હતા. બેઠકની શરૂઆતથી જ જનપ્રતિનિધિઓએ જનતાની મુશ્કેલીઓને લઈને આક્રમક વલણ અપનાવ્યું હતું.

બેઠકમાં સૌથી મોટો હંગામો ગેરકાયદે બાંધકામોના મુદ્દે થયો હતો. વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, વરાછા સહિત સમગ્ર સુરત શહેરમાં ગેરકાયદે બાંધકામોનો રાફડો ફાટ્યો છે. રહેણાંક વિસ્તારોમાં કોઈ પણ જાતની પરવાનગી વગર બેફામ કોમર્શિયલ પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. આના કારણે સ્થાનિક રહીશોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. ટ્રાફિક અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓ ઊભી થઈ રહી છે, છતાં મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.

કાનાણીએ આક્રોશપૂર્વક આક્ષેપ કર્યો હતો કે, વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં પાલિકાના અધિકારીઓ પેટનું પાણી હલાવતા નથી. જનપ્રતિનિધિઓની રજૂઆતોને કચરાપેટીમાં નાખી દેવામાં આવે છે. અધિકારીઓની આવી ઉદાસીનતાથી નારાજ થઈને તેમણે જાહેરાત કરી હતી કે જો આ અંગે તાત્કાલિક કડક પગલાં લેવામાં નહીં આવે તો તેઓ મહાનગરપાલિકાની કચેરી સામે જ ઉપવાસ પર બેસી જશે. આટલું કહીને તેઓ ગુસ્સામાં બેઠક છોડીને બહાર નીકળી ગયા હતા.

ધારાસભ્યના વોકઆઉટથી બેઠકમાં સન્નાટો વ્યાપી ગયો હતો. સ્થિતિ વણસે તે પહેલાં મનપાના ડેપ્યુટી કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ કાનાણીને મનાવવા પાછળ દોડ્યા હતા. લગભગ 15 મિનિટ સુધી મનામણાંની પ્રક્રિયા ચાલી હતી, જેમાં અધિકારીઓએ ખાતરી આપી હતી કે તેમની તમામ ફરિયાદો પર તાત્કાલિક કડક એકશન લેવાશે. આ ખાતરી બાદ જ કાનાણી શાંત પડ્યા હતા અને ફરીથી બેઠકમાં જોડાયા હતા.

બેઠકમાં પરત ફર્યા બાદ પણ કુમાર કાનાણીનું વલણ નરમ પડ્યું ન હતું. તેમણે પુરાવા સાથે ચોક્કસ વિસ્તારોની યાદી કમિશનર સમક્ષ રજૂ કરી હતી. તેમણે માંગ કરી હતી કે, નાના વરાછા ગામતળની સરકારી કિંમતી જમીન પર ભૂમાફિયાઓ દ્વારા આખેઆખી 'બાંગ્લાદેશ કોલોની' નામની ગેરકાયદે વસાહત ઊભી કરી દેવામાં આવી છે. આ સરકારી જમીન પર થયેલા દબાણો તાત્કાલિક તોડી પાડવામાં આવે.

આ ઉપરાંત તેમણે સણિયા હેમાદ વિસ્તારમાં આવેલા કૃષ્ણા પાર્ક ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોટેજ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. આ ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા પાયે ગેરકાયદે બાંધકામો કરીને માર્જિનની જગ્યાઓ પચાવી પાડવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. આ



તમામ દબાણો સામે તાત્કાલિક બુલડોઝર ફેરવવાની માંગ તેમણે કરી હતી.

તાજેતરમાં ચર્ચાસ્પદ બનેલા નાસીરનગર ડિમોલિશન મુદ્દે પણ બેઠકમાં અધિકારીઓ બરાબરના ઘેરાયા હતા. કુમાર કાનાણીએ સીધા મ્યુનિસિપલ કમિશનરને સવાલ કર્યો હતો કે, શહેરમાં આટલું મોટું ડિમોલિશન ઓપરેશન થઈ જાય અને મ્યુનિસિપલ કમિશનરને તેની આગોતરી જાણ ન હોય તે વાત ગળે ઉતરે તેવી નથી. કાનાણીની આ વાતને પૂર્વ મંત્રી અને ધારાસભ્ય વિનુ મોરડીયાએ જોરદાર સમર્થન આપ્યું હતું. વિનુ મોરડીયાએ વહીવટી તંત્રની મેલીભગત પર સવાલો ઉઠાવતા કહ્યું કે, આ ડિમોલિશનના કારણે અનેક ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો રસ્તા પર આવી ગયા છે, તેઓ ઘરવિહોણા બન્યા છે. પાલિકા માત્ર નાના અધિકારીઓને સસ્પેન્ડ કરીને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં. આ કૌભાંડ પાછળ જે મોટા માથાઓ જવાબદાર છે, તેમની સામે હજુ સુધી પોલીસ ફરિયાદ (FIR) કેમ દાખલ કરવામાં આવી નથી? મોરડીયાના આ ધારદાર સવાલ સામે અધિકારીઓ પાસે કોઈ નક્કર જવાબ ન હતો.

બીજી તરફ, ચોમાસા દરમિયાન અને તે પછી પણ સુરતના રસ્તાઓની જે દુર્દશા થઈ છે, તેને લઈને ધારાસભ્ય સંદીપ દેસાઈએ વહીવટી તંત્રને બરાબરનું લપેટામાં લીધું હતું. તેમણે વોર્ડ નંબર 10, 29 અને 30 ના વિસ્તારોના અત્યંત બિસ્માર અને ખાડાવાળા રસ્તાઓના ફોટોગ્રાફ્સ સીધા કમિશનરના ટેબલ પર મૂકી દીધા હતા.

સંદીપ દેસાઈએ આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, મોટાભાગના રસ્તાઓ DRP (ડ્રેનેજ-રોડ પ્રોજેક્ટ)ની કામગીરી પૂર્ણ થયા બાદ તરત જ બેસી ગયા છે. આનું મુખ્ય કારણ એ છે કે મહાનગરપાલિકાના એન્જિનિયરો અને જવાબદાર અધિકારીઓ ક્યારેય ફિલ્ડમાં એટલે કે સાઈટ પર જતા જ નથી. તેઓ પોતાની એરકન્ડિશન્ડ ઓફિસોમાં બેસી રહે છે, જેના કારણે ઈજારદારો મનફાવે તેમ હલકી ગુણવત્તાનું કામ કરીને કરોડો રૂપિયાના બિલ પાસ કરાવી લે છે.

તેમણે ઉમેર્યું કે, કોન્ટ્રાક્ટરોની આ મનમાનીના કારણે જનતા હેરાન થાય છે અને લોકોની ગાળો ખાવાનો વારો જનપ્રતિનિધિઓનો આવે છે. દેસાઈએ આ નુકસાની માટે જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરી તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવાની ઉગ્ર માંગ કરી હતી.

રસ્તાઓ ઉપરાંત સંદીપ દેસાઈએ સુરત શહેરના જાહેર બગીચાઓની કથળેલી સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે સુરતને 'ગ્રીન સિટી' બનાવવાની વાતો વચ્ચે અત્યારે ગાર્ડનોની હાલત જર્જરિત છે. બગીચાઓમાં જંગલી જાડી-ઝાંખરા ઊગી નીકળ્યા છે, બાળકોના રમવાના સાધનો તૂટી ગયા છે અને ટોયલેટ બ્લોકની સ્થિતિ અત્યંત ગંદી અને બિસ્માર છે.

તેમણે કમિશનરને રજૂઆત કરી હતી કે બગીચાઓના માત્ર ને માત્ર મેઈન્ટેનન્સ અને રિપેરિંગ કામ માટે જ આગામી બજેટમાં અલગથી રૂપિયા 10થી 15 કરોડની ખાસ જોગવાઈ કરવામાં આવે, જેથી નાગરિકોને શુદ્ધ વાતાવરણ મળી શકે.

બેઠકમાં લિંબાયત વિસ્તારના ધારાસભ્ય સંગીતા પાટીલે પણ તેમના વિસ્તારનો પક્ષ રાખ્યો હતો. તેમણે કહ્યું કે ચોમાસાના વરસાદ બાદ તેમના વિસ્તારના મુખ્ય અને આંતરિક રસ્તાઓ સંપૂર્ણપણે તૂટી ગયા છે. વાહનચાલકો અને રાહદારીઓ રોજ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. તેમણે પાલિકા તંત્રને યુદ્ધના ધોરણે રસ્તાઓની મરામત કામગીરી (પેચવર્ક) હાથ ધરી નાગરિકોની મુશ્કેલીઓનો અંત લાવવા તાકીદ કરી હતી.

આ જ સૂર પુરાવતા સાંસદ પ્રભુ વસાવાએ પણ જણાવ્યું હતું કે. જે ઈજારદારોએ ગેરંટી પિરિયડમાં હોવા છતાં રસ્તાઓ ખરાબ બનાવ્યા છે, તેમની સામે બ્લેકલિસ્ટ કરવા સુધીની કડક કાર્યવાહી થવી જોઈએ. આ ઉપરાંત તેમણે પૂર્ણા વિસ્તારનો એક અત્યંત સંવેદનશીલ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું કે પૂર્ણા વિસ્તારની કેટલીક સરકારી શાળાઓમાં બાળકો માટે પીવાના શુદ્ધ પાણીની કોઈ સુવિધા નથી અને અન્ય પ્રાથમિક સુવિધાઓનો પણ ઘોર અભાવ છે. વસાવાએ આ બાબતને ગંભીર ગણાવી બાળકોના ભવિષ્ય અને સ્વાસ્થ્ય સાથે ચેડાં અટકાવવા તાત્કાલિક ઉકેલ લાવવા આદેશ આપ્યો હતો.

તમામ સાંસદ અને ધારાસભ્યોની ઉગ્ર રજૂઆતો અને આક્રોશને સાંભળ્યા બાદ મ્યુનિસિપલ કમિશનરે આશ્વાસન આપ્યું હતું કે, જનપ્રતિનિધિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓ ગંભીર છે. ગેરકાયદે બાંધકામો સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવશે અને બિસ્માર રસ્તાઓ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો તેમજ જે-તે વિસ્તારના એન્જિનિયરો સામે તપાસ કરીને કડક પગલાં ભરવામાં આવશે.

# કેપ્ટન બનતાં 4માંથી 3 મેચમાં હાર... હતાશ અય્યરે કોના પર ફોડ્યું હારનું ઠીકરું....?

**નવી દિલ્હી, તા.05**

ભારતીય ક્રિકેટ ટીમને ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચોની ટી20 શ્રેણીના બીજા મુકાબલામાં 4 વિકેટે હારનો સામનો કરવો પડ્યો છે. શનિવારે (4 જુલાઈ 2026) મેન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર રમાયેલી આ મેચમાં ભારત જીતની નજીક હતું, પરંતુ લેગ સ્પિનર રવિ બિશ્નોઈની 17મી ઓવર મેચનો સૌથી નિર્ણાયક વળાંક સાબિત થઈ, જેમાં ઈંગ્લેન્ડે 29 રન ફટકારીને મેચ પોતાના નામે કરી લીધી. આ હાર બાદ નવા કેપ્ટન શ્રેયસ અય્યર નિરાશ જરૂર દેખાયા હતા, પરંતુ તેમણે હાર માટે કોઈ એક ખેલાડીને જવાબદાર ઠેરવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.





મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા 7 વિકેટે 190 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. એક સમયે ઈંગ્લેન્ડનો સ્કોર ૧૬ ઓવરમાં 142 રને 5 વિકેટ હતો અને ભારત જીત તરફ આગળ વધી રહ્યું હતું. આ સમયે કેપ્ટન અય્યરે 17મી ઓવર રવિ બિશ્નોઈને સોંપી હતી. જોકે, ઓવરની શરૂઆત જ નો-બોલથી થઈ, જેના પર જેકબ બેથલે ફ્રી-હીટમાં સિક્સર ફટકારી. ત્યારબાદ બિશ્નોઈએ વધુ એક નો-બોલ ફેંક્યો અને બેથલે આ ઓવરમાં ઉપરાઉપરી મોટા શૉટ્સ ફટકારી 29 રન ઝૂડી કાઢ્યા હતા.

મેચ બાદ શ્રેયસ અય્યરે જણાવ્યું કે, 'આપણે બધા જાણીએ છીએ કે મેચ ક્યાંથી આપણા હાથમાંથી નીકળી ગઈ, પરંતુ હું કોઈ એક ખેલાડી પર આંગળી ચીંધવા માંગતો નથી. મને પૂરો ભરોસો હતો કે પ્રથમ નો-બોલ પછી રવિ શાનદાર વાપસી કરશે. હા, 17મી ઓવર આપણને ભારે પડી, પણ રવિ આ ભૂલમાંથી ઘણું શીખશે.' અય્યરે ઉમેર્યું કે આ પિચ પર અસમાન ઉછાળો હતો, તેથી 190 રનનો સ્કોર જીતવા માટે પૂરતો હતો અને ટીમ 15 ઓવર સુધી સંપૂર્ણ હાવી હતી. તેણે ઈંગ્લેન્ડના યુવા બેટ્સમેન જેકબ બેથલ (76 રન અણનમ) ની નિડર બેટિંગના પણ વખાણ કર્યા હતા.

ચિંતાજનક બાબત એ છે કે શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળ ભારતીય ટીમ હજુ સુધી એકપણ ટી20 આંતરરાષ્ટ્રીય મેચ જીતી શકી નથી. આ પહેલા આયર્લેન્ડ પ્રવાસ પર ભારતે બંને ટી20 મેચ ગુમાવી હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડ પ્રવાસની પ્રથમ મેચ વરસાદમાં ધોવાઈ ગઈ હતી અને હવે મેન્ચેસ્ટર ટી20 પણ ભારતે ગુમાવવી પડી છે. અય્યરની આગેવાનીમાં ટીમ 4 માંથી 3 મેચ હારી ચૂકી છે. આ જીત સાથે ઈંગ્લેન્ડ શ્રેણીમાં 1-0 થી આગળ થઈ ગયું છે. હવે શ્રેણીનો ત્રીજો મુકાબલો 7 જુલાઈએ નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ મેદાન પર રમાશે, જ્યાં ભારત 1-1 ની બરાબરી કરવાના ઈરાદા સાથે ઉતરશે.

# FIFA વર્લ્ડકપમાં હાઈવોલ્ટેજ ડ્રામા, એમ્બાપ્પેએ હાથ ન મિલાવતા ગોલકીપર ભડક્યો......

**નવી દિલ્હી, તા.05**

રવિવારે ફ્રાન્સે પરાગ્વેને 1-0 થી હરાવીને ક્વાર્ટર ફાઈનલની ટિકિટ તો મેળવી લીધી, પરંતુ આ મુકાબલાની સૌથી મોટી ચર્ચા ફ્રાન્સના સ્ટાર કિલિયન એમબાપ્પે અને પરાગ્વેના ખેલાડીઓ વચ્ચેનો હાઈ-વોલ્ટેજ ડ્રામા અને ઉગ્ર વિવાદ રહ્યો છે. મેદાન પર 38 ડિગ્રી સેલ્સિયસની કાળઝાળ ગરમી વચ્ચે શરૂ થયેલો આ તણાવ મેચની અંતિમ વ્હીસલ વાગ્યા બાદ પણ શાંત થયો નહોતો. મેચ પૂરો થતાં જ પરાગ્વેના ગોલકીપર ઓર્લેન્ડો ગિલે ખેલદિલી બતાવીને કિલિયન એમબાપ્પે તરફ હાથ મિલાવવા માટે ડગલાં માંડ્યા હતા. જોકે, ફ્રાન્સના કેપ્ટન એમબાપ્પેએ અહંકાર બતાવી કોઈ પણ પ્રતિક્રિયા આપ્યા વિના આગળ વધી ગયો હતો. આ વર્તનથી ગુસ્સે ભરાયેલા ગોલકીપર ગિલે હાથમાં રહેલો ફૂટબોલ સીધો એમબાપ્પેની પીઠ પાછળ જોરથી માર્યો હતો. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. ફિલાડેલ્ફિયા સ્ટેડિયમમાં



રમાયેલી આ મેચમાં પરાગ્વેની ટીમે એમબાપ્પેને રોકવા માટે શરૂઆતથી જ અતિ આક્રમક અને રફ રમત અપનાવી હતી. એન્ટ્રેસ ક્યુબાસ અને માટિયાસ ગલાર્જાના ખતરનાક ટેકલ બાદ બંને ટીમના ખેલાડીઓ આમને-સામને આવી ગયા હતા અને મેદાન પર જ ધક્કા-મુક્કી થઈ હતી. અહેવાલો અનુસાર, એમબાપ્પે પણ આખો મેચ માનસિક દબાણ હટાવવા માટે પરાગ્વેના ખેલાડીઓને સ્પેનિશ ભાષામાં વળતો જવાબ (સ્લેજિંગ) આપતો રહ્યો હતો. આખરે 70મી મિનિટે મળેલી પેનલ્ટીને ગોલમાં ફેરવી એમબાપ્પેએ ફ્રાન્સને જીત અપાવી હતી. મેચ બાદ કિલિયન એમબાપ્પેએ પરાગ્વેની રણનીતિ પર કટાક્ષ કરતા કહ્યું, 'અમને ખબર જ હતી કે મેચ કેવી રહેવાની છે. જરૂર પડ્યે અમને પણ આક્રામક ફૂટબોલ રમતા આવડે છે. કદાચ પરાગ્વેના ખેલાડીઓ એવું વિચારતા હતા કે અમે મેદાન પર ટક્સીડો (સૂટ) પહેરીને ઉતરીશું, પરંતુ અમે દરેક પડકાર માટે તૈયાર હતા.' બીજી તરફ પરાગ્વેના ગોલકીપર ઓર્લેન્ડો ગિલે દાવો કર્યો કે જો ફ્રાન્સને તે વિવાદાસ્પદ પેનલ્ટી ન મળી હોત, તો અમે મેચને એક્સ્ટ્રા ટાઈમ સુધી ખેંચી ગયા હોત. આ મેચના ગોલ સાથે એમબાપ્પેના નામે હવે વર્લ્ડ કપના ઈતિહાસમાં 19 ગોલ થઈ ગયા છે.

# જે કારનામું કોહલી-રોહિત કે અભિષેક ના કરી શક્યા તે ડેબ્યૂ મેચમાં વૈભવ સૂર્યવંશીએ કર્યું...

**નવી દિલ્હી, તા.05**

ભારતીય ક્રિકેટના 15 વર્ષના ઉભરતા સ્ટાર ઓપનર વૈભવ સૂર્યવંશીના ઈન્ટરનેશનલ ડેબ્યૂની આતુરતાનો અંત આવી ગયો છે. ઈંગ્લેન્ડ સામે મેન્ચેસ્ટરમાં રમાયેલી બીજી ટી20 મેચમાં વાઈસ-કેપ્ટન તિલક વર્માએ વૈભવને ડેબ્યૂ કેપ સોંપી હતી. પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં વૈભવ માત્ર 14 રન જ બનાવી શક્યો હતો, પરંતુ આ ટૂંકી ઈનિંગ્સ દરમિયાન તેણે 2 ગગનચુંબી સિક્સર ફટકારીને ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું હતું. આ સાથે જ તે ભારતના એક ખૂબ જ ખાસ અને પ્રખ્યાત રેકોર્ડ લિસ્ટમાં સામેલ થઈ ગયો છે. પોતાની આક્રમક શૈલીની ઝલક બતાવતા વૈભવ સૂર્યવંશીએ




ઈનિંગ્સની પ્રથમ સિક્સર ઈંગ્લેન્ડના સૌથી ઝડપી બોલર જોફ્રા આર્ચરની ઓવરમાં ફાઈન લેગ તરફ ફટકારી હતી. ત્યારબાદ ચોથી ઓવરના પ્રથમ બોલે તેણે જોશ ટંગના સ્લોઅર બોલને મિડ વિકેટ તરફ બાઉન્ડ્રી લાઈનની બહાર મોકલી દીધો હતો. આ 2 સિક્સર સાથે વૈભવ સૂર્યવંશી ભારતનો એવો છઠ્ઠો બેટ્સમેન બની ગયો છે, જેણે પોતાની કારકિર્દીની ડેબ્યૂ ટી20 મેચમાં એક કરતાં વધુ સિક્સર ફટકારી હોય. આ આંકડાકીય લિસ્ટમાં પૂર્વ દિગ્ગજ કેપ્ટન રાહુલ દ્રવિડનું નામ સૌથી વધુ આશ્ચર્યજનક છે. 'ધ વોલ' તરીકે જાણીતા દ્રવિડે પોતાની એકમાત્ર ટી20 મેચમાં ઈંગ્લેન્ડ સામે 21 બોલમાં 31 રન બનાવ્યા હતા. જેમાં 3 સિક્સર સામેલ હતી. વર્તમાન ટીમમાં ઈશાન કિશને 2021 માં 4 સિક્સર અને તિલક વર્માએ 2023 માં 3 સિક્સર સાથે આ સિદ્ધિ મેળવી હતી. રસપ્રદ વાત એ છે કે, રોહિત શર્મા, વિરાટ કોહલી અને પૂર્વ નંબર-1 ટી20 બેટ્સમેન અભિષેક શર્મા પણ પોતાના ડેબ્યૂ મેચમાં એકથી વધુ સિક્સર ફટકારી શક્યા નહોતા.

# એમ્બાપ્પેએ કરી કમાલ, પેરુગ્વેને હરાવી ફ્રાન્સની ક્વાર્ટર ફાઈનલમાં ધમાકેદાર એન્ટ્રી

**નવી દિલ્હી, તા.05**

ફ્રાન્સના સ્ટાર સ્ટ્રાઈકર કિલિયન એમબાપ્પેનું શાનદાર પ્રદર્શન અવિરત ચાલુ રહ્યું છે. એમબાપ્પેના દમદાર પ્રદર્શનના જોરે ફ્રાન્સે રોમાંચક મુકાબલામાં પરાગ્વેને 1-0 થી હરાવીને સતત ચોથી વખત વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. રવિવારે (5 જુલાઈ 2026) ફિલાડેલ્ફિયાના સ્ટેડિયમમાં આશરે 38 ડિગ્રી સેલ્સિયસની કાળઝાળ ગરમી વચ્ચે રમાયેલી આ મેચમાં એમબાપ્પેએ પેનલ્ટી પર મેચનો એકમાત્ર વિજયી ગોલ ફટકાર્યો હતો. મેચમાં પરાગ્વેના ડિફેન્સે ફ્રાન્સના મજબૂત આક્રમણને લાંબા સમય સુધી ગોલ કરવા દીધો નહોતો. પરંતુ, મેચની 70મી મિનિટે VAR (વિડિયો આસિસ્ટન્ટ



રેફરી) ની દખલગીરી બાદ ફ્રાન્સને મોટી તક મળી. પરાગ્વેના ડિએગો ગોમેઝ પર ફાઉલનો નિર્ણય આવ્યા બાદ ફ્રાન્સને પેનલ્ટી એનાયત થઈ હતી. જેના પર એમબાપ્પેએ કોઈ પણ ભૂલ કર્યા વિના બોલને સીધો ગોલ પોસ્ટમાં ધકેલી દીધો હતો. પરાગ્વેના ગોલકીપર ઓર્લેન્ડો ગિલે ઈન્જરી ટાઈમમાં એમબાપ્પેના બે ખતરનાક શૉટ્સ રોકીને શાનદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ પેનલ્ટી પર તે એમબાપ્પેને રોકી શક્યો નહોતો. ફીફા વર્લ્ડ કપના ઈતિહાસમાં કિલિયન એમબાપ્પેનો આ 19મો ગોલ છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે તેણે આ સિદ્ધિ માત્ર 19 વર્લ્ડ કપ મેચોમાં જ હાંસલ કરી છે. આ ગોલ સાથે તે આર્જેન્ટિનાના મહાન ફૂટબોલર લિઓનલ મેસ્સી (20 ગોલ) ના ઓલ-ટાઈમ રેકોર્ડથી માત્ર એક ગોલ પાછળ છે. મેસ્સી હાલમાં વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરનારો ખેલાડી છે. કિલિયન એમબાપ્પે આ વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં 7 ગોલ ફટકારી ચૂક્યો છે અને તે ગોલ્ડન બૂટની રેસમાં ટોચ પર છે. લિઓનલ મેસ્સીએ પણ આ ટૂર્નામેન્ટમાં સાત ગોલ કર્યા છે, પરંતુ એમબાપ્પેએ આ વર્લ્ડ કપમાં બે આસિસ્ટ પણ કર્યા હોવાથી તે આગળ છે.

# 'કિંગ'થી 'મોમ 2' સુધી : 2026ના બીજા ભાગમાં આ યંગ બ્રીગેડ પર રહેશે સૌની નજર

**મુંબઈ, તા.05**

2026ના પ્રથમ ભાગમાં બોલિવૂડે અનેક યાદગાર ફિલ્મો અને નવા પ્રતિભાશાળી કલાકારોને દર્શકો સમક્ષ રજૂ કર્યા હતા. હવે વર્ષનાં બીજા ભાગમાં પણ અનેક યુવા કલાકારો પોતાની મહત્ત્વાકાંક્ષી ફિલ્મો સાથે મોટા પડદા પર છવાઈ જવા તૈયાર છે. કોમર્શિયલ એન્ટરટેનર્સથી લઈને કન્ટેન્ટ આધારિત ફિલ્મો સુધી, આ નવી પેઢીના કલાકારો માટે આગામી મહિનાઓ કારકિર્દીના સૌથી મહત્વના મહિલા સાબિત થઈ શકે છે. 'ધ આર્ચીઝ'થી અભિનયની શરૂઆત કરનાર સુહાના ખાન હવે વર્ષની સૌથી મોટી ફિલ્મોમાંની એક 'કિંગ'માં જોવા મળશે. શાહરુખ ખાન સાથે સ્ક્રીન શેર કરતી સુહાના માટે આ ફિલ્મ મેઈનસ્ટ્રીમ સિનેમામાં પોતાની ઓળખ મજબુત કરવાની મોટી તક બની શકે છે. તેની સાથે અભિષેક, રાની અને દીપિકા સહિતના કલાકારો પણ જોવા મળશે.



'ધ આર્ચીઝ', 'વિજય 69', 'મા કા સમ' અને 'હિન્દી વિંદી' જેવી ફિલ્મોમાં પોતાનાં વર્સેટાઈલ અભિનયથી પ્રભાવિત કરનાર મિહિર આહુજા હવે 'ઓપરેશન સફેદ સાગર'માં જોવા મળશે. આ ફિલ્મ તેની બહુમુખી પ્રતિભાને વધુ મજબૂત રીતે રજૂ કરવાની તક આપશે. જેમાં તે કારગિલના યુદ્ધ વખતના એરફોર્સ ઓફિસરના રોલમાં જોવા મળશે.

ઉભરતી અભિનેત્રી પ્રગતિ શ્રીવાસ્તવ માટે 'જનાદેશ' મહત્વપૂર્ણ ફિલ્મ સાબિત થઈ શકે છે. અભિનયને કેન્દ્રમાં રાખતી આ ફિલ્મ તેની કારકિર્દીમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન બની શકે છે. આ પહેલાં તે તેલુગુ ફિલ્મમાં કામ કરી ચુકી છે.

બાબિલ ખાન પાસે આ વર્ષે સૌથી વ્યસ્ત પ્રોજેક્ટ્સનું લાઈનઅપ છે. વેબ સિરીઝ ઉપરાંત તે ડિરેક્ટર શૂજિત સરકારની 'દાર્જિલિંગ' તેમજ એક મલયાલમ ફિલ્મમાં પણ જોવા મળશે. 'કલા' અને 'લોગઆઉટ' જેવી ફિલ્મોમાં અલગ પ્રકારના પાત્રો પસંદ કરનાર બાબિલ સતત પોતાની આગવી ઓળખ બનાવી રહ્યો છે.

આર્ચિઝ સ્ટોરીમાં ડેબ્યુ કરનાર વધુ એક કલાકાર, વેદાંગ રૈના 'જિગરા' અને 'મૈં વાપસ આઉંગા' પછી હવે મેડોક ફિલ્મ્સની આગામી ફિલ્મમાં મુખ્ય ભુમિકામાં જોવા મળશે. સફળ ફિલ્મો માટે જાણીતાં મેડોક ફિલ્મ્સ સાથેની તેની આ ફિલ્મને લઈને અપેક્ષાઓ ઊંચી છે.

'મુંજ્યા' અને 'એ વતન મેરે વતન' બાદ અભય વર્મા હવે 'દિલકાશી'માં જોવા મળશે. પોતાનાં અભિનય અને સ્ક્રીન પ્રેઝન્સથી પ્રશંસા મેળવનાર અભય માટે આ ફિલ્મ વધુ એક મહત્વપૂર્ણ તક સાબિત થઈ શકે છે.

'આંખોં કી ગુસ્તાખિયાં' અને 'તું યા મેં' પછી શનાયા કપૂર હવે હોરર-કોમેડી જોનરની ફિલ્મ 'ઝોમ્બી રેડ્ડી 2'માં જોવા મળશે. આ ફિલ્મ દ્વારા તે એક નવા પ્રકારના પાત્રમાં પોતાની ક્ષમતા અજમાવશે.

'ધ આર્ચીઝ' અને 'લવયાપ્પા' બાદ ખુશી કપૂર હવે 'મોમ 2'માં જોવા મળશે. લોકપ્રિય ફિલ્મની સિક્વલ હોવાના કારણે આ પ્રોજેક્ટ પ્રત્યે દર્શકોમાં ભારે ઉત્સુકતા છે અને ખુશીના અભિનય પર સૌની નજર રહેશે. એથી પણ વધુ મહત્વની વાત એ છે કે 2017માં આવેલી મૂળ ફિલ્મ મોમમાં ખુશીની માતા શ્રીદેવી જોવા મળી હતી અને હવે સિક્વલમાં ખુશી જોવા મળશે.

2026ના બીજા ભાગમાં આ યુવા કલાકારો વિવિધ પ્રકારની ફિલ્મો દ્વારા પોતાની પ્રતિભા સાબિત કરવા તૈયાર છે. જો તેમની ફિલ્મોને દર્શકોનો સારો પ્રતિસાદ મળશે, તો બોલિવૂડને આગામી સુપરસ્ટાર્સની નવી પેઢી મળી શકે છે.

# શાહરુખે લોસ એન્જેલસમાં 'નાઈટ રાઈડર્સ ક્રિકેટ ગ્રાઉન્ડ'નું ઉદ્ઘાટન કર્યું

## આ મેદાન પર મેજર લીગ ક્રિકેટની પ્રથમ મેચથી ઐતિહાસિક શરૂઆત થઈ

**મુંબઈ, તા.05**

બોલિવૂડ સુપરસ્ટાર અને નાઈટ રાઈડર્સ ગ્રુપના સહ-માલિક શાહરુખ ખાને અમેરિકાના લોસ એન્જેલસમાં નવા આંતરરાષ્ટ્રીય ધોરણના નાઈટ રાઈડર્સ ક્રિકેટ ગ્રાઉન્ડનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું છે. આ મેદાન પર પહેલી મેજર લીગ ક્રિકેટ (MLC) મેચનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લોસ એન્જેલસ નાઈટ રાઈડર્સનો મુકાબલો વોશિંગ્ટન ફ્રીડમ સામે થયો હતો. આ સાથે જ અમેરિકામાં ક્રિકેટના વિસ્તરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

આ સ્ટેડિયમ વિશ્વનું એવું પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેદાન છે, જેની સ્થાપના કોઈ વૈશ્વિક ક્રિકેટ ફ્રેન્ચાઈઝીએ કરી છે. આ પ્રોજેક્ટ નાઈટ રાઈડર્સ ગ્રુપનાં વિશ્વભરમાં ક્રિકેટના વિકાસ અને આધુનિક રમતગમતના માળખામાં રોકાણ કરવાનાં લાંબા ગાળાના આયોજનને દર્શાવે છે.



નવા ક્રિકેટ ગ્રાઉન્ડમાં આંતરરાષ્ટ્રીય સ્તરની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મેદાનમાં મુખ્ય સ્ક્વેર પર આઠ વિકેટ, આસીસીના ધોરણ મુજબનો રમવાનો વિસ્તાર તેમજ 120 ફૂટ ઊંચા છ ફ્લડલાઈટ ટાવર બનાવવામાં આવ્યા છે. આ ભવ્ય સ્ટેડિયમનાં નિર્માણ માટે 32 હજાર મેટ્રિક ટનથી વધુ માટીનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું, જેથી ખેલાડીઓ અને દર્શકોને વિશ્વસ્તરીય અનુભવ મળી શકે. આ ઐતિહાસિક પ્રસંગે શાહરુખ ખાને કહ્યું, "જે એક સમયે માત્ર સપનું હતું, તે આજે સાકાર થયું છે. વિશ્વની બીજી સૌથી વધુ જોવાતી રમત ક્રિકેટને લોસ એન્જેલસ સુધી લાવવી આપણા બધા માટે ઐતિહાસિક ક્ષણ છે. અમને આશા છે કે આ મેદાન લોસ એન્જેલસમાં ક્રિકેટનું ઘર બનશે અને નવી પેઢીને આ રમત સાથે જોડાવા પ્રેરણા આપશે. આ મેદાન લોસ એન્જેલસ માટે, વિશ્વભરના ક્રિકેટ ચાહકો માટે અને સમગ્ર નાઈટ રાઈડર્સ પરિવાર માટે છે. 'બિલીવ ઈન પર્પલ એન્ડ ગોલ્ડ'. નાઈટ રાઈડર્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં 1થી 5 જુલાઈ દરમિયાન મેજર લીગ ક્રિકેટની કેટલીક મેચ રમાશે.

# ઓસ્કાર મતદાન પેનલમાં ફરાહ ખાનનો સમાવેશ, સભ્યતા માટે મળ્યું આમંત્રણ

**મુંબઈ, તા.05**

બોલિવૂડની જાણીતી ફિલ્મ નિર્માતા અને કોરિયોગ્રાફર ફરાહ ખાને પોતાની કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. એકેડેમી ઑફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસ (AMPAS) દ્વારા તેને પ્રતિષ્ઠિત સભ્યપદ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સાથે હવે ફરાહ ખાનને વિશ્વપ્રસિદ્ધ ઓસ્કાર એવોર્ડ્સમાં મતદાન કરવાનો અધિકાર મળશે.



આ માહિતી કોરિયોગ્રાફર્સ ગિલ્ડે પોતાનાં ઈન્સ્ટાગ્રામ પર પણ શેર કરી હતી. ફરાહ ખાન ઉપરાંત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કોરિયોગ્રાફર્સ ક્રિસ્ટોફર સ્કોટ, માર્ગ્યુરાઈટ ડેરિક્સ અને જમાલ સિમ્સને પણ કોરિયોગ્રાફી વિભાગના નવા સભ્યો તરીકે આવકારવામાં આવ્યા છે.આ સન્માન અંગે ખુશી વ્યક્ત કરતાં ફરાહ ખાને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, "આ પ્રતિષ્ઠિત ગ્રુપનો ભાગ બનવા બદલ હું અત્યંત ખુશી અને ગૌરવ અનુભવું છું."ફરાહને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક કલાકારો અને સેલેબ્રિટીએ અભિનંદન પાઠવ્યાં હતાં.

# ચિત્રાંગદા પસંદગીની ફિલ્મો સાથે નવા વ્યસ્ત તબક્કામાં

## ચિત્રાંગદા હવે માતૃભૂમિ સહિત અનેક મોટા પ્રોજેક્ટ્સમાં જોવા મળશે

**મુંબઈ, તા.05**

બોલિવૂડ એક્ટ્રેસ ચિત્રાંગદા સિંહ વર્ષોથી પોતાની અલગ ઓળખ બનાવતી ફિલ્મો માટે જાણીતી રહી છે. વધુ ફિલ્મો કરવાની દોડમાં સામેલ થવાને બદલે તે હંમેશા એવી ફિલ્મો પસંદ કરે છે, જેમાં મજબુત વાર્તા અને અર્થપૂર્ણ પાત્ર હોય. હવે તે પોતાના આગામી મહત્વાકાંક્ષી ફિલ્મ 'માતૃભૂમિ'ને લઈને ચર્ચામાં છે, જેમાં તે સલમાન ખાન સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. ચિત્રાંગદાએ અત્યાર સુધી હઝારોં ખ્વાહિશેં ઐસી, યે સાલી જિંદગી, બોબ બિસ્વાસ અને રાત અકેલી હૈ: ધ બન્સલ મર્ડર્સ જેવી વિવિધ પ્રકારની ફિલ્મોમાં અભિનય કરીને પોતાની પ્રતિભા સાબિત કરી છે. તેણે હંમેશા એવા પાત્રોને પ્રાધાન્ય આપ્યું છે, જે અભિનય માટે પડકારજનક અને યાદગાર હોય.આગામી સમયમાં તેની કારકિર્દી વધુ વ્યસ્ત બનવાની છે. ખાસ કરીને 'માતૃભૂમિ'માં સલમાન ખાન સાથેની તેની જોડી અંગે ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ફિલ્મ અંગેની વધુ વિગતો આગામી મહિનાઓમાં જાહેર થવાની શક્યતા છે. અભિનય ઉપરાંત ચિત્રાંગદાએ પોતાની વ્યાવસાયિક સફરને પણ વિસ્તારી છે. છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન તેણે ધ રોકફોર્ડ સર્કલ અને ફાલ્કન્સ



ઓફ મજલિસ જેવા મંચો પર ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ સ્થાપકો અને બિઝનેસ લીડર્સ સાથે ચર્ચાઓનું સંચાલન કર્યું છે. આ પ્રવૃત્તિઓ દ્વારા તેણે ફિલ્મો ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ પોતાની સક્રિય હાજરી નોંધાવી છે. ચિત્રાંગદાએ નિર્માતા તરીકે પણ પગલું ભર્યું છે, છતાં તેની પ્રથમ પ્રાથમિકતા આજે પણ સિનેમા જ છે. તે ડ્રામા, થ્રિલર અને વ્યાવસાયિક મનોરંજન સહિત વિવિધ શૈલીની ફિલ્મોમાં કામ કરીને સતત પોતાની બહુમુખી પ્રતિભા દર્શાવી રહી છે.પસંદગીના પ્રોજેક્ટ્સ, મજબુત પાત્રો અને નવી વ્યાવસાયિક જવાબદારીઓ સાથે ચિત્રાંગદા સિંહ હાલમાં પોતાની કારકિર્દીના નવા અને વ્યસ્ત તબક્કામાં પ્રવેશી રહી છે. માતૃભૂમિ અને સલમાન ખાન સાથેનો અન્ય પ્રોજેક્ટ તેના માટે આગામી સમયના સૌથી મહત્વના પડાવ બની શકે છે.

# નવા સપ્તાહમાં સેન્સેક્સ 78555 ઉપર બંધ થતાં 79333 જોવાશે

મુંબઈ, તા.05

ચોમાસાના વિલંબે દેશને હજુ અઠવાડિયા પહેલા સુધી ચિંતામાં ગરકાવ કરી દીધો હતો. ઈરાન-અમેરિકા યુદ્ધના અંત માટેની સમજૂતી અને હોર્મુઝ માર્ગે ફરી ક્રુડ ઓઈલના પુરવઠો વહેતો થવાથી વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવ તૂટીને યુદ્ધ પહેલાના સ્તરે આવી જવાના પોઝિટીવ પરિબળ અને અમેરિકી ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ધોવાણ અટકવું સહિતના પોઝિટીવ પરિબળ છતાં ચોમાસાની ચિંતા બજારમાં વર્તાતી હતી. અલબત હવે ચોમાસાની વર્તમાન સારી પ્રગતિ જોતાં આ પરિબળ હાલ તુરત પોઝિટીવ બનતું જોવાયું છે. શેરોમાં ઘટાડે હવે લોકલ-સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની સાથે વિદેશી રોકાણનો પ્રવાહ વહેતો થતો જોવાઈ રહ્યો છે. એફપીઆઈઝ શેરોમાં ઘટાડે લેવાલ બની રહ્યા છે. યુદ્ધની સ્થિતિ શાંત થતાં અને અમેરિકાના ભારત માટે ટ્રેડ ડિલ માટેની આતુરતા સાથે ભારતના પક્ષમાં પલડું નમી રહ્યાના સંકેતોએ શકય છે કે બજારનું સેન્ટીમેન્ટ સુધરતું જોવાશે. હાલ તુરત નેગેટીવ પરિબળો મર્યાદિત અને પોઝિટીવ પરિબળો વધુ છે. કોર્પોરેટ કમાણીના અંદાજો પણ હવે જૂન અંત માટેના સુધરવાની શકયતા અને અગાઉનો નબળી કામગીરીનો ભય હળવો થતો જોવાઈ રહ્યો છે. જે શકય છે કે નવા કોઈ નેગેટીવ પરિબળો નહીં સર્જાવાના સંજોગોમાં શેરોમાં ફરી તેજીનો જુવાળ બતાવશે. વૈશ્વિક અને સ્થાનિક પરિબળો વચ્ચે આગામી સપ્તાહમાં સેન્સેક્સ ૭૮૫૫૫ ઉપર બંધ થતાં ૭૯૩૩૩ અને નિફટી સ્પોટ ૨૪૫૫૫ ઉપર બંધ થતાં ૨૪૭૭૭ જોવાઈ શકે છે.

અર્જુનની આંખે : DCM SHRIRAM LTD.

બીએસઈ (૫૨૩૩૬૭), એનએસઈ (DCMSHRIRAM) લિસ્ટેડ, રૂ.૨ પેઈડ-અપ, ડીસીએમ શ્રીરામ લિમિટેડ(DCM SHRIRAM LIMITED), એક વૈવિધ્યિકૃત અને ઈન્ટીગ્રેટેડ બિઝનેસ ધરાવતી કંપની છે. જે કૃષિ વેલ્યુ ચેઈન, કેમિકલ્સ અને વિનાઈલ ઉદ્યોગ અને બિલ્ડિંગ મટીરિયલ પ્રોડક્ટસમાં સક્રિય છે. કંપનીના તમામ મુખ્ય મેન્યુફેકચરીંગ એકમો પર સ્વવપરાશી પાવરની ઉપલબ્ધિ બિઝનેસને સ્પર્ધાત્મક બનાવવા સક્ષમ કરે છે.

ડીસીએમ શ્રીરામનો બિઝનેસ પોર્ટફોલિયો કૃષિ-ગ્રામીણ બિઝનેસ : યુરિયા, ખાંડ, ઈથેનોલ, ફાર્મ સોલ્યુશન બિઝનેસ સહિત અનેક ક્ષેત્રોમાં ફેલાયેલો છે, જેમાં ઈનપુટ્સ, રિસર્ચ અને ડેવલપમેન્ટ આધારિત હાઈબ્રિડ બિયાની સમગ્ર શ્રેણીને આવરી લેવામાં આવે છે.

કેમિકલ્સ અને વિનાઈલ બિઝનેસ : કોસ્ટિક સોડા, ક્લોરિન, એલ્યુમીનિયમ ક્લોરીડ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, કેલ્શિયમ કાર્બાઈડ, પીવીસી રેઝિન, પોલિમર કમ્પાઉન્ડસ તેમ જ એપોક્સી, રિફાઈન્ડ ગ્લિસરીન અને એપિક્લોરોહાઈડ્રિન (ઈસીએચ) જેવી આધુનિક મટીરિયલ્સ, પાવર અને સિમેન્ટ સાથે અન્ય વેલ્યુ એડેડ બિઝનેસોમાં ફેનેસ્ટા બિલ્ડિંગ સિસ્ટમ્સ યુપીવીસી અને એલ્યુમીનિયમ વિન્ડોઝ અને દરવાજા, સોલિડ પેનલ દરવાજા અને ફેસેડ સોલ્યુશન્સ બનાવે છે.



પ્રમુખ પૂર્ણ કરેલા રોકાણ એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૬ :

(૧) ભરૂચ યુનિટ ખાતે ૮૫૦ ટીપીડી કોસ્ટિક ક્ષમતા વિસ્તરણ મે ૨૦૨૪ (૨) ભરૂચ યુનિટ ખાતે ૧૨૦ મેગાવોટ પ્લાન્ટ, જૂન ૨૦૨૪ (૩) ભરૂચ યુનિટ ખાતે ૫૨,૫૦૦ ટીપીએ હાઈડ્રોજન પેરોક્સાઈડ પ્લાન્ટ, ઓગસ્ટ ૨૦૨૪ (૪) લોની યુનિટ ખાતે ૨૧૦૦ ટીસીડી સુગર ક્ષમતા વિસ્તરણ નવેમ્બર ૨૦૨૪ (૫) અજબાપુર યુનિટ ખાતે ૧૨ ટીપીડી કોમ્પ્રેસ્ડ બાયો ગેસ (સીબીજી) પ્લાન્ટ માર્ચ ૨૦૨૫ (૬) ડીએનવી ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડમાં ૫૩ ટકા હોલ્ડિંગ હસ્તગત (હાર્ડવેર) મે ૨૦૨૫ (૭) એચએસસીએલમાં ૧૦૦ ટકા હોલ્ડિંગ હસ્તગત(એડવાન્સ્ડ મટિરિયલ્સ જેમ કે ઈપોક્સી) ઓગસ્ટ ૨૦૨૫ (૮) ૫૨,૦૦૦ ટીપીએ ભરૂચ ખાતે એપિક્લોરોહાઈડ્રિન પ્લાન્ટ એપ્રિલ ૨૦૨૬ (૯) એચએસસીએલ: હિન્દુસ્તાન સ્પેશ્યાલિટી કેમિકલ્સ લિમિટેડ, ઓકટોહબર ૨૦૨૫માં ૩૫,૦૦૦ ટીપીએ કાર્યરત થયું અને બાકીની ૧૭૦૦૦ ટીપીએ ક્ષમતા એપ્રિલ ૨૦૨૬માં કાર્યરત થઈ. સરેરાશ ૩૪ મેગાવોટ, જેએસડબલ્યુ રિન્યુએબલ્સ સાથેના સંયુક્ત સાહસ દ્વારા ગ્રુપ સ્વવપરાશી સ્ટ્રકચર હેઠળ અમલમાં મૂકવામાં આવી રહી છે, ૧૫ મેગાવોટ (સરેરાશ) માટે ઈન્જેકશન ૪,મે ૨૦૨૬થી શરૂ થયું.

અમલીકરણ હેઠળના પ્રમુખ રોકાણો : (૧) ફેનેસ્ટા એલ્યુમીનિયમ કોટા ખાતે એક્સટ્રુઝન પ્લાન્ટ (પ્રથમ તબક્કામાં) નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક (૨) ૬૮ મેગાવોટ (પીક) કોટા માટે કેપ્ટિવ રિન્યુએબલ એનર્જી નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક (૩) ૧૦૦ ટીપીડી એલ્યુમીનિયમ ક્લોરીડ (એઆઈસીઆઈ૩) ભરૂચ નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક (૪) ૨૨૫ ટીપીડી ભરૂચ ખાતે કેલ્શિયમ ક્લોરાઈડ નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક (૫) પ્રસ્તાવિત ૨,૦૮,૦૦૦ એમટીપીએ કુલ ક્ષમતાવાળા મીઠાના કામોનું સંપાદન નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક (૬) ૪૮ મેગાવોટ (પીક) કેપ્ટિવ રિન્યુએબલ એનર્જી અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રકચર ભરૂચ નાણાકીય વર્ષ ૨૦૨૮ના પ્રથમ ત્રિમાસિક (૭) ૩૬ કેટીપીએ ફોર્મ્યુલેટેડ રેઝિન (એફઆર) નાણાકીય વર્ષ ૨૦૨૮ના બીજા ત્રિમાસિકમાં એચએસસીએલ ક્ષમતા વિસ્તરણ.

કંપનીના સીએમડીનું નિવેદન : ૧૩, મે ૨૦૨૬ના રોજ, માર્ચ ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષની કામગીરી પર ટિપ્પણી કરતાં કંપનીની ચેરમેન અને સિનિયર મેનેજિંગ ડિરેકટર અજય શ્રીરામ અને વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર વિક્રમ શ્રીરામે જણાવ્યું હતું કે, ''નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વૈશ્વિક સંગઠનો અને સરકારો સતત અનિશ્ચિતતાઓ દ્વારા તણાવ પરીક્ષિત જોવા મળી. વધતો વેપાર સંરક્ષણવાદ, પુરવઠા ચેઈનના પુન:સંકલન અને પશ્ચિમ એશિયામાં સંઘર્ષમાં વધારો કોમોડિટી બજારો, લોજિસ્ટિક્સ કોરિડોર અને મૂડી પ્રવાહને અસર કરતો રહ્યો, જે ઓપરેશનલ ચપળતા અને સ્થિતિસ્થાપકતાના મહત્વને મજબૂત બનાવે છે. આ અવરોધો છતાં, ભારતીય અર્થતંત્રે મજબૂત મેક્રોઈકોનોમિક મૂડીગત પરિબળો, સતત સ્થાનિક માંગ અને સતત જાહેર ઈન્ફ્રાસ્ટ્રકચર ખર્ચ દ્વારા સમર્થિત વધુ સારી સ્થિતિસ્થાપકતા દર્શાવી. કંપનીના કેમિકલ્સ વ્યવસાયે મજબૂત વોલ્યુમ વૃદ્ધિ નોંધાવી, જે છેલ્લા બે વર્ષમાં વિસ્તરણના પ્રગતિશીલ રેમ્પ-અપ અને ડાઉનસ્ટ્રીમ એકીકરણ દ્વારા સંચાલિત છે. એપિક્લોરોહાઈડ્રિન (ઈસીએચ) સુવિધા, જે અદ્યતન સામગ્રી મૂલ્ય સાંકળનો ભાગ છે, એપ્રિલ ૨૦૨૬માં સંપૂર્ણપણે કાર્યરત થઈ ગઈ હતી અને બજારમાં સ્વીકૃતિને પ્રોત્સાહન મળી રહ્યું છે. વર્ષ દરમિયાન કંપનીએ જે ઈપોક્સી અને ફોર્મ્યુલેટેડ રેઝિનસ વ્યવસાય મેળવ્યો હતો, તે હવે વિસ્તૃત થઈ રહ્યો છે. ખાસ કરીને વેલ્યુ-એડેડ ફોર્મ્યુલેટેડ રેઝિન ક્ષેત્રમાં છે. કંપનીએ વ્યુહાત્મક ભાગીદારી દ્વારા કંપનીના બિઝનેસોને વધારવા માટે અન્વેષણ કરી રહી છે. કંપનીએ પીવીસી કમ્પાઉન્ડિંગ બિઝનેસ માટે યુ.એસ.ની કંપની સાથે સંયુક્ત સાહસમાં પ્રવેશ કર્યો છે અને વૃદ્ધિને વેગ આપવાની યોજના બનાવી છે. ખાંડ અને ઈથેનોલ બિઝનેસમાં, ભારતીય ખાંડનું ઉત્પાદન ગત વર્ષની તુલનાએ આ સિઝનમાં ૨.૩ એમએમટી વધ્યું છે. ઉદ્યોગ માર્જિન દબાણનો સામનો કરી રહ્યો છે. જે શેરડીના ઊંચા ખર્ચ અને ખાંડ તેમ જ ઈથેનોલ બિઝનેસમાં વધુ પડતા પુરવઠાને કારણે ઉદ્દભવે છે. ઊંચા ખાંડ એમએસપી, વિસ્તૃત મિશ્રણ આદેશો, નિકાસ સુવિધા અને વૈકલ્પિક ઈથેનોલ ઉપયોગ દ્વારા સતત નીતિ સહાય- ઉદ્યોગની સદ્ધરતા માટે મહત્વપૂર્ણ રહે છે. કંપનીની ગ્રાહક બિઝનેસો, ફેનેસ્ટા બ્લિડિંગ સિસ્ટમ્સ અને શ્રીરામ ફાર્મ સોલ્યુશન્સ તેમની બજાર સ્થિતિને મજબૂત કરતી વખતે અને નવા સીમાચિહ્નો સુધી પહોંચતી વખતે સ્વસ્થ ગતિએ વૃદ્ધિ કરવાનું ચાલુ રાખ્યું છે. કંપની વેલ્યુ-ચેઈન સંકલન, ક્ષમતા ઓપ્ટિમાઈઝેશન, ખર્ચ કાર્યક્ષમતા અને શિસ્તબદ્ધ મૂડી ફાળવણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મજબૂત બેલેન્સશીટના સમર્થનથી, કંપનીએ વધુને વધુ ગતિશીલ વૈશ્વિક વાતાવરણમાં નેવિગેટ કરતી વખતે વૃદ્ધિની તકોને અનુસરવા માટે સારી સ્થિતિમાં છે.''

કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો : (૧) પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ :ચોખ્ખી આવક ૧૧.૯૫ ટકા વધીને રૂ.૧૪,૨૬૪ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૧૧.૭૭ ટકા વધીને રૂ.૧૦૧૬ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૬ ટકા થકી ચોખ્ખો નફો ૪૧.૭૨ ટકા વધીને રૂ.૮૫૬ કરોડ હાંસલ કરી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૫૪.૭૩ હાંસલ કરી છે.

(૨) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ : અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૧૬,૨૫૦ કરોડ અને અપેક્ષિત કરવેરા પૂર્વેનો નફો રૂ.૧૨૨૦ કરોડ મેળવી અપેક્ષિત નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૫.૮૫ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૯૫૦ કરોડ અપેક્ષિત થકી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૬૧ અપેક્ષિત છે.

બોનસ ઈસ્યુ : વર્ષ ૨૦૨૫માં ૧:૧ શેર થકી કુલ ઈક્વિટીમાં ૫૦ ટકા બોનસ ઈક્વિટી ધરાવે છે.

શેર હોલ્ડિંગ પેટર્ન : ૬૭ ટકા પ્રમોટર્સ, ૧૩ ટકા સંસ્થાઓ, ૪ ટકા એફઆઈઆઈઝ પાસે, ૯ ટકા એચએનઆઈ હસ્તક અને ૭ ટકા રિટેલ શેરધારકો પાસે છે.

બુક વેલ્યુ : વર્ષ ૨૦૨૨માં રૂ.૩૫૪, વર્ષ ૨૦૨૩માં રૂ.૪૦૨, વર્ષ ૨૦૨૪માં રૂ.૪૨૧, વર્ષ ૨૦૨૫માં રૂ.૪૫૦, વર્ષ ૨૦૨૬માં રૂ.૪૯૫,

ડિવિડન્ડ : વર્ષ ૨૦૨૨માં ૭૩૫ ટકા, વર્ષ ૨૦૨૩માં ૭૦૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૩૩૦ ટકા, વર્ષ ૨૦૨૫માં ૪૫૦ ટકા, વર્ષ ૨૦૨૬માં ૫૬૦ ટકા.

## સરકારે LNG સપ્લાય પરનો પ્રતિબંધ હટાવ્યો: અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ થવાથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી શિપમેન્ટ શરૂ, જેનાથી ઉદ્યોગોને રાહત મળશે

નવી દિલ્હી, તા.05

દેશમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ એટલે કે LNG નો પુરવઠો હવે સામાન્ય થઈ ગયો છે. કેન્દ્ર સરકારે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ દરમિયાન દેશમાં લાગુ કરાયેલા 'ઈમરજન્સી નેચરલ ગેસ સપ્લાય રેગ્યુલેશન ઓર્ડર' ના આદેશો પાછા ખેંચી લીધા છે. LNGનો ઉપયોગ ઉદ્યોગોમાં વધુ થાય છે, તેથી આ નિર્ણયથી ઉદ્યોગોને રાહત મળશે.




આ નિર્ણય પશ્ચિમ એશિયામાં યુદ્ધવિરામ (સીઝફાયર) થવા અને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' માંથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ના જહાજોની અવરજવર ફરીથી સામાન્ય થયા પછી લેવામાં આવ્યો છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે આ સંબંધમાં શનિવારે નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે.

પેટ્રોલિયમ મંત્રાલયે જણાવ્યું કે 28 ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓ અને ત્યારબાદ ઈરાનની જવાબી કાર્યવાહીને કારણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી ગેસ અને તેલનો સપ્લાય સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. ત્યારબાદ ઘણા વિદેશી સપ્લાયર્સે ભારત આવતા ગેસ કાર્ગોને રોકી દીધા હતા અથવા અન્ય દેશો તરફ ડાયવર્ટ કરી દીધા હતા. આ સંકટનો સામનો કરવા માટે સરકારે 9 માર્ચ 2026ના રોજ એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ એટલે કે આવશ્યક વસ્તુ અધિનિયમ હેઠળ દેશમાં ગેસ સપ્લાયને નિયંત્રિત કરવા માટે કટોકટીનો આદેશ જારી કર્યો હતો.

LNG સપ્લાય પરનો પ્રતિબંધ હટાવવો એ સરકારનું ત્રીજું મોટું પગલું છે. આ પહેલાં સરકાર બે અન્ય કટોકટીના નિર્ણયો પાછા ખેંચી ચૂકી છે. તેલ રિફાઈનરીઓને પેટ્રોકેમિકલ ઈનપુટ રોકીને LPGનું ઉત્પાદન વધુમાં વધુ વધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેને હટાવી લેવામાં આવ્યો છે.

જથ્થાબંધ (બલ્ક) ગ્રાહકોને ડીઝલના વેચાણ પર લાદવામાં આવેલી લિમિટ પણ હવે હટાવી દેવામાં આવી છે. ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર અને ઉપભોક્તા દેશ છે. ભારત તેની જરૂરિયાતનો લગભગ 88% ક્રૂડ ઓઈલ અને લગભગ 50% નેચરલ ગેસ (LNG) અન્ય દેશો પાસેથી ખરીદે છે. ભારતના કુલ ક્રૂડ ઓઈલ ઈમ્પોર્ટનો 40-45% અને કુલ LNG સપ્લાયનો લગભગ 65% હિસ્સો પશ્ચિમ એશિયા એટલે કે ખાડી દેશોમાંથી આવે છે. મોટાભાગનો LNG કતારથી આવે છે, જેના જહાજોને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થવું પડે છે. આ જ કારણ છે કે આ રૂટ પર સહેજ પણ તણાવ થતાં જ ભારતમાં ઈંધણ સંકટનું જોખમ તોળાવા લાગે છે.

## ટોપ-10 કંપનીઓમાંથી 6ની વેલ્યુ ₹1 લાખ કરોડ વધી: એરટેલ ટોપ ગેનર રહી, વેલ્યુ ₹36,529 કરોડ વધી, બજાજ ફાઈનાન્સ-ICICI બેંકનું માર્કેટ કેપ પણ વધ્યું

મુંબઈ, તા.05

ગયા કારોબારી સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારમાં અદભુત તેજીનો માહોલ જોવા મળ્યો હતો, જેના કારણે દેશની ટોપ-10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 6 કંપનીઓની માર્કેટ વેલ્યુમાં મોટો ઉછાળો નોંધાયો છે. આ અઠવાડિયાની તેજીમાં આ છ અગ્રણી કંપનીઓએ ભેગા મળીને રોકાણકારોની સંપત્તિમાં 1 લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધુનો જંગી ઉમેરો કર્યો છે. આ સમગ્ર તેજીના માહોલમાં ટેલિકોમ ક્ષેત્રની દિગ્ગજ કંપની ભારતીય એરટેલ સૌથી વધુ કમાણી કરનારી કંપની સાબિત થઈ છે. એરટેલના માર્કેટ વેલ્યુએશનમાં 36,529 કરોડ રૂપિયાની જોરદાર વૃદ્ધિ થતાં તેની કુલ માર્કેટ વેલ્યુ હવે 11.63 લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. ટેલિકોમ સેક્ટરની આ મજબૂતી ઉપરાંત બેન્કિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રમાં પણ સારો સુધારો જોવા મળ્યો છે, જેમાં બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, જાહેર ક્ષેત્રની વીમા કંપની એલઆઈસી અને એફએમસીજી ક્ષેત્રની અગ્રણી કંપની હિન્દુસ્તાન યુનિલિવરના માર્કેટ કેપમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે. જોકે, બજારના આ એકંદર તેજીના વલણ વચ્ચે પણ દેશની ટોપ-10 કંપનીઓમાંથી 4 દિગ્ગજ કંપનીઓને નુકસાનનો સામનો કરવો પડ્યો છે અને તેમની માર્કેટ વેલ્યુમાં ઘટાડો જોવા મળ્યો છે. આ ઘટાડો નોંધાવનારી કંપનીઓમાં દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ ફર્મ લાર્સન એન્ડ ટુબ્રો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને આઈટી ક્ષેત્રની દિગ્ગજ કંપની ટીસીએસના નામ સામેલ છે. બીએસઈના આધારે 29 જૂનથી 03 જુલાઈ 2026 સુધીના આંકડાઓ પર નજર કરીએ તો, ભારતીય એરટેલે 36,529 કરોડના વધારા સાથે પોતાની માર્કેટ વેલ્યુ 11.64 લાખ કરોડ કરી લીધી છે. બજાજ ફાઈનાન્સે 33,059 કરોડ રૂપિયા ઉમેરીને 6.43 લાખ કરોડની સપાટી મેળવી છે, જ્યારે આઈસીઆઈસીઆઈ બેંક 16,084 કરોડ વધીને 10.11 લાખ કરોડ પર પહોંચી છે. આ ઉપરાંત એલઆઈસીમાં 8,602 કરોડ, એચડીએફસી બેંકમાં 7,665 કરોડ અને હિન્દુસ્તાન યુનિલિવરમાં 6,461 કરોડ રૂપિયાનો વધારો થયો છે, જેના કારણે તેમની વર્તમાન માર્કેટ વેલ્યુ અનુક્રમે 5.44 લાખ કરોડ, 12.34 લાખ કરોડ અને 5.17 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. બીજી તરફ નુકસાન કરનારી કંપનીઓમાં લાર્સન એન્ડ ટુબ્રોની વેલ્યુમાં 26,572 કરોડ રૂપિયાનો મોટો ઘટાડો થતાં તે 5.54 લાખ કરોડ પર આવી ગઈ છે. દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને પણ 18,945 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે અને તેનું માર્કેટ કેપ 17.65 લાખ કરોડ રહ્યું છે. એસબીઆઈના મૂલ્યમાં 4,846 કરોડ અને ટીસીએસના મૂલ્યમાં 1,031 કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાતા તેમની નવી વેલ્યુએશન અનુક્રમે 9.60 લાખ કરોડ અને 7.57 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.



આ તમામ ઉતાર-ચઢાવ છતાં પણ માર્કેટ કેપિટલાઈઝેશનના દ્રષ્ટિકોણથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ હજુ પણ દેશની સૌથી મૂલ્યવાન કંપની તરીકે પ્રથમ સ્થાને મજબૂતીથી યથાવત છે. આ યાદીમાં બીજા ક્રમે ખાનગી ક્ષેત્રની એચડીએફસી બેંક અને ત્રીજા ક્રમે ભારતી એરટેલ આવે છે. તે પછી ચોથા સ્થાને આઈસીઆઈસીઆઈ બેંક અને પાંચમા સ્થાને સરકારી ક્ષેત્રની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહી છે. આ પ્રતિષ્ઠિત યાદીમાં આગળ વધતા છઠ્ઠા સ્થાને ટીસીએસ, સાતમા સ્થાને બજાજ ફાઈનાન્સ, આઠમા સ્થાને લાર્સન એન્ડ ટુબ્રો, નવમા સ્થાને એલઆઈસી અને દસમા સ્થાને હિન્દુસ્તાન યુનિલિવર જેવી દિગ્ગજ કંપનીઓ ગોઠવાયેલી છે. બજારની આ એકંદર મજબૂતી પાછળ મુખ્ય સૂચકાંકોનો મોટો હાથ રહ્યો છે, જેમાં ગયા અઠવાડિયે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક સેન્સેક્સ 663.44 પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી 214.85 પોઈન્ટ વધ્યો હતો. સપ્તાહના છેલ્લા દિવસે એટલે કે શુક્રવારે પણ બજારે જોરદાર ઉત્સાહ બતાવ્યો હતો અને સેન્સેક્સ 261 પોઈન્ટના ઉછાળા સાથે 77,764ની ઐતિહાસિક સપાટીએ બંધ થયો હતો, જ્યારે નિફ્ટી પણ 95 પોઈન્ટ વધીને 24,270 ના સ્તરે સ્થિર થયો હતો.

સામાન્ય ભાષામાં સમજીએ તો માર્કેટ કેપિટલાઈઝેશન એટલે કે માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના બજારમાં ઉપલબ્ધ તમામ આઉટસ્ટેન્ડિંગ શેરનું કુલ નાણાકીય મૂલ્ય છે, જે હાલમાં શેરધારકો પાસે રાખેલા છે. આની ગણતરી કરવા માટે કંપનીના કુલ શેરોની સંખ્યાને તેની વર્તમાન બજાર કિંમત સાથે ગુણવામાં આવે છે. ઉદાહરણ તરીકે જો કોઈ કંપની પાસે બજારમાં ખરીદાયેલા 1 કરોડ શેર હોય અને તેના એક શેરની કિંમત 20 રૂપિયા હોય, તો તે કંપનીનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 20 કરોડ રૂપિયા ગણાશે. શેરબજારમાં શેરના ભાવો સતત બદલાતા હોવાથી કંપનીઓની આ માર્કેટ વેલ્યુ પણ વધતી કે ઘટતી રહે છે. કંપનીની વેલ્યુએશન વધવા પાછળ શેરની કિંમતોમાં વધારો, મજબૂત ત્રિમાસિક કે વાર્ષિક નાણાકીય પરિણામો, કંપનીને લગતા સકારાત્મક સમાચાર કે ઘટનાઓ, બજારમાં રોકાણકારોનો હકારાત્મક અભિગમ અથવા ઊંચા ભાવે નવા શેર જાહેર કરવા જેવા પરિબળો કામ કરે છે. તેનાથી વિપરીત કંપનીનું મૂલ્ય ઘટવા પાછળ શેરના ભાવમાં ઘટાડો, નબળા નાણાકીય પરિણામો, નકારાત્મક સમાચારો, અર્થતંત્રમાં મંદી અથવા કંપની દ્વારા શેર બાયબેક કે ડીલિસ્ટિંગ કરવાની પ્રક્રિયા જવાબદાર હોય છે.

## ITR ભરતી વખતે વિદેશી સંપત્તિ અને આવકની જાણકારી આપવી કેમ જરૂરી?

મુંબઈ, તા.05

આકારણી વર્ષ (Assessment Year) 2026-27 માટે ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. તમામ પ્રકારના કરદાતાઓ તેમની પાછલા નાણાકીય વર્ષની આવક માટે ITR ફાઈલ કરી શકે છે.

આવકવેરા વિભાગ સતત એ વાત પર ભાર મૂકે છે કે કરદાતાઓએ તેમના ITRમાં પોતાની તમામ પ્રકારની આવકની વિગતો અચૂક આપવી જોઈએ. જો તેમ કરવામાં ન આવે, તો કરદાતાઓ પર મોટો દંડ થઈ શકે છે. ત્યારે આજે આપણે વિદેશમાં આવેલી સંપત્તિને લઈને ઈન્કમ ટેક્સ એક્ટ શું કહે છે અને તેની માહિતી ન આપવા બદલ દંડની શું જોગવાઈ છે, તેની સંપૂર્ણ વિગતો જાણીશું.




વિદેશમાં આવક મેળવતા અથવા સંપત્તિ ધરાવતા રેસિડેન્ટ કે ઓર્ડિનરી રેસિડેન્ટ (ROR)એ પોતાનું રિટર્ન ફાઈલ કરવા માટે ITR-2 ફોર્મનો ઉપયોગ કરવો પડશે.

જોકે, તેમની પાસે કોઈ બિઝનેસ કે પ્રોફેશન દ્વારા આવક ન હોવી જોઈએ. આવા કરદાતાઓએ 'શેડ્યૂલ એફએ'દ્વારા પોતાની વિદેશી સંપત્તિની વિગતો આપવાની રહેશે. બીજી તરફ જે લોકો વિદેશમાં સંપત્તિ ધરાવે છે અને તેમને બિઝનેસ કે પ્રોફેશનથી પણ આવક થાય છે, તેમણે ITR-3 ફોર્મ દ્વારા પોતાનું રિટર્ન ફાઈલ કરવાનું રહેશે.

બ્લેક મની (અઘોષિત વિદેશી આવક અને સંપત્તિ) અને ટેક્સને લગતા કાયદા (BMA) જેવા ટેક્સ ચોરી રોકતા કડક કાયદાઓને કારણે વિદેશી સંપત્તિની માહિતી આપવી જરૂરી છે. કરદાતાઓએ પોતાનું રિટર્ન સબમિટ કરતા પહેલાં પોતાના નાણાકીય રેકોર્ડ્સને મેચ કરી લેવા જોઈએ. સાવચેતીપૂર્વક વિગતો ભરવાથી નોટિસ, દંડ અને લાંબી તપાસની પ્રક્રિયાથી બચી શકાય છે.

વિદેશમાં સંપત્તિ ધરાવતા કરદાતાઓએ ડબલ ટેક્સેશનથી બચવા માટે ફોરેન ટેક્સ ક્રેડિટ (FTC)નો દાવો કરવો જોઈએ. જોકે, આવા મામલામાં મળનારી રાહત અને તેનું પ્રમાણ ભારતે જે-તે દેશ સાથે કરેલી ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટ (DTAA)ની શરતો પર અથવા જ્યાં DTAA નથી ત્યાં એકતરફી રાહત સાથે સબંધિત નિયમો પર આધાર રાખે છે.

વિદેશી આવકને ITR-2 ના સંબંધિત શિડ્યૂલમાં દર્શાવવી જોઈએ અને યોગ્ય ફોરેન ટેક્સ ક્રેડિટનો દાવો કરવા માટે ચૂકવવામાં આવેલા વિદેશી ટેક્સની માહિતી શિડ્યૂલ ટીઆર (ટેક્સ રિલીફ)માં આપવી પડશે.

આવકવેરાના નિયમો પ્રમાણે ભારતમાં રહેતા લોકો માટે તેમના ITRમાં વિદેશી આવક અને વિદેશી સંપત્તિની સંપૂર્ણ વિગતો આપવી ફરજિયાત છે. આમાં વિદેશી બેન્ક ખાતા, શેર, વિદેશી રિટાયરમેન્ટ એકાઉન્ટ અને એમ્પ્લોયી સ્ટોક ઓનરશિપ પ્લાન (ESOP) સામેલ છે.

જો કરદાતા આવી સંપત્તિની માહિતી આપવામાં કોઈ પણ ચૂક કરે છે તો ભલે તેના પર કોઈ ટેક્સ ન બનતો હોય, તો પણ 10 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

ભારતમાં ITRમાં આપવામાં આવતી માહિતી સામાન્ય રીતે એપ્રિલથી માર્ચના સમયગાળા દરમિયાનની આવક સાથે જોડાયેલી હોય છે. પરંતુ વિદેશી સંપત્તિની વિગતો કેલેન્ડર વર્ષના હિસાબે આપવાની રહે છે. આનું કારણ એ છે કે મોટાભાગના અન્ય દેશો નાણાકીય વર્ષ તરીકે કેલેન્ડર વર્ષનું પાલન કરે છે.

આકારણી વર્ષ 2026-27ના ITRમાં જાન્યુઆરી 2025થી ડિસેમ્બર 2025 સુધીની આવક અથવા સંપત્તિની વિગતો આપવાની રહેશે.

## સોના તેમજ ચાંદીની ટેરીફ વેલ્યુ ઘટતાં ઈફેક્ટીવ ઈમ્પોર્ટ ડ્યુટીમાં થયેલો ઘટાડો

મુંબઈ, તા.05

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોનાના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા જ્યારે ચાંદીના ભાવમાં આગેકૂચ ચાલુ રહી હતી. વિશ્વબજારમાં હવામાન મિશ્ર હતું. દરમિયાન, ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાયા હતા.



દેશમાં આયાત થતા સોના-ચાંદીની ઈમ્પોર્ટ ડ્યુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે જુલાઈ માટે નોંધપાત્ર ઘટાડો કરતાં કિંમતી ધાતુઓની ઈફેક્ટીવ ઈમ્પોર્ટ ડ્યુટીમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. આવી ટેરીફ વેલ્યુ સોનામાં ૧૦ ગ્રામના ડોલરના સંદર્ભમાં ૧૩૪૮થી ઘટી ૧૨૯૭ ડોલર કરાઈ છે જ્યારે ચાંદીમાં કિલોના ૨૧૭૫થી ઘટી ૧૮૭૫ ડોલર કરાઈ હોવાના સમાચાર મળ્યા હતા.

વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૪૧૭૯થી ૪૧૮૦ વાળા નીચામાં ભાવ ૪૧૬૬થી ૪૧૬૭ ડોલર થઈ ૪૧૭૬થી ૪૧૭૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૬૨.૩૫થી ૬૨.૩૬ વાળા નીચામાં ભાવ ૬૨.૧૬થી ૬૨.૧૭ થઈ ૬૨.૪૧થી ૬૨.૪૨ ડોલર છેલ્લે સપ્તાહના અંતે રહ્યા હતા.

દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ બજારમાં સોનાના ભાવ આજે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૯૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૦૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૨૩૫૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૧.૬૭ વાલા ૭૨.૪૯ થઈ ૭૨.૧૨ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રુડના ભાવ ૬૮.૪૧ વાળા વધી ૬૯.૨૬ થઈ ૬૮.૭૮ ડોલર રહ્યા હતા.

ભારતમાં ક્રૂડની આયાત વધતાં ક્રૂડનો સ્ટોક વધી ૧૨ મહિનાની ટોચે પહોંચ્યાના વાવડ હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૩૫૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૫૪૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૬૦૦૦ બોલાઈ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૫૦ વધી રૂ.૨૩૪૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ૧૬૪૪ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ૭ ડોલર ઘટી ૧૨૭૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૦.૮૯ ટકા પ્લસમાં રહ્યા હતા.

આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૫.૨૨ વાળા રૂ.૯૫.૨૭થી ૯૫.૨૮ બોલાઈ રહ્યા હતા. વિશ્વબજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૧૦૦.૬૦ તથા ઉંચામાં ૧૦૦.૯૯ થઈ ૧૦૦.૮૮ છેલ્લે બોલાઈ રહ્યો હતો.

# વસ્ત્રાપુરમાં રોડ બેસી જતા સગાઈમાં વિઘ્ન: ઘરની બહાર જ મંડપની નીચે ખાડેખાડા

## શહેરમાં સરેરાશ દોઢ ઈંચ વરસાદે મનપાના ધજાગરા ઉડ્યા, જાણો ક્યાં કેવી સ્થિતિ





**અમદાવાદ, તા.05**

અમદાવાદ શહેરમાં મોડી રાત્રે ભારે વરસાદ પડ્યો. જેના કારણે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. રાત્રે 12થી 2 વાગ્યા સુધી સરેરાશ એક ઈંચ વરસાદ ખાબક્યો હતો. સૌથી વધારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં ઓગણજમાં 4 ઈંચ વરસાદ પડ્યો હતો. રાત્રે પડેલા ભારે વરસાદના કારણે અખબારનગર, મીઠાખળી અને મકરબા અંડરપાસ બંધ કરવા પડ્યા હતા. ત્રણેય અંડરપાસમાંથી પાણી દૂર કરતાં ચાર કલાકનો સમય લાગ્યો હતો અને સવારે 7 વાગ્યા બાદ અંડરપાસ શરૂ કરવામાં આવ્યા હતા. અનેક વિસ્તારોમાં રોડ બેસી જવાની અને વરસાદી પાણી ભરાવાની અને ગટરના પાણી બેક મારવાની ઘટનાઓ સામે આવી છે.જેનાથી મહાનગરાપાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખુલી છે.

શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં NFD સર્કલ પાસે ડ્રેનેજ લાઈન અને રોડ બેસી ગયો છે. જેના કારણે ચાર રસ્તા પાસે આવેલા કાચા મકાનોમાં રહેતા એક પરિવારના ઘરે સગાઈનો પ્રસંગ હતો. જેના ઘરની બહાર રોડ બેસી જવાથી સગાઈ પ્રસંગમા તકલીફ પડી હતી.

શહેરમાં ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ વરસાદી પાણી ભરાયા હતા. રાત્રે પડેલા વરસાદથી વહેલી સવાર સુધી વરસાદી પાણી ભરાયેલા રહ્યા હતા. શહેરના ચાંદલોડિયા વંદેમાતરમ વિસ્તારમાં આવેલા વૃંદાવન હાઈટ્સથી સેવી સ્વરાજ તરફ જવાનો રોડ આખો તૂટી ગયેલો જોવા મળ્યો છે. વાહન ચાલકોના કમરના મણકા તૂટી જાય એવી સ્થિતિ રોડ પર જોવા મળી રહી છે. ચોમાસા પહેલાં રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા માત્ર એક જ તરફનો રોડ બનાવવામાં આવ્યો છે બીજી તરફનો રોડ ન બનાવવામાં આવતા લોકોને હાલાકી પડી રહી છે. શહેરના વિજય ચાર રસ્તાથી લઈને હેલ્મેટ સર્કલ તરફ જવાના રોડ ઉપર રોડ બેસી જવાની ઘટના બની છે. રોડ નીચેથી પસાર થતી ડ્રેનેજ લાઈનના મેઈન હૉલની આજુબાજુમાં રોડ બેસી ગયો હતો. જેથી ગમે ત્યારે રોડ પર ભુવો પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા યોગ્ય રીતે બેરીકેટિંગ કરવામાં આવ્યું નથી.

શહેરમાં વરસાદના કારણે સ્ટ્રીટ લાઈટમાં કરંટ લાગવાના બનાવો સામે આવતા હોય છે, ત્યારે ચાંદખેડા વિસ્તારમાં સારથી બંગલોઝ ગોકુલધામ સ્ટ્રીટલાઈટ થાંભલાના કારણે એક વ્યક્તિને કરંટ લાગ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ત્યાં પહોંચી હતી. જોકે તેની પહેલા એક વ્યક્તિને કરંટ લાગ્યો હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સૈજપુર વિસ્તારમાં બંગલા એરિયા મુખ્ય રોડ પર ગાબડું પડી ગયું હતું. જેમાં 1 મહિલા ફસાઈ હતી. ફાયર બ્રિગેડ દ્વારા મહિલાને તાત્કાલિક બહાર કાઢી અને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યારે દૂધેશ્વર વિસ્તારમાં મહાકાળી મંદિર પાસે એક દીવાલ પડી હતી અને નાના ચિલોડાના નોબલ નગર પાસે આવેલી આંગન સોસાયટીમાં પણ દિવાલ પડી હતી. જોકે દિવાલ પડવાની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

રાણીપમાં પોણા ત્રણ ઈંચ જ્યારે ગોતા, ચાંદલોડિયા, સાયન્સ સીટી, ચાંદખેડા, જગતપુર, સરખેજ, જોધપુર, બોપલ, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં બે ઈંચ વરસાદ પડ્યો હતો. વાસણા, નવરંગપુરા, આશ્રમરોડ, પાલડી સહિતના વિસ્તારોમાં પણ એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.

જ્યારે પૂર્વ વિસ્તારમાં અસારવા, મેમકો, જમાલપુર, દરીયાપુર, નરોડા, સરદારનગર, એરપોર્ટ, મણીનગર વટવા, ઈન્દ્રપુરી, લાંભા, રામોલ, હાથીજણ, કઠવાડા, વસ્ત્રાલ, ઓઢવ, દૂધેશ્વર, કાલુપુર અને હંસપુરા જેવા વિસ્તારોમાં એક ઈંચ વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ વરસાદી પાણી ભરાઈ ગયા હતા.

વિજય ચાર રસ્તાથી હેલમેટ સર્કલ તરફ જવાના રોડ પર ડ્રેનેજના ઢાંકણાની આસપાસનો રોડ બેસી ગયો, જેના કારણે ગમે ત્યારે ભુવો પડે તેવી સ્થિતિ.

ડીકેબીન અંડર પાસ પાસે ચંદ્રભાગાનાળાની કામગીરી થઈ રહી છે. યોગ્ય રીતે બેરીકેટિંગ કરવામાં આવ્યું નથી. રોડની એકદમ બાજુમાં 60થી 70 ફૂટ મોટો ખાડો ખોદવામાં આવે છે. અને તેમાં પાણી ભરાઈ ગયું છે જો કોઈ ખાડામાં પડી જાય તો પણ ધ્યાન ના રહે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે.

એસજી હાઈવે પર નિરમા યુનિવર્સિટીની પાછળ ત્રાગડ રોડ પર નવી બનતી સાઈટની બાજુમાં રોડ ઉપર વરસાદી પાણી ભરાઈ ગયા છે. રાત્રે પડેલા વરસાદના બંધ થયાના આઠ કલાક બાદ પણ વરસાદી પાણી ઉતર્યાં નથી.

ત્રાગડ રોડ પર ગણેશ ચોકથી ઉમા ભવાની તરફ જવાના રોડ ઉપર વરસાદી પાણી હજી ભરાયેલા છે જેનો નિકાલ કરવામાં આવ્યો નથી.

ચાંદલોડિયા સેવી સ્વરાજ ક્લબની બહાર જ પાણી ભરાયા છે. એક પિતાને બાળક લઈ જતા સમયે વરસાદી પાણીમાંથી પસાર થવું પડ્યું.

કાળીગામ અંડરપાસમાં શહેરની સ્વચ્છતાની પોલ ખુલ્લી છે. આખું ઘરનાળુ ડ્રેનેજના પાણી અને ગંદકીથી ભરાઈ ગયું છે. જેના કારણે વાહન ચાલકોને ગંદકીમાંથી વાહનો પસાર કરવા પડે છે.

ન્યૂ રાણીપ વિસ્તારમાં શિવ દર્શન પાર્ક સોસાયટી બહાર રોડ બેસી ગયો છે.

ચાંદલોડિયા વિસ્તારમાં SBI બેન્ક વંદે માતરમ બ્રાન્ચની બહાર રોડ ઉપર ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે. ગટર બેક મારવાના કારણે પાણી બહાર જઈ રહ્યું છે.

## ભાજપના કોર્પોરેટરના નામે દારૂની મહેફીલનો વીડિયો વાઈરલ: પોલીસે તપાસ શરૂ કરી

**અમદાવાદ, તા.05**

અમદાવાદના સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર દારૂની કથિત મહેફીલમાં હાજર હોવાના આક્ષેપ સાથેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ તયો છે. આ મામલે સરદારનગર પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ કોર્પોરેટર દ્વારા પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, તેના દ્વારા કોઈ પાર્ટીનું આયોજન કરાયું નહોતું અને તે વીડિયોમાં ક્યાંય દેખાતા નથી. કોર્પોરેટરે આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. સરદારનગર પોલીસ સ્ટેશનના PI એસ.એ. ગોહિલે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટરની દારૂની મહેફિલના નામથી એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલો જોવા મળ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં વીડિયોમાં દારૂની મેફીલ હતી કે નહીં અને કોર્પોરેટર હાજર છે કે નહીં તેની કોઈ સ્પષ્ટતા થતી નથી. કોર્પોરેટરના નામથી વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે ત્યારે દારૂની કોઈ મહેફીલ હતી કે નહીં અને કોર્પોરેટર હાજર હતા કે નહીં તેને લઈને તપાસ કરવામાં આવશે. શહેરના સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર સન્ની ખાનચંદાણીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મારા નામથી દારૂની મહેફિલ હોવા અંગેનો એક વીડિયો જે વાઈરલ કરવામાં આવ્યો છે તેમાં હું ક્યાંય દેખાતો નથી અને આવી કોઈ મેં પાર્ટી કરી નથી. મારા નામથી દારૂની પાર્ટીનો જે વીડિયો વાઈરલ કરવામાં આવ્યો છે તે બાબતે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં પણ ફરિયાદ આપવાની તૈયારી કરી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં સરદારનગર વોર્ડથી કોર્પોરેટર તરીકે બીજી વખત ચૂંટાયેલા અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય સન્ની ખાનચંદાણીનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં વીડિયોમાં એક વ્યક્તિનો વીડિયો ઉતારવામાં આવ્યો છે અને તેના હાથમાં કોઈ બોટલ જેવી વસ્તુ દેખાય છે. પરંતુ વીડિયોમાં કોઈ સ્પષ્ટ મોઢું કે શેની બોટલ હતી તે દેખાતું નથી અને સિંધી ભાષામાં કંઈ બોલી રહ્યા હોય તેવું જોવા મળ્યું છે. સન્ની ખાનચંદાણીના જન્મદિવસની પાર્ટી હોવાના નામથી આ વીડિયો વાઈરલ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે પોલીસ પણ તપાસ કરી રહી છે અને કોર્પોરેટર પણ સાયબર ક્રાઈમમાં આ વીડિયો વાઈરલ કરવા મામલે ફરિયાદની તૈયારી કરી છે.

## પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક કાલથી 3 દિવસ ગુજરાતમાં: 2027ની ચૂંટણી પહેલા સંગઠન મજબૂત કરશે, સૌરાષ્ટ્રમાં જિલ્લા પ્રમુખો અને કાર્યકરો સાથે સંવાદ અને બેઠકો કરશે

**અમદાવાદ, તા.05**

ગુજરાત કોંગ્રેસને સંગઠનાત્મક રીતે વધુ મજબૂત બનાવવા AICCના મહાસચિવ, ગુજરાતના પ્રભારી અને રાજ્યસભા સાંસદ મુકુલ વાસનિક 8થી 10 જુલાઈ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિઓ સાથે સંગઠનને મજબૂત કરવા સમીક્ષા બેઠક કરવાના છે. તેમજ કાર્યકરો સાથે સીધો સંવાદ કરી આગામી વ્યૂહરચના પર ચર્ચા કરીને નવા સંગઠનની રચના કરવામાં આવશે. આગામી 2027ની વિધાનસભા ચૂંટણી માટે સ્થાનિક સ્તરે સંગઠનને મજબૂત કરવા માટેનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી ચૂંટણીમાં સતત પરાજયનો સામનો કરી રહેલી કોંગ્રેસ હવે સંગઠનને નવેસરથી મજબૂત બનાવવાના પ્રયાસમાં લાગી ગઈ છે. તે જ દિશામાં અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના મહાસચિવ, ગુજરાત પ્રભારી અને રાજ્યસભા સાંસદ મુકુલ વાસનિક



8થી 10 જુલાઈ દરમિયાન ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ત્રણ દિવસ સુધી મુકુલ વાસનિક સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પ્રવાસ કરવાના છે. જ્યાં સંગઠનના હોદ્દેદારો સાથે અને કાર્યકર્તાઓ સાથે પણ બેઠક કરવાના છે. સંગઠનને મજબૂત કરવા અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નિષ્ક્રિય રહેલા નેતાઓને પદ પરથી દૂર કરવા બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક રાજકોટ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, બોટાદ, ભાવનગર, મોરબી અને અમરેલી સહિતના જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિઓ સાથે સંગઠનાત્મક સમીક્ષા બેઠક યોજાશે. દરેક જિલ્લામાં જિલ્લા અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરો સાથે સીધો સંવાદ કરીને સંગઠનની સ્થિતિ, પડકારો અને આગામી કાર્યક્રમોની ચર્ચા બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. આ પ્રવાસને માત્ર ઔપચારિક બેઠક નહીં પરંતુ સંગઠનને સક્રિય અને મજબૂત કરવા માટે કરવામાં આવી રહ્યો છે. તેમજ સૌરાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ધાર્યું પરિણામ મળ્યું નથી. જેથી સ્વરાજ્યની ચૂંટણીના પરિણામની સમીક્ષા બેઠકમાં શહેર અને જિલ્લા પ્રમુખો પાસેથી નિષ્ક્રિય નેતાઓના નામ પ્રદેશ સંગઠન દ્વારા લેવામાં આવ્યા હતા. જેથી હવે પ્રદેશ પ્રભારીની ઉપસ્થિતિમાં નિષ્ક્રિય નેતાઓને લઈ ચર્ચા કરવામાં આવશે. તેમજ બેઠક બાદ ચૂંટણીમાં નિષ્ક્રિય રહેલા નેતાઓને પદ પરથી દૂર કરીને નવા સંગઠનની પણ રચના કરવામાં આવી શકે છે.

## ધારાસભ્ય દિનેશ કુશવાહના બોલ પર કમિશનર ગેહલોતે સિક્સ મારી

### જગન્નાથ મંદિરના મહંતે પણ બેટિંગ કરી, રથયાત્રાને લઈને પોલીસની એકતા ક્રિકેટ કપ શરૂ

**અમદાવાદ, તા.05**

અમદાવાદમાં આગામી રથયાત્રા યોજાવવાની છે તે અગાઉ પોલીસ દ્વારા અલગ અલગ પ્રવૃતિઓ કરાવવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદ શહેર પોલીસ દ્વારા એકતા ક્રિકેટ કપ શરૂ કરવાના આવી છે. જેનું ઉદ્ઘાટન પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરે આવતા જ બેટિંગ કરી હતી. ધારાસભ્યએ બોલ નાખ્યા પોલીસ કમિશનરે સિક્સ મારી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ રથયાત્રા અગાઉ અમદાવાદ શહેર પોલીસ



દ્વારા એકતા ક્રિકેટ કપનું સરસપુરના બોમ્બે હાઉસિંગમાં આયોજન કરવામાં આવ્યું છે. ક્રિકેટ મેચનું પોલીસ કમિશનર દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં જગન્નાથ મંદિરના મહંત, ધારાસભ્ય દિનેશ કુશવાહ, સેક્ટર 1 જેસીપી, ઝોન 3 ડીસીપી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત નાગરિકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ક્રિકેટ મેચની શરૂઆતમાં નવા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે બેટિંગ કરી હતી. ધારાસભ્ય દિનેશ કુશવાહે બોલિંગ કરી હતી. ધારાસભ્યના બોલ પર પોલીસ કમિશનરે એક બાદ એક સિક્સ મારી હતી. આ ઉપરાંત પોલીસ કમિશનરે બોલિંગ પણ કરી હતી અને મહંતે બેટિંગ કરી હતી. આ ક્રિકેટ કપનું આયોજન કોમી એખલાસ અને યુવાનોમાં રમતગમતની ભાવના વધારવા માટે કરવાના આવે છે. આ કપમાં હિન્દુ મુસ્લિમ સહિત તમામ સમાજના યુવાનોને એક મંચ પર લાવવામાં આવે છે. લગભગ 7 દિવસ કપ મેચ ચાલ્યા બાદ વિજેતા ટીમને પોલીસ અધિકારી અને મંદિરના મહંત દ્વારા કપ પણ આપવામાં આવશે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

